परमगुरुशास्त्रविशारद-जैनाचार्य श्रीविजयधर्मसूरिवरेभ्यो नमः

# ઐતિહાસિક-સજ્ઝાયમાળા.

## ભાગ ૧ લો.

સંશોધક—

શ્રીવિદ્યાવિજય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ अर्हम् ॥

# ઐતિહાસિક-સજ્ઝાયમાલા.

## ( ભાગ-પહેલો. )

સંશોધક:—

શાસ્ત્રવિશારદ-જૈનાચાર્ય શ્રીવિજયધર્મસૂરિચરણોપાસક

મુનિરાજ શ્રીવિદ્યાવિજય.

પ્રકાશક

ઘોઘાનિવાસી મર્હૂમ દોસી કર્મચંદ વીરચંદના

ધર્મપત્ની બાઈ રામબાઈની

સહાયતાથી

શ્રીયશોવિજય જૈનગ્રંથમાળા-વ્યવસ્થાપકમંડળ

તરફથી

શેઠ પ્રેમચંદ રતનજી

ભાવનગર.

વીર સં. ૨૪૪૩ સં. ૧૯૭૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ ટાઇટલ, પ્રસ્તાવના અને પરિચય પેજ ૧ થી ૩૬ સુધી અરૂણોદય પ્રેસ-અમરેલીમાં ધારશી ડાહ્યાભાઇએ છાપ્યું અને સજ્ઝાયોનાં પૃ. ૧ થી ૯૬ સુધી આનંદ પ્રેસ-ભાવનગરમાં શા. ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું. તા. ૫-૯-૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ अर्हम् ॥

श्रीविजयधर्मसूरिवरेभ्यो नमः।

# પ્રસ્તાવના.

જો કે, આ એક સજ્ઝાયોનું પુસ્તક હોવા છતાં, હેને ઐતિહાસિક પુસ્તક રૂપે ઓળખાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે; તોપણ, વર્તમાન જમાનામાં કેટલાકો તરફથી બ્હાર પડતાં ઐતિહાસિક પુસ્તકોમાં, જ્હેમ અનુપયોગી બાબતોનો સમાવેશ કરી કરીને પ્રસ્તાવનાનો મ્હોટો આડંબર કરવામાં આવે છે, તેમ, આમાં કરવાની હું રત્તીભર પણ ઇચ્છા રાખતો નથી. પરન્તુ હેની સાથે, આ પુસ્તકને લગતી જરૂરી બાબતોનો ઊહાપોહ કરવાના એક સંશોધક તરીકેના મ્હારા કર્તવ્યને ભૂલીશ પણ નહિં.

કહેવાની આવશ્યકતા છેજ નહિં, કે આ પુસ્તકમાં કેટલાક આચાર્યો અને ઉપાધ્યાયોની, સજ્ઝાયો, ભાસ અને ગીત રૂપે બનાવેલી, સ્તુતિયોનો સમાવેશ કરવામાં આવ્યો છે. હેમાં અધિક ભાગ સજ્ઝાયોનોજ હોવાથી, અને તે પણ ઐતિહાસિક દૃષ્ટિએ રચાએલી હોવાથી આ પુસ્તકનું નામ '**ઐતિહાસિક સજ્ઝાયમાળા**,' રાખવું ઉચિત સમજવામાં આવ્યું છે. આવી સજ્ઝાયો કે સ્તુતિયો બનાવાનો રિવાજ, થોડા વખતથી નહિં, પરન્તુ ચિરકાલથી ચાલ્યો આવે છે. જુદા જુદા સમયમાં થયેલા જુદી જુદી ભાષાઓના કવિયો, આદર્શપુરૂષોની સ્તુતિયો—સજ્ઝાયો બનાવતાજ આવ્યા છે. આવી સ્તુતિયો અને સજ્ઝાયો, કોઇ કોઇ વાર ગહન અને ગુંચવણુવાળી બાબતોનું સ્પષ્ટીકરણ કરવામાં પણ સહાયભૂત થઇ જાય છે. બલ્કે, હેમાંથી એવી અપૂર્વ હકીકત પણ કોઇ વાર મળી આવે છે, કે જે હકીકત ઐતિહાસિક મ્હોટા મ્હોટા ગ્રંથોનાં પાનાંને પાનાં ઉથલાવવાથી મળી આવતી નથી. આ વિષયનું હું એકજ દૃષ્ટાન્ત આપીશ—

થોડા વખત ઉપર અમારે **મુનિચંદ્રસૂરિની** નિર્વાણતિથિ જાણવાની ખાસ જરૂર પડી હતી. અને હેને માટે ઘણી શોધ કરવા છતાં પણ નિષ્ફ-

**नम्र सूचन**
इस ग्रन्थ के अभ्यास का कार्य पूर्ण होते ही नियत
समयावधि में शीघ्र वापस करने की कृपा करें.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ળજ નિવડવું પડયું હતું. પરન્તુ હમણાં અકસ્માત્ મુનિચંદ્રસૂરિના શિષ્ય **વાદિદેવસૂરિએ** બનાવેલ મુનિચંદ્રનિર્વાણસ્તુતિ, કે જહે પ્રાકૃતમાં છે અને જહેની ૫૫ ગાથાઓ છે, પ્રાપ્ત થતાં ત્હેમાંથી સ્પષ્ટ જણાઇ આવ્યું કે—'મુનિચંદ્રસૂરિનો નિર્વાણ, સં. ૧૧૭૮ ના કાર્ત્તિક વદિ પંચમીએ થયો હતો.'

કહેવાની મતલબ કે—આવી સજ્ઝાયો, સ્તુતિયો, ગીતો અને ભાસો વિગેરે પણ ઇતિહાસમાં વખતે ઉપયોગી થઇ પડે છે. જો કે આવી સ્તુતિયો રૂપે બનાવેલી સજ્ઝાયો વિગેરેનો તમામ ભાગ—અક્ષરે અક્ષર ઇતિહાસને લગતો નથી હોતો, તોપણ ત્હેમાંનું કેટલુંક વૃત્તાન્ત ઇતિહાસોપયોગી હોવાથી આવી કૃતિયોને પણ ઇતિહાસના અંગ તરીકે ગણવી જોઇએ, એટલુંજ નહિં, પરન્તુ ત્હેમાંથી એવી ઐતિહાસિક બાબતોને તારવી કાઢવાની પણ જરૂર છે કે, જહે બાબતો બૃહદ્ ઇતિહાસના લખનારને આશિર્વાદ રૂપ થઇ પડે. બસ, આ સંગ્રહને તૈયાર કરવામાં પણ જો કોઇ લક્ષ્યબિંદુ હોય, તો તે આ એકજ છે:

આ સજ્ઝાયમાળામાં આપેલી સજ્ઝાયોની ભાષા, જો કે મુખ્યત્વે જૂની ગુજરાતી છે, તોપણ જુદા જુદા કવિયોએ જુદા જુદા સમયમાં બનાવેલી હોવાથી ભાષાની દૃષ્ટિએ કંઇક ભિન્નતા જોઇ શકાય છે ખરી. ત્હેમાં ખાસ કરીને ૨૪, ૨૭, ૨૮, ૨૯ અને ૩૦ નંબરની સ્તુતિયો ભાષાની દૃષ્ટિથી વાંચનારનું વધારે ધ્યાન ખેંચનારી છે. આ પાંચે સ્તુતિયો **વ્રજભાષામાં** રચાયેલી છે. જહેમાં ૨૪ નંબરની **અજબસાગરની** બનાવેલી છે, અને બાકીની ચાર **શ્રીહેમવિજયગણિની** કૃતિયો છે. આ હેમવિજયગણિ તેજ છે, કે જેઓ **હીરવિજયસૂરિની** સાથે ફતેપુર—સીકરી ગયા હતા. તેઓ એક સારા કવિ તરીકે થઇ ગયા છે. ત્હેમની કવિત્વશક્તિની પ્રશંસા પ્રસિદ્ધ કવિ **શ્રીઋષભદાસે** પણ કરી છે. સંભવ છે, ત્હેમની આ સિવાય બીજી પણ **વ્રજભાષાની** કવિતાઓ હોય.

આ સજ્ઝાયમાળામાં જુદા જુદા આચાર્યો અને ઉપાધ્યાયોની સ્વતંત્ર સજ્ઝાયો હોવા ઉપરાન્ત પાંચ કૃતિયો જુદા જુદા વિષયોની પણ છે. જહેના નંબરો ૨૫—૩૧—૩૮—૪૭ અને ૫૦ છે. આ પૈકી ૨૯ નંબરની સ્તુતિ **નેમનાથની** સ્તુતિ છે. જો કે, આ ઐતિહાસિક સજ્ઝાયમાળામાં નેમનાથની સ્તુતિ આપવાની કાંઇ આવશ્યકતા ન્હોતી, પરન્તુ **હેમવિજયગણિએ** વ્રજભાષામાં બનાવેલી આચાર્યોની સ્તુતિયોની અંતર્ગતજ તે હોવાથી ત્હેને અલગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવાનું કાર્ય ઉચિત નથી જણાયું. બાકીની ૩૧-૩૮-૪૭ અને ૫૦ નંબરની કૃતિયો તો ખાસ કરીને ઐતિહાસિકજ છે.

સજ્ઝાયોના અનુક્રમના સબંધમાં એક ખુલાસો આવશ્યક છે, અને તે એ છે કે—જો કે, પહેલાં, આચાર્યોના સમય ઉપર લક્ષ્ય રાખીને સજ્ઝાયો અનુક્રમથી આપવા વિચાર કર્યો હતો, પરન્તુ પાછળથી કેટલીક નવી નવી અને ઉપયોગી સજ્ઝાયો પ્રાપ્ત થવાથી તે અનુક્રમનો ભંગ કરી જહેમ જહેમ મળતી ગઇ, તેમ તેમ આપવામાં આવી, અને તેથી ધારેલો ક્રમ બરાબર જળવાઇ શકાયો નથી.

સજ્ઝાયોના સબંધમાં આટલું કહ્યા પછી, આમાં આપેલા 'પરિચય'ના સબંધમાં કંઇક ખુલાસો કરવો જરૂરનો છે.

એમ તો કહેવુંજ પડશે કે—આ સજ્ઝાયમાળામાં સજ્ઝાયોના નાયકો સંબંધી આપેલો ટૂંકો, પરન્તુ જરૂરનો પરિચય, આ પુસ્તકની ઐતિહાસિક વિષયની ઉપયોગિતામાં સૌથી વધારે ભાગ ભજવશે. આ પરિચય, સજ્ઝાયોના આધારે નહિં, પરન્તુ બીજાં ઘણ ... સ્તકોના આધારથી ... વામાં આવેલ છે. એમ કરવામાં પ્રધાન બે કારણો ... ાં. સૌથી પહેલું ... પે હતું કે, સજ્ઝાયોમાંથી જોઇએ તેટલું જરૂરનું પણ ઐતિહાસિક વૃત્તાન્ત મળી શકે તેમ ન્હોતું, અને બીજું કારણ એ હતું, કે—સજ્ઝાયોમાં કોઇ કોઇ સ્થળે સંવતો વિગેરેમાં ભૂલો પણ થયેલી છે. દાખલા તરીકે—

સજ્ઝાય નં. ૨૫, કડી ૩, માહ સુદિ ૫ લખી છે, જોઇએ ભાદરવા સુદિ ૮.
" " ૩૫, " ૪, માતાનું નામ **લાડિમદે** લખ્યું છે, જોઇએ **રૂપાઈ**.
" " ૩૮, " ૫, પાંચમી પાટે **યશોભદ્ર**નું નામ આપી જે વૃત્તાન્ત લખ્યું છે, તે ઠીક નથી. તે વૃત્તાન્ત તો ખંડેરક ગચ્છમાં થયેલ યશોભદ્રસૂરિને લાગુ પડે છે.
" " ૩૮, " ૩૨, ' દસ અઠસઇ ઉપરિ ચાર ' આની મતલબજ નથી સમજાતી. અહિં સંવત્ ૧૪૭૯ જોઇએ.
" " ૩૮, " ૨૫, **મુનિચંદ્રસૂરિ** નામ લખ્યું છે, જોઇએ **મુનિરત્નસૂરિ**.

વિગેરે વિગેરે. એટલા માટેજ **પરિચય**માં આપેલી હકીકતોનો નિર્ણય કરવામાં નિમ્નલિખિત પુસ્તકોની પણ સહાયતા લેવામાં આવેલી છે:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧ હીરસૌભાગ્યકાવ્ય
૨ સોમસૌભાગ્યકાવ્ય
૩ વિજયપ્રશસ્તિકાવ્ય
૪ જૈનરાસમાળા ભાગ ૧
૫ જગદ્ગુરૂ કાવ્ય
૬ કૃપારસકોશ
૭ ગુર્વાવલી
૮ દેવકુલપાટક
૯ ઐતિહાસિકરાસ સંગ્રહ ભા. ૧.
૧૦ ,, ,, ,, ભા. ૩.
૧૧ ,, ,, ,, ભા. ૪.
( વિજયતિલકસૂરિ રાસ )
૧૨ તપાગચ્છના આચાર્યોની નોટ સંગ્રહ. (પરમગુરૂ આચાર્ય મહારાજશ્રી-સંગૃહીત )
૧૩ જૈનશાસનનો દીવાળીનો અંક
૧૪ કોનફરન્સહરૅલ્ડનો સાહિત્ય અંક
૧૫ હીરવિજયસૂરિરાસ
૧૬ રવિવર્ધનની તપાગચ્છપટ્ટાવલી ( સંસ્કૃત )
૧૭ લાભોદયરાસ
૧૮ પટ્ટોત્સવરાસ
૧૯ વિજયરત્નસૂરિનિર્વાણરાસ
૨૦ તપાગચ્છ ગુર્વાવલી. વિનયવિ ઉ. ની ભાષાની.

(૧૭–૨૦) આ ચાર પ્રતિયો ભાવનગરના શેઠ પ્રેમચંદ રત્નજી-ના પુસ્તકસંગ્રહમાંની છે.

૨૧ ડૉ. વી. એ. સ્મીથનો The Jain Teachers of Akbar નામનો લેખ.
૨૨ બદાઉનીની muntakhabu-t-tawarikh.

છેવટ—ઇતિહાસતત્ત્વમહોદધિ ઉપાધ્યાયજી શ્રીઇંદ્રવિજયજી મહારાજશ્રીનો ઉપકાર માનતાં મ્હારે સ્પષ્ટરીત્યા જણાવવું જોઇએ છે કે–તેઓશ્રીની સંપૂર્ણ સહાયતાથીજ આ પુસ્તકનું સંશોધન હું કરી શકયો છું. અતએવ આ પુસ્તક સંબંધી સર્વાધિકશ્રેય તેઓશ્રીનેજ છે.

અમરેલી—( કાઠીયાવાડ )
બીજા ભાદરવા સુદિ ૧૧ મંગળવાર.
વીર સં- ૨૪૪૩

} વિદ્યાવિજય.

# પરિચય.

( ૧ )

## શ્રીઆણંદવિમલસૂરિ.

( આ આચાર્યની ૧ અને ૫૧ નંબરની એમ બે સજઝાયો છે. )

આ આચાર્યશ્રીનો જન્મ સં. ૧૫૪૭ માં, **ઈડરમાં** થયો હતો. મૂલનામ **આણંદજી** હતું. ત્હેમના પિતાનું નામ **મેઘજી** હતું કે જેઓ ઓશવાળ હતા. માતાનું નામ હતું **માણેકદે**. પાંચ વર્ષની ન્હાની ઉમ્મરમાં એટલે સં. ૧૫૫૨ માં ત્હેમણે **શ્રીહેમવિમલસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. ત્હેમને સં. ૧૫૬૮ માં **ઉપાધ્યાય** પદવી મળી હતી, અને ૧૫૭૦ માં **સૂરિપદ** મળ્યું હતું.

દીક્ષા લીધા પછી ન્હાની ઉમ્મરમાંજ ત્હેમણે સારો અભ્યાસ કરી લીધો હતો. ત્હેમનામાં વિનયાદિ ગુણો અને વૈરાગ્ય ઉચ્ચ કોટિનાં હતાં. ત્હેમના વખતનો જમાનો એક વિચિત્ર પ્રકારનો હતો. એક તરફ પ્રતિમાના ઉત્થાપકો જોરશોરથી પ્રતિમાને નહિં માનવાની પ્રરૂપણા કરી રહ્યા હતા, બીજી તરફ સાધુઓમાં વધતી જતી શિથિલતાથી સાધુધર્મના ઉત્થાપકો—કટુકાદિ સાધુધર્મ ઉપર આક્ષેપો કરવા બહાર નિકળી પડ્યા હતા. આ બધા સંયો-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગો, ગમે તેવા વૈરાગીના મનને વિચલિત કરી નાખે ત્હેવા હતા, છતાં પણ આણંદવિમલે પોતાની વૈરાગ્યવૃત્તિને લગારે શિથિલ કરી ન્હોતી. બલ્કે ઉપર્યુક્ત કારણોથીજ તેમણે સં. ૧૫૮૨ માં વડાવલીમાં ( પાટણની પાસે આવેલ ) **ક્રિયોદ્ધાર** કર્યો હતો. આ ક્રિયોદ્ધારમાં પ્રધાન સહાયક તરીકે **વિનયભાવ** હતા. પહેલાં જે મરૂભૂમિમાં શ્રીસોમપ્રભસૂરિએ પાણીના દુર્લભપણાના કારણથી સાધુઓનો વિહાર બંધ કર્યો હતો, તેજ મરૂભૂમિમાં આ આચાર્યશ્રીએ ત્ય્હાંના લોકો ઉપરની દયાની લાગણીથી સાધુઓનો વિહાર ખુલ્લો કર્યો હતો. સાધુઓના વિહારના અભાવથી જેસલમેરનાં ૬૪ દેરાસરોના બારણે કાંટા લાગ્યા હતા, તે પણ આણંદવિમલસૂરિએ કઢાવી નંખાવ્યા, અને મંદિરોમાં પૂજા ચાલુ કરાવી હતી.

ત્હેમણે પોતાના જીવનમાં, ભવ્યપ્રાણિયોને ઉપદેશ આપવા ઉપરાન્ત તપસ્યા પણ ઘણી કરી હતી. ૧૮૧ ઉપવાસ કરી આલોયણારૂપે **સંયમ**ની આરાધના કરી હતી. ૨૨૯ છઠ્ઠ **વીરપ્રભુના** કર્યાં હતા. બે વખત **વીશસ્થાનક** તપની આરાધના કરી હતી. ત્હેમાં એક વખત ૪૦૦ ચોથભક્ત કરીને અને બીજી વખત ૪૦૦ છઠ્ઠ કરીને આરાધના કરી હતી. ૨૦ છઠ્ઠ **વિહરમાનના** કર્યા હતા, વળી **જ્ઞાનાવરણીય** કર્મના પાંચ ઉપવાસ પાંચ વાર, **દર્શનાવરણીય** કર્મના ૪ ઉપવાસ ૯ વાર, **અંતરાય** કર્મના ૫ ઉપવાસ પાંચ વાર, **મોહનીય**ના ૨૮ અઠ્ઠમ, **વેદનીય** કર્મના, **ગોત્ર** કર્મના, અને **આયુષ્ય** કર્મના અઠ્ઠમો અને ચાર ઉપવાસો ઘણી વાર કર્યાં. એવી રીતે સાતકર્મના ક્ષયનિમિત્તે તપસ્યાઓ કરી, પરંતુ આઠમા **નામ** કર્મના ક્ષયનિમિત્તે તપસ્યા થઇ શકી ન્હોતી. બીજી પણ કેટલીક તપસ્યાઓ છૂટક છૂટક ત્હેમણે કરી હતી. ત્હેમણે કોઇપણ વસ્તુ ઉપર મોહ કે મમત્વ રાખ્યો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નહોતો. ત્હેમની ત્યાગવૃત્તિ પણ અનિર્વચનીય હતી, અને ત્હેના લીધેજ તેઓ રાજદરબારમાં અને જનસમાજ ઉપર પ્રભાવ પાડી શકયા હતા. ઘણા સુલતાનો, ખાનો અને વજીરો તેમને માન આપતા હતા. વળી તેઓ વાદિયોને પરાસ્ત કરવામાં પણ કુશળ હતા. ત્હેમણે પોતાના જીવનમાં લોકોપકારને માટે વિહાર પણ કંઇ કમ ન્હોતો કર્યો. માળવા, ગુજરાત, વાગડ, મેદપાટ, મારવાડ, સોરઠ, દક્ષિણ અને કાન્હડ વિગેરે દેશોમાં તેઓ વિચર્યા હતા અને ત્હેના પ્રતાપથીજ પાટણ, અમદાવાદ, ચાંપાનેર, ત્રંબાવતી, દેવગિરિ, માંડવ, ગંધાર, સૂરત, સાચોર, જાલોર, મંડોર, જોધપુર, તીવરી, નાગોર, અજમેર, આગરા, હિસાર, કોટ, સીણોર, રાયસેણ, દહાલીઉ, કુંભલમેર, ટૂંક, ટોડા, દીલ્હી, રાજગૃહી, સોપારક, પાટણ, વાંસવાડા, સાગચા, ડુંગરપુર, આહડ, જવાસા, વીસલનેર, નડુલાઇ, આમલેસર, ભરૂચ, નવસારી, વલસાડ, ગણદેવી, દમણ, માહીમ, અગાસી, વસહી, ચેઉલ, ડભોલ, મલબાર, દીવ, માંગરોળ, ઘોઘા, અને અદન વિગેરે ગામોના શ્રાવકોનો તેઓના ઉપર અધિક પૂજ્યભાવ હતો.

છેવટ, પોતાના સાધુજીવનને દરેક રીતે સફળ કરી તેઓ સં. ૧૫૯૬ ના ચૈત્ર સુદિ ૭ ના દિવસે નવ દિવસનું અણસણ પાળી અમદાવાદના નિજામપુરામાં સ્વર્ગવાસી થયા હતા.

( ૨ )

## સોમવિમલસૂરિ.

( આ આચાર્યની ૨, ૪૦ અને ૪૧ નંબરની કુલ ૩ સજ્ઝાયો છે )

આ આચાર્યશ્રીના જન્માદિ સંવતો કે એવી બીજી વિશેષ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હકીકતો પ્રાપ્ત થઇ નથી. પરન્તુ પટ્ટાવલીઓ અને એવાં કેટલાંક પ્રમાણો ઉપરથી નીચેની હકીકત જણાઇ આવે છે.

હેમવિમલસૂરિની પાટે આણંદવિમલસૂરિ થયા હતા. આ આણંદવિમલસૂરિએ સં. ૧૫૮૨ માં ક્રિયોદ્ધાર કર્યો હતો, તે વખતે ત્હેમણે ગચ્છનો સમસ્તભાર પોતાના ગુરૂભાઇ **સૌભાગ્યહર્ષને** સોંપ્યો હતો. આ સૌભાગ્યહર્ષે **લઘુશાલા** નામે એક શાખા ચલાવીને પોતાની પાટે આ **સોમવિમલને** સ્થાપન કર્યા હતા. જ્યારે બીજી તરફ **આણંદવિમલસૂરિએ** પોતાની પાટે **શ્રીવિજયદાનસૂરિને** સ્થાપન કર્યા હતા.

આ સોમવિમલસૂરિને **વીજાપુરમાં** ઉપાધ્યાયપદ મળ્યું હતું. અને **ઇડરમાં આચાર્ય** પદવી મળી હતી. આ આચાર્યની કેટલીક કૃતિયો પ્રાપ્ત થાય છે. જહેવીકે—

(૧) **ક્ષુલ્લકકુમારરાસ**, આ રાસ ત્હેમણે સં. ૧૬૩૩ ના ભાદરવા વદિ ૮ના દિવસે અમદાવાદમાં રાજપુરામાં બનાવ્યો હતો

(૨) **ચંપકશ્રેષ્ઠિરાસ**, આ રાસ ત્હેમણે સં. ૧૬૨૨ ના શ્રાવણ સુદિ ૭ ને શુક્રવારના દિવસે **વિરાટ** નગરમાં બનાવ્યો હતો.

(૩) **શ્રેણિકરાસ**. સં. ૧૬૦૩ માં.

(૪) **ધમ્મિલકુમારરાસ**, (૫) **કલ્પસૂત્રબાળવબોધ** અને (૬) **દશદૃષ્ટાન્તગીતા** એ વિગેરે કૃતિયો બનાવી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ( ૩ )

# હીરવિજયસૂરિ.

( આ આચાર્યશ્રીની ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૨૭, ૪૮, ૫૫, ૬૪ અને ૬૫ એ નંબરોની કુલ અગીયાર સજ્ઝાયો છે )

સમ્રાટ્ અકબરના પ્રતિબોધક તરીકે આચાર્યશ્રીહીરવિજયસૂરીશ્વરજીની પ્રસિદ્ધિ જગજાહેર છે. આ આચાર્યશ્રીનો જન્મ પાલણપુરમાં સં. ૧૫૮૩ ના માગશર શુદિ ૯ ના દિવસે થયો હતો. ત્હેમના પિતા વૃદ્ધશાખીય અને ઓશવાલ વંશીય નામે **કુંરા** શા (કુંવરજી) હતા, માતાનું નામ **નાથી** હતું. કુંરાશાહને ચાર પુત્રો અને ત્રણ પુત્રીયો હતી. પુત્રોનાં નામ **સંઘજી સૂરજી, શ્રીપાલ** અને **હીરજી** હતાં, જ્યારે પુત્રિયોનાં નામ **રંભા, રાણી** અને **વિમલા** હતાં. માત્ર તેર વર્ષની ઉમરમાંજ એટલે સં. ૧૫૯૬ ના કાર્ત્તિક વદિ ૨ ને સોમવારના દિવસે હીરજીએ **પાટણમાં** આચાર્ય **શ્રીવિજયદાનસૂરિજી** પાસે દીક્ષા લીધી હતી. બાલ્યાવસ્થામાંથીજ તેમણે શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો હતો. ત્યાગવૃત્તિ પણ તેમની તેવીજ ઉત્કૃષ્ટ હતી. સં. ૧૬૦૭ માં નારદપુરી ( નાડલાઇ ) માં ત્હેમને **પંડિતપદ** મળ્યું હતું. ૧૬૦૮ ના માઘ સુદિ ૫ ના દિવસે તેજ નાડલાઇમાં **વાચકપદ** મળ્યું હતું. અને સં. ૧૬૧૦ ના પૌષ સુદિ ૫ ના દિવસે શીરોહીમાં ત્હેમણે **સૂરિપદ** મેળવ્યું હતું. તેઓ અકબર બાદશાહને એકંદર ત્રણ વખત મળ્યા હતા. ત્હેમાં સૌથી પહેલાં સં. ૧૬૩૯ ના જ્યેષ્ઠ વદિ ૧૩ ના દિવસે ફતેપુર–સીકરીમાં મુલાકાત કરી હતી. આ પહેલી મુલાકાત વખતે આચાર્યશ્રીએ બાદશાહને ઘણો ધર્મોપદેશ આપ્યો હતો. અને તેથી બાદશાહે પ્રસન્ન થઇ પોતાની પાસેનો પુસ્તકોનો ભંડાર સૂરિજીને ભેટ કર્યો હતો, જો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે પુસ્તકો લેવા માટે સૂરિજીએ ચોખ્ખી ના પાડી હતી, પરન્તુ બાદશાહની ભલામણથી અબ્બુલફજલના સમજાવવાથી ત્હેનો સ્વીકાર કર્યો હતો, અને પછી તે ભંડાર આગરામાંજ સ્થાપન કરાવવામાં આવ્યો હતો. તે પછી અમુક સમયે સૂરિજીએ બાદશાહને પર્યુષણાના આઠ દિવસોમાં કોઇપણ જીવની હિંસા ન થાય, એવો હુકમ બહાર પાડવા સૂચના કરી હતી. બાદશાહે આચાર્યશ્રીની નિસ્પૃહતા અને પરોપકારથી વધારે પ્રસન્ન થઈ ચાર દિવસ પોતાની તરફના ઉમેરી, એકંદર બાર દિવસ (શ્રાવણ વદિ ૧૦ થી ભાદરવા સુદિ ૬ સુધી) નાં છ ફરમાન પત્રો લખીને ગુજરાત, માળવા, અજમેર, દીલ્હી, ફતેપુર અને લાહોર એમ પાંચ સ્થળે મોકલાવ્યાં હતાં, અને છટ્ઠું સૂરિજીને પોતાને આપ્યું હતું. આ સિવાય સૂરિજી અને ત્હેમના શિષ્યો–શાન્તિચંદ્ર ઉપાધ્યાય અને ભાનુચંદ્રે સમ્રાટ્‌ને વારંવાર મળી ધીરે ધીરે સારો પ્રભાવ પાડયો હતો, અને ત્હેના પરિણામે બાદશાહની જીવદયા માટે ઘણી ઉંચી લાગણીઓ પેદા થઇ હતી. નિદાન, બાદશાહે પોતાના રાજ્યમાં એક વર્ષમાં છ મહીના સુધી જીવદયા પાળવાના હુકમો બહાર પાડયા હતા. ઘોડા, ગાય, બળદ, ભેંશ અને પાડા વિગેરે જીવોનો વધ બિલકુલ બંધ કરાવ્યો હતો. ઘણાં પક્ષીઓને પાંજરાઓમાંથી છૂટાં કર્યાં હતાં, ઘણા કેદીયોને મુક્ત કર્યા હતા, અને ત્હેની સાથે હીરવિજયસૂરિના ઉપદેશના પ્રભાવથી **જીજીયા વેરો** બંધ કર્યો હતો, અને શત્રુંજયાદિ તીર્થો મુક્ત કર્યાં હતાં. વળી સૂરિજીને 'જગદ્‌ગુરૂ' નું બિરૂદ પણ આપ્યું હતું.

અકબર બાદશાહ જેવા એક મુસલમાન સમ્રાટ્ ઉપર જૈન સાધુઓએ પ્રભાવ પાડયો હતો, અને તેઓને બાદશાહ ઘણું ચાહતો હતો, એ વાતનો ઉલ્લેખ પ્રાચીન મુસલમાન ગ્રંથકારો, કે જેઓ અકબરના દરબારમાં તે વખતે વિદ્યમાન હતા, ત્હેમણે પણ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પોતાના ગ્રંથામાં કરેલો છે. જ્હેમ **બદાઉની**, કે જે કટ્ટર મુસલમાન હતો, અને ઇતર ધર્મવાળાઓને કાફરની સંજ્ઞાથી ઓળખાવતો હતો, ત્હેણે પોતાના ગ્રંથમાં લખ્યું છે:—

" સમ્રાટ બીજા બીજા સંપ્રદાયના મનુષ્યો કરતાં **શ્રમણો**[1] ( જૈનસાધુઓ ) અને બ્રાહ્મણોની સાથે એકાંતમાં વધારે મેળાપ કરતો હતો. તેઓના સહવાસમાં વધારે સમય અતિવાહિત કરતો હતો. તેઓ પોતાના ધર્મગ્રન્થો, ધર્મતત્ત્વો અને નીતિશાસ્ત્રોમાં એવા તો પંડિતો હતા, ભવિષ્યત્કાલમાં પણ એવી તો દૃષ્ટિ રાખનારા હતા, ધર્મ સંબંધમાં પણ એવા તો ઉન્નત હતા અને મનુષ્ય જીવનની સંપૂર્ણતા એવી તો પ્રાપ્ત કરી હતી કે-તેઓ બીજા સંપ્રદાયની પ્રધાન વ્યક્તિયોને અનાયાસથી અતિક્રમ કરી ગયા હતા. તેઓ પોતાના મતની સત્યતાના પ્રમાણને માટે અને ઇસલામધર્મના દોષો બતાવાને માટે એવી તો યુક્તિયો રજુ કરતા, એવાં તો પ્રમાણો આપતા, એવી તો દૃઢતા અને દક્ષતાની સાથે પોતાના મતનું સમર્થન કરતા કે, ' તેઓનોજ મત સાચો છે.' એમ દરેકને પ્રતીત થતું અને બીજા ધર્મો માટે લોકો શંકાશીલ થતા."

આ ઉપરથી સહજ જોઇ શકાય છે કે, જૈનસાધુઓ પોતાના પ્રખર પાંડિત્યથી સમ્રાટ્ અકબર ઉપર પ્રભાવ પાડી શક્યા હતા.

---

( ૧ ) બદાઉનીએ વાપરેલા '**શ્રમણ**' શબ્દનો અર્થ **શ્રીયુત બંકિમચંદ્ર લાહિડીએ** પોતાના **सम्राट् अकबर** નામના બંગાળી પુસ્તકમાં 'બૌદ્ધસાધુ' કર્યો છે, પરન્તુ તે ઠીક નથી, કેમકે અકબરને બૌદ્ધના વિદ્વાન્ સાધુઓ મળ્યાજ ન્હોતા, આ વાતને અમેજ નથી કહેતા, પરન્તુ ડૉ. **વી. એ. સ્મીથ** પણ પોતાના " The Jain Teachers of Akbar " નામના લેખમાં લખે છે. માટે '**શ્રમણ**' **થી** '**જૈનસાધુ**'જ લેવાના છે. અસ્તુ, આ વિષયની ચર્ચા અમે અહિં ન કરતાં અમારા બીજા પ્રયત્નમાં કરીશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ હીરવિજયસૂરિજીને જેમ અકબર બહુ માનતો હતો, તેમ બીજા ન્હાના રાજાઓ અને કેટલાક પ્રાંન્તોના સૂબાઓ પણ ત્હેમને બહુ માન આપતા હતા. જહેવા કે, શીરોહીનો રાજા સુલતાન ( કે જે દેવડાજાતિનો ચહુઆણ હતો ) પાટણનો કલાખાન, મેડતાનો ખાનખાના, કાસમખાન, આજમખાન અને ખંભાતનો સુલતાન હબીબ ખોજો વિગેરે સૂબાઓથી પણ ત્હેમણે બહુ માન મેળવ્યું હતું.

શ્રીહીરવિજયસૂરિએ જહેમ પોતાની જિંદગીને વિદ્વાન્ આચાર્ય તરીકે પસાર કરી હતી, તેમ ત્હેમનામાં સમભાવ અને બીજા એવા અપૂર્વ ગુણો હતા, કે જહેના લીધે તેઓ બીજાઓના ઉપર ઘણો પ્રભાવ પાડી શકતા હતા. ત્યાગવૃત્તિ પણ ત્હેમનામાં ત્હેવીજ ઉત્કૃષ્ટ હતી. તપસ્યાઓ કરવી અને કોઇપણ જાતના રસાદિમાં લોલુપતા ન રાખવી, એમાં તો તેઓ પોતાના જીવનની સાર્થકતાજ સમજતા હતા.

સૂરિજીમાં ગુરૂભક્તિનો ગુણ પણ ખાસ દૃઢતાથી રહેલો હતો. પોતામાં આટલું બધું સામર્થ્ય અને પ્રભાવક શક્તિ પ્રાપ્ત થયેલી હોવા છતાં ગુરૂ પ્રત્યે તેઓની ભક્તિ જહેવીને ત્હેવીજ હતી. એક વખત વિજયદાનસૂરિએ ત્હેમના ઉપર પત્ર લખ્યો કેઃ—'આ પત્ર વાંચી જલદી રવાના થઈ અહિં આવજ્યો.' હીરવિજયસૂરિએ પત્ર પહોંચતાંજ વિહાર કર્યો. આ વખતે ત્હેમને ચોમાસી છટ્ઠ હતો. છટ્ઠનું પારણું કરવા જેટલી પણ સ્થિરતા ત્હેમણે કરી નહિં. શ્રાવકો વિનતિ કરવા લાગ્યા, ત્યહારે ત્હેમણે એજ કહ્યુંઃ—'ગુરૂની આજ્ઞા પ્રમાણે મ્હારે અત્યારેને અત્યારે વિહાર કરવોજ જોઇએ. પારણું બહાર જઇને કરીશ' ત્હેમણે વિહાર કર્યોજ અને જલદી જઇને ગુરૂને ભેટ્યા. ગુરૂએ જ્યહારે જાણ્યું કે— છટ્ઠનું પારણું કરવા પણ ન રહેતાં પત્ર પ-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોંચતાંની સાથે વિહાર કર્યો હતો, ત્ય્હારે ગુરૂને, ત્હેમની અ-નન્યશ્રદ્ધા અને ભક્તિ પરત્વે ઘણીજ પ્રસન્નતા થઇ હતી.

આચાર્ય શ્રીહીરવિજયસૂરિજીમાં ઉપદેશ દેવાની એવી તો અ-સાધારણ શક્તિ હતી, કે ત્હેમના સામાન્ય ઉપદેશથી મનુષ્યો ઝટ સંસારની અસારતા સમજી શકતા હતા, અને પોતાની ઋદ્ધિ સ-મૃદ્ધિને છોડીને દીક્ષા ગ્રહણ કરતા હતા. તેઓ જ્ય્હારેને ત્ય્હારે એકથી વધારે દશ દશ–પંદર પંદરને એક સાથે દીક્ષાઓ આપતા હતા. અને ત્હેનુંજ પરિણામ હતું કે તેઓ અઢી હજાર સાધુ સાધ્વિયોનું ઉપરીપણું ભોગવતા હતા.

ત્હેમણે શીરોહી, નારદપુરી, ખંભાત, અમદાવાદ, પાટણ, ગંધાર અને ઊના વિગેરે ગામોમાં પ્રતિષ્ઠાઓ પણ ઘણી કરી હતી. વળી તેઓએ ગુજરાત, માળવા, સોરઠ, મારવાડ, વાગડ, દક્ષિણ, કુંકણ, મેવાડ, મેવાત અને આગરા વિગેરે દેશ દેશ-ન્તરોમાં ઘણો લાંબો વિહાર કર્યો હતો. જહે વિહાર દરમીયાન ત્હેમણે પાટણમાં ૮, ખંભાતમાં ૭, અમદાવાદમાં ૬, શીરોહીમાં ૨, સાચોરમાં ૨, અભિરામાબાદ[૧]માં ૧, ફતેપુર–સીકરીમાં

---

( ૧ ) અભિરામાબાદને કેટલાક લેખકો **અલાહાબાદ** તરીકે ઓળખાવે છે, પરન્તુ તે ઠીક નથી. કેમકે હજૂ સુધી કોઇપણ ગ્રંથમાં એવું પ્રમાણ જોવામાં નથી આવ્યું, કે જ્હેથી 'અભિરામબાદ' અને ' અ-લાહાબાદ' એકજ છે, એમ માની શકાય. હાં, એમ તો પ્રમાણ અવશ્ય મ-ળે છે, કે અભિરામાબાદથી ફતેપુર માત્ર છ ગાઉ દૂર હતું. કારણ કે હીરવિ-જયસૂરિ, ગુજરાતથી ફતેપુર જતાં જ્ય્હારે અભિરામાબાદ પહોંચ્યા હતા, ત્ય્હારે ફતેપુરથી લોકો ત્હેમની સ્હામે અભિરામાબાદ સુધી આવ્યા હતા, અને બીજાજ દિવસે બધાઓની સાથે હીરવિજયસૂરિ ફતેપુર ગયા હતા. (જૂઓ હીરવિજયસૂરિ રાસ, પૃ. ૧૦૭–૧૦૮ ). હવે જો **અલાહાબાદ**, તેજ **અભિરામાબાદ** છે, એમ કહેવામાં આવે, તો આ હકીકત સંગત થઇ શકતી નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧, કુણુગિરિ (કુણગેર) માં ૧, મહેસાણામાં ૧, સોજીતરામાં ૧, બોરસદમાં ૧, આમોદમાં ૧, ગંધારમાં ૧ અને રાધનપુરમાં ૧ એ પ્રમાણે ચોમાસાં કર્યાં હતાં. છેલ્લું ચોમાસું ત્હેમણે ઊનામાં કર્યું હતું. વળી આચાર્યશ્રીએ આબૂ, રાણકપુર, ગિરિનાર, શત્રુંજય, ફલોધી, વરકાણા અને કુંભલમેર વિગેરે તીર્થોની યાત્રાઓ એક વખત નહિં, પરન્તુ ઘણી ઘણી વાર કરી હતી.

આચાર્યશ્રી હીરવિજયસૂરિજીના સમુદાયમાં ૧૮ શાખાઓ હતીઃ—૧ વિજય, ૨ વિમલ, ૩ સાગર, ૪ ચંદ, ૫ હર્ષ, ૬ સૌભાગ્ય, ૭ સુંદર, ૮ રત્ન, ૯ ધર્મ, ૧૦ હંસ, ૧૧ આનંદ, ૧૨ વર્ધન, ૧૩ સોમ, ૧૪ રૂચિ, ૧૫ સાર, ૧૬ રાજ, ૧૭ કુશલ અને ૧૮ ઉદય.

આમના વખતમાં લોંકાઓનું જોર ઘણું હતું, પરન્તુ તેઓ પોતાના ઉપદેશનો પ્રભાવ ત્હેમના ઉપર પણ વધારે પાડી શકયા હતા, અને ત્હેના પરિણામેજ ઘણા લોંકાઓને ત્હેમણે મૂર્તિપૂજક જૈન બનાવ્યા હતા.

હીરવિજયસૂરિએ ગ્રન્થરચના પણ કરી છે, જ્હેમાં **જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ ટીકા** અને **અંતરીકપાર્શ્વનાથસ્તવ** વિગેરે કૃતિયો પ્રસિદ્ધ છે.

ત્હેમણે છેલ્લું ચોમાસુ ઉનામાં કર્યું હતું, અને ત્હાંજ ત્હેમનો સં. ૧૬૫૨ ના ભાદરવા સુદિ ૧૧ ના દિવસે નિર્વાણ થયો હતો. તેઓના સ્તૂભને માટે અકબર બાદશાહ તરફથી બાવીસ વીઘા જમીન મળી હતી અને અહિંની લાડકીબાઇએ સૂરિનો સ્તૂભ બનાવી પગલાંની સ્થાપના પણ કરી હતી.

# વિજયસેનસૂરિ.

(આ આચાર્યની ૯, ૧૦, ૨૮, ૩૦ અને ૩૬ નંબરની સજ્ઝાયો છે.)

આ આચાર્યશ્રી શ્રીહીરવિજયસૂરિની પાટ ઉપર થયા છે. તેઓનો જન્મ સં. ૧૬૦૪ ના ફાગુણ સુદિ ૧૫ ના દિવસે મારવાડના **નાડલાઈ** ગામમાં ઓશવાલ વંશીય, વૃદ્ધશાખીય, શાહ **કમા** શાહ અને ત્હેનાં ધર્મપત્ની **કોડાંને** ત્હાં થયો હતો. ત્હેમનું મૂલ નામ જયસિંહ હતું. જયસિંહની જ્યહારે ૯ વર્ષની ઉમર થઇ, ત્યહારે ત્હેના પિતાએ દીક્ષા લીધી હતી. તે પછી બે વર્ષે એટલે અગીયાર વર્ષની ઉમરે જયસિંહે પોતાની માતાની સાથે સં. ૧૬૧૩ ના જ્યેષ્ઠ સુદિ ૧૧ ના દિવસે **સૂરતમાં** શ્રીવિજયદાનસૂરિ પાસે દીક્ષા લીધી હતી. વિજયદાનસૂરિએ ત્હેમને હીરવિજયસૂરિના શિષ્ય બનાવ્યા હતા. દીક્ષા વખતે ત્હેમનું નામ **જયવિમલ** રાખવામાં આવ્યું હતું. સં. ૧૬૨૬ માં ખંભાતમાં શ્રાવિકા **પૂનીએ** કરેલા ઉત્સવ પૂર્વક ત્હેમને **પંડિતપદ** મળ્યું હતું. સં. ૧૬૨૮ ના ફાગણ સુદિ ૭ ના દિવસે ઉપાધ્યાયપદ પૂર્વક અમદાવાદમાં **આચાર્યપદવી** મળી હતી. આ વખતે **મૂલા** શેઠ અને **વીપા** પારેખે ઉત્સવ કર્યો હતો. સં. ૧૬૩૦ ના પૌષ વદિ ૪ ના દિવસે પાટણમાં ત્હેમની **પાટસ્થાપના** થઇ હતી.

આ આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ પોતાની વિદ્વત્તા અને પ્રભાવકતાથી બહુ ખ્યાતિ મેળવી હતી. અમદાવાદનો સૂબો **ખાનખાના** ત્હેમના ઉપદેશથી બહુ પ્રસન્ન થયો હતો. ત્હેમણે યોગશાસ્ત્રના પ્રથમ શ્લોકના સાતસો અર્થો કર્યાની હકીકત બહુ સુપ્રસિદ્ધ છે. આજ તેઓની બુદ્ધિપ્રભાનો સાક્ષાત્ પુરાવો છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જ્યહારે તેઓ રાધનપુરમાં હતા, ત્યહારે ત્હેમને અકબર બાદશાહ તરફથી નિમંત્રણ આવ્યું હતું. તેથી ગુરૂના શુભાશિર્વાદપૂર્વક વિહાર કરી, ઘણાં ગામોમાં પ્રતિબોધ કરતા તેઓ **લાહોર** ગયા હતા. લાહોરમાં જતાં **ખાનપુર** સુધી લોકોનાં ટોળેટોળાં ત્હેમની સ્હામે આવ્યાં હતાં. **દીલ્હી દરવાજે** થઇને ત્હેમણે લાહોરમાં પ્રવેશ કર્યો હતો, અને **કાશ્મીરી મહેલમાં** ત્હેમણે **અકબર** બાદશાહની મુલાકાત લીધી હતી. પોતાના ઉપદેશના પ્રભાવથી ત્હેમણે બાદશાહને બહુ પ્રસન્ન કર્યો હતો. આ પ્રસન્નતાના પરિણામે બાદશાહે ગાય, બળદ, પાડા અને ભેંશનો વધ કોઇ કરે નહિં, અને મરેલ માણુસની મીલકત લઇ લેવી નહિં; એવા **હુકમો** બહાર પાડ્યા હતા, તેમ બંદીવાનોને પણ છોડી મૂકયા હતા. વળી બાદશાહે ત્હેમને '**સવાઇ**' નું ટાઇટલ પણ આપ્યું હતું. અહિં ત્હેમણે બે ચોમાસાં કર્યાં હતાં. બીજા ચોમાસામાં ત્હેમને હીરવિજયસૂરિની બીમારીના સમાચાર મળ્યા, તેથી ત્હેમણે ચોમાસામાંજ ગુજરાત તરફ વિહાર કર્યો હતો. પરન્તુ પાટણમાં આવતાંજ ત્હેમને હીરવિજયસૂરિના ઉનામાં સ્વર્ગવાસ થયાના દુ:ખદાયક સમાચાર મળી ગયા, આથી ત્હેમને બહુ ખેદ થયો હતો.

આ આચાર્યશ્રીએ ગુજરાત, સોરઠ, મારવાડ, મેવાત વિગેરેમાં વિચરીને જેમ ઘણા જીવોને પ્રતિબોધ કર્યો હતો, તેમ પોતે સિદ્ધાચલ, ગિરિનાર, રાણકપુર, સંખેશ્વર વિગેરે તીર્થોની યાત્રાઓ પણ ઘણી કરી હતી. જ્યહારે ત્હેમણે સિદ્ધાચલજીની યાત્રા કરી, ત્યહારે ત્હેમની સાથે સાડીત્રણસો સાધુઓ હતા. વળી ત્હેમના હાથે કાવી, ચાંપાનેર, અમદાવાદ, ગંધાર, ખંભાત અને પાટણ વિગેરેમાં પ્રતિષ્ઠાઓ પણ ઘણી થઇ હતી. એકંદર ચારલાખ જિનબિંબો ત્હેમના હાથે સ્થાપન થયાં હતાં. તેમ તેમના ઉપદેશથી તારંગા, સંખેશ્વર, વિમલાચલ, પંચાસર, રાણપુર, આરાસણ અને વિદ્યાનગર વિગેરેમાં ઉદ્ધારોપણ થયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેઓ ફિરંગીયોના તેડાવાથી દીવમાં પણ ગયા હતા. જામ રાજા ત્હેમના ઉપદેશથી બહુ ખુશી થયો હતો. ત્હેમનામાં જહેવી વિદ્વત્તા હતી, ત્હેવી વાદ કરવાની શક્તિ પણ પ્રબળ હતી. ત્હેમની વિદ્વત્તા અને વાદ કરવાની પ્રબળ શક્તિથીજ ત્હેમણે અકબર બાદશાહની સમક્ષ બ્રાહ્મણ પંડિતોને અને સૂરતમાં 'ભૂષણ' નામના દિગમ્બરાચાર્યને હરાવી જીત મેળવી હતી.

ત્હેમના સમુદાયમાં ૮ ઉપાધ્યાયો, ૧૫૦ પંડિતો અને બીજા ઘણા સામાન્ય સાધુઓ પણ હતા. એકંદર તેઓ બે હજાર સાધુઓના અધિપતિ હતા.

તેઓની ત્યાગવૃત્તિ પણ પ્રશંસનીય હતી. હમેશાં પાંચ વિગયોનો તો તેઓ ત્યાગજ કરતા, દશવૈકાલિકને ગણ્યા સિવાય આહાર કરતાજ નહિં. જાપ કરવામાં ત્હેમનો એકો હતો. ત્હેમણે એક નવકારમંત્રનોજ ત્રણ ક્રોડનો જાપ કર્યો હતો. છટ્ઠ, અટ્ઠમ અને એવી બીજી તપસ્યાઓ પણ ઘણી કરતા. પોતાની આખી સાધુ અવસ્થામાં એકંદર ૫૮ ચોમાસાં કર્યાં હતાં. ૬૮ વર્ષનું આયુષ્ય ભોગવીને, સં. ૧૬૭૨ ની સાલમાં ખંભાતમાં ચોમાસું કરવા જતાં ખંભાતના અકબરપુરમાં જ્યેષ્ઠ વદિ ૧૧ ના દિવસે ત્હેમનો સ્વર્ગવાસ થયો હતો. વિજયસેનસૂરિનો સ્વર્ગવાસ સાંભળતાં બાદશાહ જહાંગીરે અમદાવાદમાં ત્રણ દિવસની પાખી પળાવી હતી, અને ત્હેમના સ્તૂભને માટે દસ વીઘા જમીન બક્ષીસ આપી હતી.

( ૫ )

## વિજયતિલકસૂરિ.

( આ આચાર્યની ૧૧ નંબરની માત્ર એકજ સજ્ઝાય છે. )

આ આચાર્ય મૂલ વીસલનગરના રહીશ હતા, ત્હેમના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પિતાનું નામ **દેવજીશાહ** હતું, અને માતાનું નામ હતું **જયવંતી**. તેઓ બે ભાઇ હતા. **રૂપજી** અને **રામજી**.

એક વખત આચાર્ય વિજયસેનસૂરિ **ખંભાતમાં** પધાર્યા હતા, તે વખતે વીસલનગરના દેવજીશાહ, પોતાના બે પુત્રો અને પોતાની સ્ત્રી સાથે આચાર્યશ્રીને વંદન કરવા આવ્યા હતા. આચાર્યશ્રીની દેશનાથી ત્હેમને વૈરાગ્ય ઉત્પન્ન થયો હતો. અને તેથી ત્હેમણે દીક્ષા લેવાનો પણ વિચાર કર્યો. એટલુંજ નહિં પરન્તુ પોતાના પુત્રો અને સ્ત્રીને આ વિચાર જણાવતાં ચારે જણે દીક્ષા લેવી એવો નિશ્ચય કર્યો. વિજયસેનસૂરિએ તે ચારે જણને દીક્ષા આપી હતી. રૂપજી અને રામજી કે જેઓ બે ભાઇ હતા, તેઓનાં નામ અનુક્રમે **રત્નવિજય** અને **રામવિજય** પાડયાં હતાં. **રત્નવિજય** થોડુંજ ચારિત્રપાળી સ્વર્ગવાસી થયા હતા; જ્યહારે **રામવિજય** ન્યાય, વ્યાકરણ અને જ્યૌતિષ વિગેરેના ગ્રંથો ભણી સારા વિદ્વાન્ થયા હતા. ત્હેમનામાં સારી યોગ્યતા આવતાં ત્હેમને સૂરિજીએ **પંડિતપદ** આપ્યું હતું.

શ્રીવિજયસેનસૂરિના સ્વર્ગવાસ પછી ત્હેમની પાટ ઉપર સ્થાપન થયેલ શ્રીવિજયદેવસૂરિ, ધર્મસાગરજીના પક્ષમાં ભળ્યા હતા, તેથી સોમવિજયજીઉપાધ્યાય, નંદિવિજય ઉપાધ્યાય, મેઘવિજયઉપાધ્યાય, વિજયરાજ વાચક, ધર્મવિજય ઉપાધ્યાય, ભાનુચંદ્ર ઉપાધ્યાય, સિદ્ધિચંદ્રજી કવિ વિગેરે અને તેમના પક્ષના બીજા ગૃહસ્થોની ઇચ્છા વિજયસેનસૂરિની પાટે બીજા આચાર્ય સ્થાપન કરવાની થઈ હતી. આ આચાર્ય કોને સ્થાપવા? એ વાતનો પરામર્શ થતાં દરેકે શ્રીરામવિજયજીને પસંદ કર્યા હતા, અને સં. ૧૬૭૩ ના પૌષ સુદિ ૧૨ બુધવારના દિવસે વિજયમુહૂર્તમાં રામવિજયજીને **આચાર્ય** પદવી આપી વિજયસેનસૂરિની પાટે સ્થાપન કર્યા હતા, અને ત્હેમનું **વિજયતિલકસૂરિ** એવું નામ આપ્યું હતું. ત્હેમનો આ પાટોત્સવ ઘણા આડંબર પૂર્વક થયો હતો. **મકરૂબખાને** ત્હેમને સારૂ માન આપ્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાગરપક્ષવાળાઓ અને વિજયપક્ષવાળાઓને બુરાનપુરમાં થયેલા રમખાણુની તપાસ કરવાનું કામ બાદશાહ **જહાંગીરે** હાથમાં લીધું હતું, આ વખત જહાંગીર બાદશાહ **માંડવમાં** હતો. બાદશાહે બન્ને પક્ષની તપાસ માટે બન્ને પક્ષના આચાર્યો અને ત્હેમના અનુયાયિયોને માંડવ બોલાવ્યા હતા. આથી વિજયતિલકસૂરિ પણ માંડવ ગયા હતા. છેવટ સં. ૧૬૭૬ ના પૌષ સુદિ ૧૪ ના દિવસે શીરોહીમાં ત્હેમનો સ્વર્ગવાસ થયો હતો.

આ વિજયતિલકસૂરિના સબંધમાં વિશેષ માહિતી જાણવાની ઇચ્છા રાખનારે વિજયતિલકસૂરિ રાસ જોવો.

## ( ૬ )

# વિજયદેવસૂરિ.

( આ આચાર્યની ૧૨, ૩૫, ૩૭, ૪૯, ૫૪, ૫૬ અને ૬૨ નંબરની સજ્ઝાયો છે ).

આ આચાર્યશ્રીનો **જન્મ ઈડરના** રહીશ ઓશવાલ વંશીય, શાહ **થિરાનાં** ધર્મપત્ની બાઇ **રૂપાઇની** કુક્ષિથી સં. ૧૬૩૪ માં થયો થયો હતો. ત્હેમણે સં. ૧૬૪૩ માં **અમદાવાદમાં શ્રીવિજયસેનસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. સં. ૧૬૫૫ માં **સિકન્દરપુરમાં** ત્હેમને **પંન્યાસ** પદ મળ્યું હતું, સં. ૧૬૫૬ ના વૈશાખ સુદિ ૪ ના દિવસે ખંભાતના **શ્રીમલ્લ** શાહે ૧૮૦૦૦ રૂ. ખરચીને કરેલા ઉત્સવપૂર્વક **આચાર્ય** પદ મળ્યું હતું. આ વખતે **વિજયસેનસૂરિ** સાથે ૭૦૦ સાધુઓ હતા. ખંભાતમાં ત્હેમણે સુખસાગરપાર્શ્વનાથ, કંસારીપાર્શ્વનાથ, જીરાઉલાપાર્શ્વનાથ અને ચિંતામણિપાર્શ્વનાથનાં દર્શન કરી પ્રસન્નતા મેળવી હતી. આચાર્ય પદવી થયા પછી સં. ૧૬૫૮ ના પૌષ વદિ ૬ રવિવારે **પાટણ**-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના પારેખ **સહસવીરે** પાંચ હજાર મહમુંદિકા ખરચીને ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ કર્યો હતો. સં. ૧૬૭૧ માં ત્હેમને **ભટ્ટારક** પદ મળ્યું હતું. અને સં. ૧૬૭૪ માં **માંડવગઢ**માં **જહાંગીર** બાદશાહે ત્હેમને '**મહાતપા**' નું બિરૂદ આપ્યું હતું.

આ આચાર્યશ્રીએ, પોતાની વિદ્વત્તા, ત્યાગવૃત્તિ અને ઉપદેશ શૈલીના પ્રભાવથી લોકો ઉપર સારો પ્રભાવ પાડયો હતો. મ્હોટા મ્હોટા રાજાઓ, બાદશાહો અને રાણાઓ ત્હેમને માન આપતા હતા, એટલુંજ નહિં પરન્તુ તેઓ જહે કંઇ સારાં કાર્યો બતાવતા તે, તેઓ કરતા પણ હતા.

**ઉદયપુર**ના મહારાણા **જગતસિંહજી**એ આ આચાર્યશ્રીના ઉપદેશથી વરકાણાતીર્થમાં પૌષ દશમી ઉપર મેળામાં આવતા લોકોનું દાણ માફ કર્યું હતું અને હમેશાંને માટે તેમ થયા કરે, તે માટે એક શિલાલેખ બનાવીને ત્હાંના મંદિરના દરવાજા આગળ રોપવામાં આવ્યો હતો ( હજૂ પણ આ પત્થર મૌજૂદ છે ), તેમ તામ્રપત્ર પણ કરી આપ્યું હતું. આજ રાણા જગતસિંહજીએ પોતાના પ્રધાન ઝાલા **કલ્યાણજી**ને આચાર્યશ્રી પાસે મોકલીને આચાર્યને નિમંત્રણ કર્યું હતું ઉદયપુરમાં ચોમાસું કરી જ્હારે સૂરિજીએ વિહાર કર્યો હતો, ત્હારે તેઓ **દલબાદલમહેલ**માં રાત રહ્યા હતા. ત્હાં રાણા જગતસિંહજી વંદન કરવા ગયા, અને સૂરિજીના ઉપદેશથી પ્રસન્ન થઇ નિમ્નલિખિત ચાર બાબતો સ્વીકારી હતીઃ—

૧ પીંછોલા અને ઉદયસાગર આ બન્ને તળાવોમાં માછલાંની જાળો નાખવાનો નિષેધ કર્યો હતો.

૨ રાજ્યાભિષેકને દિવસે (ગુરૂવારે) કોઇ જીવ મારે નહિં.

૩ જન્મમાસ અને ભાદ્રમાસમાં કોઇ જીવહિંસા કરે નહિં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૪ મચીંદદુર્ગમાં કુંભારાણાએ કરાવેલ જિનચૈત્યનો ઉદ્ધાર કરાવવો.

આ ચારે બાબતો કબૂલ કરી હતી.

આ સિવાય **હાલાર** દેશમાં નવાનગરના **લાખા રાજાને** પણ પ્રતિબોધ કર્યો હતો, તેમ **દક્ષિણમાં ઇદલશા** નામના બાદશાહને પ્રતિબોધ કરી ગૌવધ બંધ કરાવ્યો હતો. વળી ઇડરનો **કલ્યાણમલ્લ** રાજા અને દીવના **ફિરંગીઓ** પણ હ્હેમના ઉપદેશને બહુ માન આપતા હતા. જ્યહારે તેઓ દક્ષિણમાં વિચરતા હતા, તે વખતે હ્હેમણે ૮૦ સાધુઓને પંડિતપદ ઉપર સ્થાપન કર્યા હતા, અને તે સિવાય ઇડરમાં સં. ૧૭૦૫ માં ૬૪ પંડિતો બનાવ્યા હતા.

આચાર્ય વિજયદેવસૂરિના શિષ્યો પણ વાદ કરવામાં બહાદુર હતા. હ્હેમણે સાદડીમાં લુંકાનુયાયિયોનો પરાજય કર્યો હતો. તેમજ ઉદયપુરના રાણાની સમક્ષ પણ લોંકાઓને હરાવી રાણાનો પટો સહી અને ભાલાના ચિન્હવાળો તપાઓની સત્યતાનો કરાવ્યો હતો. આ પટો સાદડીના બજારમાં વાંચીને સૂરિજીની પ્રસન્નતા મેળવી હતી.

આ સૂરિજીના હાથે રાજનગરમાં ૨, પાટણમાં ૪, ખંભાતમાં ૩, વડનગર, ઇડરમાં ૩, સાબલીમાં ૨, આરાસણ, જાલોર, મેડતા, ખમણોર, રામપુર, દેવકુલપાટક (દેલવાડા), નાહી, આઘાટ, આબૂ, નવાનગર, ઉજ્જયિની અને દક્ષિણનાં કેટલાંક જુદાં જુદાં સ્થાનોમાં પ્રતિષ્ઠાઓ પણ ઘણી થઇ હતી.

તેઓ અઢી હજાર સાધુઓના ઉપરી હતા. સાત લાખથી અધિક શ્રાવકો હ્હેમના રાગી હતા. જો કે, હ્હેમના વખતમાં સાધુઓમાં કેટલોક ખળભળાટ ઉભો થયો હતો, અને તેઓ સાગરપક્ષવાળાઓને એક વખતે ખુલ્લંખુલ્લા મળી પણ ગયા

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતા, અને તેથી તેઓના ઉપર મ્હોટો ઉપદ્રવ ઉભો થયો હતો, છતાં પણ તેઓ કોઇપણ રીતે ડર્યા ન્હોતા.

તેઓ તપસ્યા કરવામાં પણ શૂરવીર હતા. છઠ્ઠ, અઠ્ઠમ, આંબિલ, નિવી, ઉપવાસ અને એવી બીજી ઘણી તપસ્યાઓ ત્હેમણે કરી હતી. તેઓ હમેશાં એક વખત આહાર કરતા; અગીયાર દ્રવ્યથી વધારે દ્રવ્ય વાપરતા નહિં. દિવસે નિદ્રા લેતા નહિં, અને હમેશાં વધારે ઓછું પણ સજ્ઝાયધ્યાન અવશ્ય કરતા. એકંદર ત્હેમણે પાંચ ક્રોડ સજ્ઝાયધ્યાન કર્યું હતું.

ત્હેમણે પોતાનું આયુષ્ય નજીક જાણી **ઊના**ની અંદર સં. ૧૭૧૩ ના આષાઢ સુદિ ૮ ના દિવસે તિવિહારૂં અણુસણ કર્યું હતું, તે પછી દશમે ચોવિહારૂ અણસણ કરી આષાઢ સુદિ ૧૧ ના દિવસે સ્વર્ગવાસી થયા હતા. અહિંના શ્રેષ્ઠિ **રાયચંદ્રભણુશાળી**એ હીરવિજયસૂરિના સ્તૂભની પાસેજ ત્હેમનો ( વિજયદેવસૂરિનો ) પણ સ્તૂભ કરાવ્યો હતો.

## (૭)

## વિજયાણંદસૂરિ.

(આ આચાર્યની ૧૩ અને ૬૬ નંબરની એમ બે સજ્ઝાયો છે.)

આ આચાર્યશ્રીનો જન્મ સં. ૧૬૪૨ માં મારવાડમાં આવેલા **રોહ** ગામમાં થયો હતો. ત્હેમના પિતાનું નામ **શ્રીવંત** હતું, કે જેઓ પોરવાળ હતા, અને માતાનું નામ હતું **સિણગારદે.** ત્હેમનું મૂલ નામ **કલો** હતું. ત્હેમણે સં. ૧૬૫૧ માં આચાર્યશ્રી હીરવિજયસૂરિજી પાસે દીક્ષા લીધી હતી. સૂરિજીએ, ત્હેમનું **કમલવિજય** નામ આપી **શ્રીસોમવિજયજી**ના શિષ્ય બના-

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ળ્યા હતા. ત્હેમને સં. ૧૬૭૦ માં આચાર્ય શ્રીવિજયસેનસૂરિએ પંડિત પદ આપ્યું હતું. અને સં. ૧૬૭૬ ના પૌષ સુદિ ૧૩ ના દિવસે શ્રીવિજયતિલકસૂરિએ **શિરોહીમાં આચાર્ય** પદ આપી ત્હેમનું **વિજયાણંદસૂરિ** નામ સ્થાપ્યું હતું.

આચાર્ય વિજયદેવસૂરિ સાગરોના પક્ષમાં ભળી જવાથી સોમવિજય ઉપાધ્યાય વિગેરે સમુદાયે મળીને બીજા આચાર્ય—વિજયતિલકસૂરિને સ્થાપન કર્યા હતા, ત્હેમની પાટ ઉપર આ વિજયાણંદસૂરિ થયા. વિજયાણંદસૂરિને પહેલાંથી ચાલ્યા આવતા કલેશ તરફ બહુ ઘૃણા થઇ હતી, અને તેથી ત્હેમણે જેમ બને તેમ સંપ થાય, એવા પ્રયત્નો કર્યા હતા. કહેવાય છે કે–જ્યહારે વિજયદેવસૂરિ અમદાવાદ શહેરમાં હતા, તે વખતે તેઓ કાલુપુરામાં આવ્યા હતા, વિજયદેવસૂરિએ પોતાના બધા મ્હોટા મ્હોટા સાધુઓને સ્હામે મોકલ્યા હતા. સાધુઓએ વિજયાણંદસૂરિને વંદણા કરી હતી, અને ત્હેમને ધૂમધામથી શહેરમાં લાવ્યા હતા. શહેરમાં આવ્યા પછી વિજયાણંદસૂરિએ પણ વિજયદેવસૂરિને વંદણા કરી હતી. આ મેલ સં. ૧૬૮૧ ના પ્રથમ ચૈત્ર સુદિ ૯ ના દિવસે થયો હતો. તે પછી બન્ને આચાર્યો સાથે વિચરતા હતા. વિજયાણંદસૂરિ વિજયદેવસૂરિનો ઘણો વિનય સાચવતા. આમ થોડો વખત ચાલ્યા પછી પાછી મમત્વની મારામારીથી બન્નેમાં ભેદ પડયો હતો. અને પાછું પહેલાંની માફક ચાલવા લાગ્યું હતું. આથી વિજયાણંદસૂરિને પણ પોતાની પાટ ઉપર **વિજયરાજ**ને સ્થાપન કરવાની ફરજ પડી હતી.

વિજયાણંદસૂરિએ તેર માસિક તપ, વીશ સ્થાનકપદની આરાધના, સિદ્ધચક્રની ઓળી અને છૂટક છઠ્ઠ અઠ્ઠમ વિગેરે તપસ્યાઓ ઘણી કરી હતી. વળી ત્હેમણે એક વખત ત્રણ મહીનાનો તપ કરી ધ્યાન પણ કર્યું હતું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ત્હેમણે ૭ આબૂની, ૫ સંખેશ્વરની, ૨ તારંગાની, ૨ અંતરીકપાર્શ્વનાથની, ૨ સિદ્ધાચલની અને ૧ ગિરિનારની એમ યાત્રાઓ કરી હતી. વળી ત્હેમણે જિનબિંબોની પ્રતિષ્ઠાઓ પણ ઘણી કરી હતી. એકલા **કચરવાડામાંજ** એક સાથે અઢીસો બિંબોની પ્રતિષ્ઠા કરી હતી.

છેવટ–તેઓ સં. ૧૭૧૧ ના આષાઢ વદિ ૧ ને મંગળવારે પ્રાતઃકાલમાં ખંભાતમાં સ્વર્ગવાસી થયા હતા.

## ( ૮ )

# વિજયપ્રભસૂરિ.

( આ આચાર્યની ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૦, ૨૧, ૩૯ અને ૫૨ નંબરની એમ ૧૦ સજ્ઝાયો છે. )

આ આચાર્યશ્રીનો જન્મ, કચ્છ દેશના **મનોહરપુરમાં ઓશવાલવંશીય શા શિવગણની** ભાર્યા **ભાણીની** કુક્ષિથી સં. ૧૬૭૭ના માઘ સુદિ ૧૧ ના દિવસે થયો હતો. ત્હેમણે સં. ૧૬૮૬ માં આચાર્ય **વિજયદેવસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. તે વખતે ત્હેમનું નામ **વીરવિજય** રાખવામાં આવ્યું હતું. સં. ૧૭૦૧ માં ત્હેમને **પંન્યાસ** પદ મળ્યું હતું. અને સં. ૧૭૧૦ ના વૈશાખ સુદિ ૧૦ ના દિવસે **ગંધારમાં આચાર્ય** પદવી મળી હતી. આ વખતે અમદાવાદના રહીશ અખેચંદ દેવચંદની ભાર્યા **સાહિબદેએ** પદમહોત્સવ કર્યો હતો. આચાર્યપદ વખતે ત્હેમનું નામ **વિજયપ્રભસૂરિ** રાખવામાં આવ્યું હતું. સં. ૧૭૧૧ ની સાલમાં તેઓ જ્યહારે **વિજયદેવસૂરિની** સાથે અમદાવાદ આવ્યા હતા, ત્યહારે સૂરાના પુત્ર સા **ધનજીએ** ૮૦૦૦ મહમુંદિકા ખરચીને ગણાનુજ્ઞાનો નંદિમહોત્સવ કર્યો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આચાર્ય વિજયપ્રભસૂરિએ દશ ચોમાસાં **સૌરાષ્ટ્ર** દેશમાં કર્યાં હતાં, તે પછી સં. ૧૭૨૨ માં ગુજરાતમાં આવી ત્રણ ચૌમાસાં **ગુજરાત**માં કર્યાં હતાં. ગુજરાતથી સં. ૧૭૨૬ માં **ઉદયપુર** આવી બે ચોમાસાં **મેવાડ** દેશમાં કર્યાં હતાં. ઉદયપુરના **જીવા જાવરીયા**એ તે વખતે મંદિર બનાવ્યું હતું. ( જહે 'જાવરીયાના મંદિર' ના નામથી અત્યારે પણ પ્રસિદ્ધ છે ). મેવાડમાંથી પછી તેઓ **મારવાડ**માં ગયા હતા. સં. ૧૭૩૨ ની સાલમાં **નાગોર**માં પાલણપુરના ઓશવાલ હીરાની ભાર્યા હીરાદેના પુત્રરત્ન, કે જેઓ વિજયરત્નસૂરિ થયા છે, ત્હેમને પોતાની પાટે સ્થાપન કર્યા હતા, પછી **મેડતા**માં ચોમાસુ કરી વિચરતા વિચરતા સં. ૧૭૩૯ માં પાછા ગુજરાતમાં ( પાટણ ) આવ્યા હતા.

છેવટ સં. ૧૭૪૯ માં તેઓ **ઉનામાં** સ્વર્ગવાસી થયા હતા.

( ૯ )

## વિજયરત્નસૂરિ.

( આ આચાર્યની ૨૨, ૨૩, ૫૮, ૫૯, ૬૦ અને ૬૩ નંબરની એમ ૬ સજ્ઝાયો છે. )

આ આચાર્ય અઢારમી શતાબ્દિના મધ્યગાળામાં થયા છે. **પાલણપુરના** રહીશ ઓશવાલ **હીરા** અને ત્હેનાં પત્ની **હીરાદે**ને ચાર પુત્રો હતા. તેઓનાં નામ રૂપજી, નયણશી, વિમલ અને જયતસિંહ હતાં. હીરાશાના કાળ કરી ગયા પછી ત્હેનો પ્રથમ પુત્ર રૂપજી પણ સ્વર્ગવાસી થયો હતો. તે પછી તે ત્રણ છોકરાઓની માતા હીરાદે, ત્રણે પુત્રોને લઇને યાત્રા કરવા નિકળી હતી. તે સિદ્ધાચલજીની યાત્રા કરીને ગિરિનારની યાત્રાએ ગઈ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હતી. ત્યહાં **વિજયપ્રભસૂરિ**નાં પણ ત્હેને દર્શન થયાં હતાં. વિજયપ્રભસૂરિની દેશનાથી હીરાદેને વૈરાગ્ય થયો હતો, અને તેથી ત્હેણે પોતાના ત્રણે પુત્રો સાથે દીક્ષા લીધી હતી. પુત્રોનાં નામ અનુક્રમે **જ્ઞાનવિજય**, **વિમલવિજય** અને **જીતવિજય** રાખવામાં આવ્યાં હતાં. આ જીતવિજયજીને, સં. ૧૭૩૨ ના માઘ વદિ ૬ રવિવારના દિવસે **નાગોર**માં મૂણોત મોહનદાસે બાર હજાર રૂપિયા ખરચીને કરેલા ઉત્સવ પૂર્વક **આચાર્ય** પદવી આપી, પાટે સ્થાપન કરવામાં આવ્યા હતા, અને તેઓનું નામ **વિજયરત્નસૂરિ** સ્થાપ્યું હતું.

આચાર્ય વિજયરત્નસૂરિએ માળવા, મેવાડ, મારવાડ, ગુજરાત, વાગડ અને ગોડવાડમાં ઘણો વિહાર કર્યો હતો. તેઓ રાજદરબારમાં પણ સારૂ માન પામ્યા હતા. અમદાવાદમાં દિલ્લીપતિ શહેનશાહ **ઓરંગજેબ**નો પુત્ર **આજમ** ત્હેમને મળ્યો હતો, સૂરિજીએ ધર્મોપદેશ આપતાં કુરાનમાંથી **જીવદયા**નો સિદ્ધાન્ત બતાવી આપ્યો હતો. વાગડના રાઉલ **ખુમાણસિંહજી**ની સભામાં જીત મેળવીને અને અષ્ટાવધાન સાધીને રાઉલની સારી પ્રસન્નતા મેળવી હતી. રાજનગરના **આજમખાને** ત્હેમને સારૂં માન આપ્યું હતું. ચિત્તોડના રાણા **અમરસિંહ**ને પ્રતિબોધી દુમ્માલો કર મુકાવ્યો હતો, તળાવની જાળો બંધ કરાવી હતી અને ચીડીમારોને ચીડીયાં મારતા દૂર કરાવ્યા હતા. જોધપુરના રાજા **અજિતસિંહ**ને ઉપદેશ આપી, **મેડતા**ના ઉપાશ્રયને મુસલમાનોએ મસજીદ બનાવ્યો હતો, તે પાછો લીધો હતો. રાણા **સંગ્રામસિંહે** પોતાના મહેલમાં પધરાવી વીરજન્મનું વ્યાખ્યાન સાંભળ્યું હતું, જ્યહારે તેઓ ઉદયપુરમાં આવ્યા; ત્યહારે રાણાના પચાસ હાથી અને ત્રણસો ઘોડેસ્વારો ત્હેમની સ્હામે સામૈયામાં આવ્યા હતા. આજ **ઉદયપુર**માં મૂતા હરજી, મ્હેતા કલ્યાણદાસ, નાનજી, ભાણજી વિગેરેની સમ્મતિપૂર્વક ત્હેમણે સં. ૧૭૭૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ના ભાદરવા સુદિ ૮ મંગળવારના દિવસે પોતાની પાટે **વિજયક્ષમાસૂરિ**ને સ્થાપન કર્યા હતા. અને દેવવિજય, લબ્ધિવિજય અને હિતવિજયજીને **પાઠક** પદ આપ્યાં હતાં. આ ઉત્સવ ઉપર ઉદેપુરના સંઘે ૨૦ હજાર રૂપિયા ખરચ્ચાં હતા. તે પછી બીજાજ દિવસે ત્હેમણે પોતાનું આયુષ્ય ટૂંકું જાણી અણસણ કર્યું હતું, અને છેવટે સં. ૧૭૭૩ ના ભાદરવા વદિ ૨ ના દિવસે સ્વર્ગગામી થયા હતા.

## ( ૧૦ )

## મેઘવિજયઉપાધ્યાય.

( આમની ૨૪ નંબરની એકજ સજ્ઝાય છે ).

આ મેઘવિજય ઉપાધ્યાયનો જન્મ ક્યહાં અને ક્યહારે થયો? દીક્ષા ક્યહાં અને ક્યહારે લીધી ? ઉપાધ્યાય પદવી ક્યહાં અને ક્યહારે મળી ? તેમ ત્હેમના માતા પિતાનું નામ શું હતું ? તે સંબંધી કંઈ માહિતી હજૂ સુધી મળી નથી, પરન્તુ તેઓ અઢારમી શતાબ્દિમાં થયા છે, અને હીરવિજયસૂરિની પરંપરામાં થયેલ **શ્રીકૃપાવિજયજી**ના શિષ્ય હતા, એમ ત્હેમના ગ્રંથો ઉપરથી જણાય છે.

ઉપાધ્યાયજી શ્રીમેઘવિજયજીના સબંધમાં કેટલોક ભ્રમ થઇ જાય તેમ છે. કારણ કે મેઘવિજય ઉપાધ્યાય બે થયા છે, એક થયા છે સત્તરમી શતાબ્દિમાં શ્રીવિજયસેનસૂરિ વિગેરેના સમકાલીન, અને બીજા થયા છે અઢારમી શતાબ્દિમાં. પહેલા મેઘવિજયજીની ઉપાધ્યાય પદવી, સં. ૧૬૫૬ ના વૈશાખ સુદિ ૪ ના દિવસે વિજયદેવસૂરિની પદસ્થાપના વખતે ખંભાતમાં થઇ હતી. એટલે ત્હેમની દીક્ષા અને જન્મ તો તેથી પણ પહેલાં અમુક વર્ષોએ થયેલ, જ્યહારે બીજા મેઘવિજય, કે જેઓએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનસાહિત્યમાં ગ્રન્થકાર તરીકે આગળ પડતો ભાગ લીધેલો છે, તેઓએ સં. ૧૭૬૦ માં તો **સપ્તસંધાન** નામનું કાવ્ય બનાવ્યું છે, એટલે લગભગ સવાસો વર્ષ જેટલો ગાળો તો આગણતરીમાંજ થઇ જાય છે, માટે પ્રસ્તુત મેઘવિજય ઉપાધ્યાય બીજાજ છે, એમ ચોક્કસ થઇ આવે છે.

આ મેઘવિજય ઉપાધ્યાયની પૂર્વપરંપરા આ પ્રમાણેની છેઃ— ૧ હીરવિજયસૂરિ, ૨ કનકવિજય, ૩ શીલવિજય, ૪ કમલવિજય, ૫ કૃપાવિજય, ૬ મેઘવિજય.

આ મેઘવિજયજી ઉપાધ્યાયે બનાવેલા ગ્રંથો પૈકી કેટલાક પ્રસિદ્ધ આ છેઃ——

૧ **દેવાનંદાભ્યુદયકાવ્ય**, સં. ૧૭૨૭ ના આસો સુદિ ૧૦ મે સાદડીમાં બનાવ્યું. ૨ **માતૃકાપ્રાસાદ**, સં. ૧૭૪૭ ના પોષ માસમાં **ધર્મનગર**માં બનાવ્યો. ૩ **તત્ત્વગીતા**, ૪ **શાન્તિનાથ ચરિત્ર**, ૫ **દિગ્વિજયમહાકાવ્ય**, ૭ **સપ્તસંધાનમહાકાવ્ય**, સં. ૧૭૬૦ માં બનાવ્યું, ( આના ઉપર ટિપ્પણ પણ લખ્યું છે ), ૭ **વર્ષમહોદય**, ૮ **ચંદ્રપ્રભાવ્યાકરણ**, સં. ૧૭૫૭ માં આગરામાં બનાવ્યું છે, ૯ **ધર્મમંજૂષા**, ૧૦ **યુક્તિપ્રબોધનાટક**, ૧૧ **હૈમચંદ્રિકા**, ૧૨ **મેઘદૂતસમસ્યાલેખ** અને ૧૩ ખરતરગચ્છીય જ્ઞાનવિમલના શિષ્ય વલ્લભોપાધ્યાયે બનાવેલ 'વિજયદેવમાહાત્મ્ય' ઉપર **પ્રયોગોનુંપરિસ્ફોટન**, ૧૪ **ભક્તામરસ્તોત્રવૃત્તિ** વિગેરે ગ્રંથો સંસ્કૃતમાં બનાવ્યા છે, જ્યહારે શાસનદીપક સજ્ઝાય, જૈનધર્મદીપક સજ્ઝાય, આહારગવેષણાસજ્ઝાય, વિજયદેવનિર્વાણરાસ, દશમત સ્તવન અને ચોવીશી વિગેરે ભાષાની કૃતિયો પણ ત્હેમની બનાવેલી પ્રાપ્ત થાય છે.

ઉપરની કૃતિયો ઉપરથી સહજ જોઇ શકાય છે કે, શ્રીમેઘવિજય ઉપાધ્યાય અઢારમી શતાબ્દિમાં એક પ્રખર વિદ્વાન્ તરીકે પ્રસિદ્ધ થઇ ગયા છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧)

## વિજયક્ષમાસૂરિ.

(આ આચાર્યની ૨૫, ૩૩ અને ૬૧ નંબરની કુલ ત્રણ સજ્ઝાયો છે.)

આ આચાર્ય, **શ્રીવિજયરત્નસૂરિ**ની પાટે થયા છે. આમનો જન્મ મારવાડના **પાલી** નગરમાં થયો હતો. ત્હેમના પિતાનું નામ **ચતુરજી** હતું, અને માતાનું નામ **ચતુરંગદે**. સં. ૧૭૭૩ ના ભાદરવા સુદિ ૮ ના દિવસે **ઉદયપુર**માં મહારાણા **સંગ્રામસિંહ**ની હાજરીમાં **આચાર્ય** પદ પૂર્વક ત્હેમની પાટ સ્થાપના થઇ હતી. સં. ૧૭૮૫ માં **દીવ** બંદરમાં ત્હેમનો સ્વર્ગવાસ થયો હતો.

## ( ૧૨ )

## વિજયદયાસૂરિ.

( આ આચાર્યની ૨૬ નંબરની એકજ સજ્ઝાય છે. )

આ આચાર્ય શ્રીવિજયક્ષમાસૂરિની પાટે થયા છે. આ આચાર્યનું સૂરિપદ સં. ૧૭૮૫ માં **દીવ** બંદરમાં થયું હતું. સૂરતમાં ત્હેમણે ૧૪ ચોમાસાં કર્યાં હતાં. સૂરતના લોકોનો ત્હેમના ઉપર ભક્તિભાવ ઘણો વધ્યો હતો. સૂબાઓ વિગેરે પણ ત્હેમને સારૂં માન આપતા હતા. ત્હેમનો સ્વર્ગવાસ, સોરઠમાં આવેલા **ધોરાજી** નગરમાં સં. ૧૮૦૯ માં થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૩ )

# વિજયદાનસૂરિ.

( આ આચાર્યની ૩૨ નંબરની એક સજઝાય છે. )

વિજયદાનસૂરિનો જન્મ **જામલા**માં સં. ૧૫૫૩ માં થયો હતો. હેમના પિતાનું નામ **ભાવડ** હતું અને માતાનું નામ **ભરમાદે**. હેમનું મૂલ નામ **લક્ષ્મણ** હતું. નવ વર્ષની ઉમ્મરે સં. ૧૫૬૨ માં હેમણે **શ્રીદાનહર્ષ**ની પાસે દીક્ષા લીધી હતી. આચાર્ય **શ્રીઆણંદવિમલસૂરિ**એ હેમનામાં સારી યોગ્યતા જોઈ, શ્રીદાનહર્ષ પાસે હેમની માગણી કરી હતી. દાનહર્ષે એવી કબૂલાત પૂર્વક માગણીનો સ્વીકાર કર્યો હતો કે–' હેમને પાટ ઉપર સ્થાપન કરતાં મ્હારૂં કંઇક નામ રાખવું.' આણંદવિમલસૂરિએ જ્યહારે હેમને શીરોહીમાં સં. ૧૫૮૭ માં **આચાર્ય** પદવી આપી, ત્યહારે હેમનું '**વિજયદાનસૂરિ**' એવું નામ સ્થાપ્યું હતું.

આચાર્ય શ્રીવિજયદાનસૂરિએ મારવાડ, કુંકણ, ગુજરાત અને સોરઠ વિગેરે ઘણા દેશોમાં વિહાર કર્યો હતો. અને ખંભાત, અમદાવાદ, પાટણ, મ્હેસાણા અને ગંધાર વિગેરેમાં ઘણાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. આમના ઉપદેશથી સુલતાન **મહમ્મદ**ના માનનીય મંત્રી **ગલરાજ** કે જહેનું બીજું નામ '**મલિકશ્રીનગદલ**' હતું, હેણે છ મહીનાનો કર છોડાવી, તમામ સ્થળે કુંકુમપત્રિકાઓ મોકલાવી શત્રુંજયનો એક મ્હોટો સંઘ કાઢયો હતો. વળી આમના ઉપદેશથી **ગંધાર**ના રામજીશાહ અને **અમદાવાદ**ના કુંવરજીશાહે શત્રુંજય ઉપર ચોમુખ, અષ્ટાપદ વિગેરેનાં મંદિરો અને દેરીઓ કરાવી હતી. પ્રથમ પ્રવેશ કરતાં ડાબી તરફ ત્રણદ્વારનું જહે મંદિર છે, તે વિજયદાનસૂરિના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેજ શ્રાવક કુંવરજીએ બનાવેલું છે. વળી હેમણે ગિરિનારમાં જીર્ણ પ્રાસાદનો ઉદ્ધાર પણ કરાવ્યો હતો.

શ્રીવિજયદાનસૂરિએ સં. ૧૬૧૯ માં શ્રીધર્મસાગરજીને ગચ્છ બહાર કર્યા હતા, અને ધર્મસાગરના ' **કુમતિકુંદકુદાલ** ' ગ્રંથને જલશરણ કર્યો હતો. કહેવાય છે કે હેમણે અગીયારે અંગો શોધ્યાં હતાં.

હેમણે છટ્ઠ, અટ્ઠમ વિગેરે ઘણી તપાસ્યાઓ કરી હતી, તેમ હમેશાં પાંચ વિગયોનો ત્યાગજ કરતા. છેવટ હેમનો સં. ૧૬૨૨ ના વૈશાખ સુદિ ૧૨ ના દિવસે પાટણની પાસે આવેલ **વડાવલી**માં સ્વર્ગવાસ થયો હતો.

## ( ૧૪ )

## વિજયસિંહસૂરિ.

( આ આચાર્યની ૨૪ નંબરની એક સજ્ઝાય છે. )

મારવાડમાં આવેલા **મેડતા**ની અંદર **નથમલ્લ** નામાનો એક ઓશવાલ રહેતો હતો. હેની સ્ત્રીનું નામ **નાયકદે** હતું. હેમને પાંચ પુત્રો હતા. હેમનાં નામો ૧ જેઠો, ૨ જેસો, ૩ કેશવજી, ૪ કર્મચંદ્ર અને ૫ કપૂરચંદ હતાં. એક વખતે નથમલ્લને વૈરાગ્ય થતાં પોતાના ઘરનો બધો કાર્યભાર પોતાના મ્હોટા બે પુત્રો–જેઠા અને જેસાને સોંપી દઈ હેમણે પોતાની સ્ત્રી અને ત્રણ પુત્રો સાથે સં. ૧૬૫૪ ના મહાસુદિ બીજે આચાર્ય શ્રીવિજયસેનસૂરિ પાસે દીક્ષા લીધી હતી. તેઓનાં નામો આચાર્યશ્રીએ આ પ્રમાણે રાખ્યાં હતાં:—

૧ નથમલ્લનું નેમિવિજય, ૨ કેશવજીનું કીર્ત્તિવિજય, ૩ કર્મચંદ્રનું કનકવિજય, ૪ કપૂરચંદનું કુંઅરવિજય અને ૫ નાયકદેનું નયશ્રી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ નામો પૈકીના શ્રીકનકવિજયજી, તેજ શ્રીવિજયસિંહસૂરિ છે. ત્હેમનો **જન્મ** સં. ૧૬૪૪ માં થયો હતો. સં. ૧૬૭૦ માં ત્હેમને અને ત્હેમના ભાઈ કીર્તિવિજયને **પંડિત** પદ મળ્યું હતું. સં. ૧૬૭૩ માં, ત્હેમને પાટણમાં શ્રાવિકા **લાલિએ** કરાવેલી પ્રતિષ્ઠા વખતે **શ્રીવિજયદેવસૂરિએ વાચક**પદ આપ્યું હતું. તે પછી સં. ૧૬૮૧ ના વૈશાખ સુદિ ૬ ના દિવસે **ઈડરમાં** શ્રીકનકવિજયને શ્રીવિજયદેવસૂરિએ **આચાર્ય** પદવી આપી હતી. આ વખતે ઈડરમાં **કલ્યાણમલ્લ** રાજા રાજ્ય કરતો હતો. આ પદવી વખતે બે વાચકો અને ૮ પંડિતો બનાવવામાં આવ્યા હતા. વળી અહિંના સહજૂશાએ મ્હોટો ઉત્સવ કર્યો હતો. આચાર્ય પદવી વખતે શ્રીકનકવિજયનું નામ **શ્રીવિજયસિંહસૂરિ** સ્થાપવામાં આવ્યું હતું. સં. ૧૬૮૪ ના પૌષ સુદિ ૬ બુધવારે **જાલોરમાં** મંત્રી **જયમલ્લે** ગણાનુજ્ઞાનો **નંદિમહોત્સવ** કર્યો હતો. તે વખતે સહજસાગરના પ્રશિષ્ય–જસસાગરના શિષ્ય **જયસાગરને** અને વિજયસિંહસૂરિના ભાઈ **કીર્ત્તિવિજયને** વાચકપદ પણ આપ્યું હતું.

આચાર્ય શ્રીવિજયસિંહસૂરિએ, રાણા **જગત્સિંહજીને** પ્રતિબોધ કર્યો હતો. મેડતામાં **આગરાના** રહીશ અને બાદશાહના મુખ્ય વ્યવહારી **હીરાચંદની** ભાર્યા **મનીએ** આમના હાથે પ્રતિષ્ઠા કરાવી હતી. તેમ **કિશનગઢમાં**, રાઠોડવંશીય **રૂપસિંહના** મહામંત્રી રાયચંદ્રજીના આગ્રહથી ચતુર્માસ કર્યું હતું, અને ત્યહાં ઘણાં બિંબોની પ્રતિષ્ઠા પણ કરી હતી.

છેવટ–સં. ૧૭૦૯ ના આષાઢ સુદિ ૨ ના દિવસે અમદાવાદના **નવીનપુરામાં** (નવાપુરામાં) ત્હેમનો સ્વર્ગવાસ થયો હતો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ( ૧૫ )

# વિજયરાજસૂરિ.

( આ આચાર્યની ૪૨ અને ૪૩ નંબરની એમ ૨ સજ્ઝાયો છે. )

આ આચાર્ય શ્રીવિજયાણંદસૂરિની પાટે થયા છે. આ આચાર્ય સબંધી વિશેષ જાણવા જેવી હકીકત હજૂ સુધી મળી નથી. પરંતુ એટલું અવશ્ય મળે છે કે, તેઓ **કડી**ના રહીશ હતા, ત્હેમના પિતા ઓશવાલ વંશીય **ખીમા**શાહ હતા. અને માતાનું નામ **ગમતાદે** હતું. ત્હેમણે સં. ૧૭૪૨ માં સ્વર્ગગમન કર્યું હતું.

## ( ૧૬ )

# મુનિસુંદરસૂરિ.

( આ આચાર્યની ૪૪ અને ૪૫ નંબરની બે સજ્ઝાયો છે ).

આ આચાર્ય શ્રીસોમસુંદરસૂરિની પાટે થયા છે. ત્હેમનો **જન્મ** સં. ૧૪૩૬ માં થયો હતો, **દીક્ષા** સં. ૧૪૪૩ માં લીધી હતી, **વાચક** પદ સં. ૧૪૬૬ માં થયું હતું, અને **સૂરિ** પદ સં. ૧૪૭૮ માં મળ્યું હતું. આ સૂરિ પદ વખતે **વડનગર**ના સંઘવી દેવરાજે ૩૨૦૦૦ ટંકના વ્યયથી મહોત્સવ કર્યો હતો.

પ્રભાવક આચાર્ય તરીકે આમની પ્રસિદ્ધિ વધુ થઇ હતી, તેઓ બાલ્યાવસ્થાથીજ સહસ્રાવધાની હતા. ૧૦૮ બાટકીઓના નાદને તેઓ ઓળખવાની શક્તિ પણ ધરાવતા હતા. **સંતિકર-સ્તવન** બનાવીને ત્હેમણે, યોગિનીએ કરેલો મારીનો ઉપદ્રવ દૂર કર્યો હતો. ત્હેમણે ૨૪ વાર વિધિપૂર્વક સૂરિમંત્રનું આરાધન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કર્યું હતું, ત્હેમાં ૧૪ વાર ત્હેમના ઉપદેશથી **ચંપકરાજ, દેપા** અને **ધારા** વિગેરે રાજાઓએ પોત પોતાના દેશોમાં અમારી પ્રવર્તાવી હતી. શીરોહીના રાજા **સહસ્રમલ્લ**ની વિનતિથી ટીડોનો ઉપદ્રવ ત્હેમણે દૂર કર્યો હતો, તેથી રાજાએ અમારી પણ પ્રવર્તાવી હતી. વળી કૂવામાંથી ઋષભદેવની મૂર્ત્તિ કઢાવીને તે, શીરોહીના **લાખા** રાજાને આપી હતી, રાજાએ તે મૂર્તિ પોતાના મ્હેલની ડાબી તરફના મ્હોટા દેરાસરમાં સ્થાપિત કરી હતી.

આ આચાર્યને ખંભાતના દફરખાને '**વાદિગોકુલષંડ**' નું બિરૂદ આપ્યું હતું, અને દક્ષિણમાં 'કાલિસરસ્વતી' નું બિરૂદ મળ્યું હતું. આમના બનાવેલા ગ્રંથો પૈકી પ્રસિદ્ધ આ છેઃ—૧ **ઉપદેશરત્નાકર**, ૨ **ત્રૈવિદ્યગોષ્ઠી** ૩ **જયાનંદચરિત્ર**, ૪ **મિત્રચતુષ્કકથા**, ૫ **અધ્યાત્મકલ્પદ્રુમ**, ૬ **જિનસ્તોત્રરત્નકોશઃ**, ૭ **ચતુર્વિંશતિજિનસ્તોત્ર** અને ૮ **ત્રિદશતરંગિણી** વિગેરે.

આ ત્રિદશતરંગિણી ગ્રંથ, પર્યુષણાના ખામણા રૂપે એક ૧૦૮ હાથનો લાંબો લેખ છે. આ લેખ, ત્હેમણે પોતાના ગુરૂ ઉપર મોકલ્યો હતો. ત્હેમાં પ્રાસાદ, પદ્મચક્ર, ષટ્કારક, ક્રિયાગુપ્ત, અર્ધભ્રમ, સર્વતોભદ્ર, મુરજ, સિંહાસન, અશોક, ભેરી, સમવસરણ, સરોવર અને અષ્ટમહાપ્રાતિહાર્ય વિગેરે નવા ત્રણસો બંધ, તર્કપ્રયોગાદિ અનેક ચિત્રાક્ષરો, દ્વયક્ષર, પંચવર્ગ પરિહાર અને ચિત્રશ્લોકો સ્તુતિરૂપે આલેખ્યા હતા.

આ આચાર્યશ્રી ગણનાયક થયા પછી ૮ વર્ષે **યુગપ્રધાન** થયા હતા, ત્રણ વર્ષ યુગપ્રધાનાવસ્થામાં રહ્યા પછી સં. ૧૫૦૩ ના કાર્ત્તિક સુદિ ૧ ના દિવસે **કોરટા**માં સ્વર્ગવાસી થયા હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

( ૧૭ )

# સોમસુંદરસૂરિ.

( આ આચાર્યની ૪૫ નંબરની માત્ર એકજ સજઝાય છે. )

આ આચાર્યના **જન્મ**, પાલ્હણપુરમાં સં. ૧૪૩૦ ના માઘ વદિ ૧૪ ના દિવસે થયો હતો. ત્હેમના પિતાનું નામ **સજ્જન** શાહ હતું, અને માતાનું **માલ્હણદે**. મૂલ નામ **સોમચંદ્ર** હતું. સાત વર્ષની ન્હાની વયમાં એટલે સં. ૧૪૩૭ માં ત્હેમણે પાલ્હણપુરની અંદરજ **શ્રીજયાનંદસૂરિ** પાસે દીક્ષા લીધી હતી. ત્હેમની સાથે ત્હેમની બહેને પણ દીક્ષા લીધી હતી. શ્રીજયાનંદસૂરિનો સ્વર્ગવાસ થતાં ત્હેમની પાટે **શ્રીદેવસુંદરસૂરિ** આવ્યા હતા. દેવસુંદરસૂરિએ સોમસુંદરને **શ્રીજ્ઞાનસાગરસૂરિ** પાસે અભ્યાસ કરવા મોકલ્યા હતા. ત્હેમની પાસે ત્હેમણે સારો અભ્યાસ કર્યો હતો. તે પછી સં. ૧૪૫૦ માં ત્હેમને **વાચક** પદ મળ્યું હતું, અને સં. ૧૪૫૭ માં **અણહિલ્લપુર**ના **નરસિંહે** કરેલા ઉત્સવ પૂર્વક **આચાર્ય** પદવી મળી હતી.

આ આચાર્યશ્રીના ઉપદેશથી ઘણાં ઉત્તમોત્તમ પ્રભાવક કાર્યો થયાં હતાં. જ્હેમાંનાં ખાસ ખાસ આ છેઃ—

**માંડવગઢ**ના **સંગ્રામ** સોનીએ આચાર્યશ્રીને ચોમાસું રાખી **ભગવતી** સૂત્ર વંચાવ્યું હતું, અને પ્રત્યેક ' ગોયમા ! ' શબ્દે સોનામહોરો ચઢાવી હતી. એકંદર સંગ્રામે ૩૬૦૦૦ સોનામહોરો, ત્હેની માતાએ ૧૮૦૦૦ અને ત્હેની સ્ત્રીએ ૯૦૦૦ એમ કુલ ૬૩૦૦૦ સોનામહોરો ચઢાવી હતી. ત્હેની અંદર ૧ લાખ અને ૪૫૦૦૦ સોનામહોરો બીજી ઉમેરી તે બધું દ્રવ્ય, સં. ૧૪૭૧ ની સાલમાં કલ્પસૂત્ર અને કાલિકાચાર્યની કથાની પ્રતિયો સચિત્ર

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુવર્ણ અને રૂપેરી અક્ષરોએ લખાવામાં વાપર્યું હતું. આ બધી પ્રતિયો સાધુઓને વાંચવા માટે આપી હતી. વળી તેજ **સંગ્રામે** સુપાર્શ્વનાથનું મંદિર બંધાવ્યું હતું અને **મક્ષીજી**માં પાર્શ્વનાથની મૂર્ત્તિ સ્થાપિત કરાવી હતી.

સં. ૧૪૯૬ માં રાણપુરના **શ્રીધરણે** સૂરિજીના ઉપદેશથી રાણપુરમાં બંધાવેલ શ્રીઋષભદેવ ભગવાનના ચોમુખ મંદિરની શ્રીસોમસુંદરસૂરિએ પ્રતિષ્ઠા કરી હતી.

આ આચાર્યશ્રી **દેલવાડા** ( મેવાડ ) માં ત્રણ વખત પધાર્યા હતા. પહેલીવાર આવ્યા ત્હારે **લાખા**રાણાના માનીતા મંત્રીયો **રામદેવ** અને **ચૂંડ** સ્હામે ગયા હતા. બીજી વખત આવ્યા ત્હારે **નીંબ** શ્રાવકે કરેલા ઉત્સવ પૂર્વક **ભુવનસુંદરને આચાર્ય** પદવી આપી હતી. ત્રીજી વખત આવ્યા ત્હારે, **વીસલે** કરેલ ઉત્સવ પૂર્વક **વિશાલરાજને વાચક** પદ આપ્યું હતું, **વીસલે** ચિત્તોડમાં બનાવેલા શ્રેયાંસનાથના મંદિરમાં પ્રતિષ્ઠા કરી હતી, વીસલના પુત્ર ચંપકે કરાવેલ મંદિરમાં ' મનોરથકલ્પદ્રુપ ' નામની ૯૩ આંગલના જિનબિંબની પ્રતિષ્ઠા, ત્હેની માતા ખીમાઈના નામથી કરી હતી, વળી ચંપકે કરેલ ઉત્સવ પૂર્વક જિનકીર્ત્તિને સૂરિ પદ અને ઘણાઓને દીક્ષા આપી હતી. વળી સુરગિરિ ( દોલતાબાદ ) ના રહીશ **મહાદેવે** કરેલ ઉત્સવ પૂર્વક અહિં ( દેલવાડામાં ) **રત્નશેખરને વાચક** પદ આપ્યું હતું. આ સિવાય આચાર્યશ્રીના હાથે બીજાં ઘણાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ અને તે નિમિત્તે શ્રાવકોએ ઉત્સવો જુદા જુદા સ્થાનોમાં કર્યા હતા.

એકંદર આ આચાર્યશ્રીએ પાંચ જણને **આચાર્ય** પદવીયો આપી હતી:—૧ મુનિસુંદરસૂરિ, ૨ જયચંદ્રસૂરિ ( ' કૃષ્ણસરસ્વતી ' બિરૂદધારક ), ૩ ભુવનસુંદરસૂરિ, ૪ જિનસુંદરસૂરિ અને ૫ જિનકીર્ત્તિસૂરિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીસોમસુંદરસૂરિએ ગ્રંથો પણ કેટલાક બનાવ્યા છે, જ્હેમાંના, **ઉપદેશમાળાબાળાવબોધ** ( ૧૪૮૫ માં ), **યોગશાસ્ત્રબાળાવબોધ, ષડાવશ્યકબાળાવબોધ, નવતત્ત્વાદિબાળાવબોધ, ષષ્ટિશતકબાળાવબોધ** ( ૧૪૯૬ માં ), **આરાધનાપતાકાબાળાવબોધ, ભાષ્યત્રયાવચૂરિ, કલ્યાણકસ્તોત્ર,** અને **રત્નકોશ** વિગેરે ગ્રંથો પ્રસિદ્ધ છે.

છેવટ, આ આચાર્યશ્રીનો સં. ૧૫૯૯ માં સ્વર્ગવાસ થયો હતો.

## ( ૧૮ )

## ભાનુચંદ્રઉપાધ્યાય.

( આમની ૫૩ નંબરની એકજ સજ્ઝાય છે. )

. આ ભાનુચંદ્રજી મૂલ **સિદ્ધપુર**ના રહીશ હતા. ત્હેમના પિતાનું નામ **રામજી** હતું અને માતાનું નામ **રમાદે**. મૂલનામ ત્હેમનું **ભાણજી** હતું. ત્હેમના વડીલ ભાઇનું નામ **રંગજી** હતું. આ બન્ને ભાઇઓએ **શ્રીસૂરચંદ્રજી** પંન્યાસ પાસે દીક્ષા લીધી હતી. ઘણા ગ્રંથોનો અભ્યાસ કર્યા પછી ત્હેમને **પંન્યાસ** પદવી મળી હતી. ત્હેમનામાં સારી યોગ્યતા જાણીને **શ્રીહીરવિજયસૂરિ**એ ત્હેમને **અકબર** બાદશાહ પાસે મોકલ્યા હતા. ત્હેમણે બાદશાહ અને બીજા પ્રધાન મંત્રિ **અબ્બુલફજલ** વિગેરે ઉપર ઘણો સારો પ્રભાવ પાડયો હતો, ભાનુચંદ્રજીએ અકબર બાદશાહ સમક્ષ કેટલાક બ્રાહ્મણ પંડિતોને પણ હરાવ્યા હતા. જ્યહારે બાદશાહ **કાશ્મીર**ની મુસાફરીએ ગયો હતો, ત્યહારે ભાનુચંદ્રજીને પણ સાથેજ લઇ ગયો હતો. ભાનુચંદ્રજીના મુખથી તે દરેક રવિવારે **સૂર્યના** સહસ્રનામો શ્રવણ કરતો. કાશ્મીરના એક ૪૦ કોસના તળાવને કિનારે પડાવ નાખ્યો હતો. અહિંજ એક વખત પ્રસંગ આવતાં ભાનુચંદ્રજીએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શ્રીશત્રુંજય** તીર્થની માગણી કરી હતી. બાદશાહે પ્રસન્નતા પૂર્વક તે તીર્થ અર્પણ કર્યું હતું, અને તે સંબંધી **ફરમાન પત્રો** લખી આપ્યાં હતાં. કાશ્મીરથી પાછા ફરતાં બાદશાહની સાથે જ્યહારે ભાનુચંદ્રજી **લાહોર** આવ્યા હતા, ત્યહારે ત્હેમના ઉપદેશથી અહિંના શ્રાવકોએ વીસ હજાર રૂપિયા ખરચી એક મ્હોટો ઉપાશ્રય કરાવ્યો હતો.

એક વખત અકબર બાદશાહને એમ જણાયું કે, ભાનુચંદ્રજી આવા વિદ્વાન્ અને પ્રભાવક હોવા છતાં ત્હેમને કોઇ મ્હોટી પદવી નથી. આથી બાદશાહે હીરવિજયસૂરિની પાટ ઉપર સ્થાપન કરવાની પોતાની ઇચ્છા જણાવી. ભાનુચંદ્રજીએ ચોખ્ખી ના પાડી. ત્યહાર પછી બાદશાહે હીરવિજયસૂરિ પાસેથી વાસક્ષેપ મંગાવીને મ્હોટા સમારોહ પૂર્વક ત્હેમને **ઉપાધ્યાય** પદવી આપી. આ વખતે શેખ **અબ્બુલફજલે** પચીસ ઘોડા અને દસ હજાર રૂપીયાનું દાન કર્યું હતું. સંઘે પણ ઘણો ખર્ચ કર્યો હતો.

અકબર બાદશાહના દેહાન્ત પછી ભાનુચંદ્રજી પુનઃ આગરે ગયા હતા, અને અકબર બાદશાહે પહેલાં જહેજહે ફરમાનો કરી આપ્યાં હતાં, તે બધાં કાયમ રાખવાને જહાંગીરનો હુકમ મેળવ્યો હતો.

આ ભાનુચંદ્રજી પાસે અકબરના પુત્રો **જહાંગીર** અને **દાનીયારે** ખાસ અભ્યાસ કર્યો હતો. તે સિવાય જ્યહારે **જહાંગીર માંડવ**માં હતો, ત્યહારે ત્હેણે ખાસ ગુજરાતમાં માણસો મોકલીને ભાનુચંદ્રજીને પોતાની પાસે બોલાવ્યા હતા. અહિં ત્હેણે પોતાના પુત્ર **સહરિયાર**ને ભાનુચંદ્રજી પાસે ભણવા મૂક્યો હતો. આ વખતે જ્યહારે ભાનુચંદ્રજી, માંડવ આવ્યા હતા, ત્યહારે બાદશાહ જહાંગીરે શું કહ્યું હતું:—

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"મિલ્યા ભૂપનઈં, ભૂપ આનંદ પાયા,
ભલઇં તુમે ભલઇં અહી ભાણચંદ આયા,
તુમ પાસિથિઇં મોહિ સુખ બહૂત હોવઇ,
**સાહરિઆર** ભણવા તુમ બાટ જોવઇ. ૧૩૦૯

પઢાઓ અહ્મ પૂતકું ધર્મ્મવાત,
જિઉં અવલ સુણતા તુહ્મ પાસિ તાત,
ભાણચંદ ! કદીમ તુમે હો હમારે,
સબહી થકી તુહ્મ હો હમ્મહિ પ્યારે. ૧૩૧૦

( વિજયતિલકસૂરિ રાસ, પૃ. ૧૦૯ )

આ ઉપરથી સહજ જોઈ શકાય છે કે, બાદશાહ જહાંગીર પણ શ્રીભાનુચંદ્રજીને ઘણું માનતો હતો. આ જહાંગીરે પોતાના લખેલા આત્મજીવનમાં પણ તપાગચ્છના ઉપરી તરીકે શ્રીભાનુચંદ્રજીનેજ ઓળખાવ્યા છે. આનું કારણ એ હતું કે, તે વખતે હીરવિજયસૂરિ અને વિજયસેનસૂરિ બન્ને સ્વર્ગવાસી થએલા હતા, અતએવ જહાંગીરની દૃષ્ટિમાં ભાનુચંદ્રજી પ્રધાન તરીકે આવ્યા હતા.

આ ભાનુચંદ્રજીએ એક વખત **માલપુર**માં વીજામતિયોની સાથે શાસ્ત્રાર્થ કરીને ત્હેમનો પરાજય કર્યો હતો, અહિં ત્હેમના ઉપદેશથી એક વિશાલ પ્રાસાદ પણ થયો હતો. ત્હેના ઉપર સુવર્ણમય કળશ ચઢાવરાવી પ્રતિષ્ઠા કરી હતી. ત્યહાંથી તેઓએ મારવાડમાં આવી **જાલોર**માં ચોમાસું કર્યું હતું. અહિં ત્હેમણે એકી સાથે એકવીસ જણાઓને **દીક્ષા** આપી હતી. એકંદર ત્હેમને સારા વિદ્વાન્ ૮૦ શિષ્યો હતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ( ૧૯ )

# વિજયધર્મસૂરિ.

( આ આચાર્યની ૫૭ નંબરની એક સજઝાય છે.)

આ આચાર્ય **શ્રીવિજયદયાસૂરિની** પાટ ઉપર થયા છે. તેઓનો **જન્મ** મેવાડના **રૂપનગરમાં** ઓસવાલ **પ્રેમચંદ્ર** સુરાણાને ત્ય્હાં થયો હતો. સં. ૧૮૦૩ માં ત્હેમને ઉદેપુરમાં મ્હોટા આડંબર પૂર્વક **આચાર્ય** પદવી મળી હતી. આ વખતે ઉદેપુરના સંઘે ત્રીસહજાર રૂપિયાનો વ્યય કર્યો હતો. સં. ૧૮૦૯ માં, મારવાડના **કાછોલી** ગામમાં તેઓ **ગચ્છનાયક** થયા હતા. સં. ૧૮૨૬ માં સૂરતના રહેનાર **કચરાભાઇ તારાચંદે સિદ્ધાચલજી** ઉપર આ આચાર્યશ્રી પાસે ઘણાં જિનબિંબોની પ્રતિષ્ઠા કરાવી હતી. છેવટ સં. ૧૮૪૧ ના માર્ગશીર્ષ વદિ ૧૦ ના દિવસે મારવાડમાં આવેલ **બલુંદા** ગામમાં ત્હેમનો સ્વર્ગવાસ થયો હતો.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

अर्हम्

# ऐतिहासिक–सज्झायमाला.

## १

### *આણંદવિમલસૂરિ સજ્ઝાય.

ગોયમ ગણહર પ્રણમું પાય, સરસતિ સામિણિ સમરૂં માય;
હું ગાઉં શ્રીતપગચ્છરાય, શ્રીઆણંદવિમલસૂરિ પ્રણમું પાય. ૧
દુસમકાલિં ગુણહ નિધાન, મઈં પામ્યો તું યુગહપ્રધાંન;
સુવિહિત મુનિવર કેરૂ રાય, શ્રીઆણંદવિમલસૂરિ પ્રણમું પાય. ૨
ઇડરીનયરિ હુઓ અવતાર, માતા માણેકદે કૂખિ મલ્હાર;
સા મેઘા કુલિ કમલ દિણંદ, શ્રીઆણંદવિમલ સૂરિંદ. ૩
દુદ્ધર પંચ મહવ્વય ભાર, તે તુમ્હે ધરિઓ અંગિ અપાર;
સાધુધર્મ તુમ્હે સૂધો કરિઓ, દુરગતિ પડતઉ જીવ ઉદ્ધરિઓ. ૪
પાંચ સુમતિ તુમ્હે પાલી ખરી, ત્રિણિ ગુપતિ સૂધી આદરી;
પરિગ્રહ મમતા મૂકી કરી, શ્રીજિનઆજ્ઞા સૂધી ધરી. ૫
ઉગ્ર ચારિત્ર નઇ ઉગ્ર વિહાર, તે તુમ્હે કીધઓ સુદ્ધઆચાર;
વલી ઉગ્ર તપ કીધઓ ઘણો, તે હું બોલું ભવિઅણ સુણઉ. ૬
શ્રીજિન પ્રતિમા આગલી રહી, પાપ સર્વે આલોયાં સહી;
સઉ ઇકાસી ઉપવાસ કરી, સંયમ કમલા રૂડી વરી. ૭
વીસથાનક તપ વીસ ૨ વાર, ચઉથે કરી તુમ્હે કીધઓ સાર;
ઇગ્યારસઇં ચઉથ તુમ્હે પૂરા કર્યા, વીસ બોલ તે મનમાંહિ ધર્યા. ૮

* ઉદેપુરના યતિ વિવેકવિજયજીના ભંડારની પ્રતિ ઉપરથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વલી થાનકતપ બીજી વાર, છઠે કરી તુમ્હે કીધઓ સાર;
ચ્યારસઇં છઠ તે પૂરા કર્યા, વિહરમાન જિન હિઇડઈ ધરિયા. ૯
તેહના કીધા છઠ વલી વીસ, શ્રીવીરતણા છઠ બિસઇં ઓગણત્રીસ;
વલી છઠ તુમ્હે કીધા ઘણા, પાખી ચઉમાસી અઠાઇ તણા. ૧૦
પહિલા કર્મના દુવાલસ પંચ, દર્શનાવરણીના નવ દસમ;
અંતરાયના દુવાલસ પંચ, મોહનીના અઠાવીસ અઠમ. ૧૧
વેદનીગોત્ર અઉખા તણા, અઠમ દસમ તુમ્હે કીધા ઘણા;
નામકરમનું તપ નવી થઉ, એહ મનોરથ મનમાંહી રહ્યો. ૧૨
ગુજર માલવ વાગડ દેસિ, મેદપાઠિ મારૂ આદિ વિદેસિ;
સોરઠ કાન્હડ મદમણ નઇ દેસિ, શ્રીપૂજ્યજી દીધો ઉપદેસ. ૧૩
ઠામિ ઠામિ તે મહોછબ ઘણા, મનોરથ પૂર્યા શ્રીસંઘતણા;
ચઉવિહ સંઘ મિલ્યા તે બહુ, ધરમવંત તે હરખ્યા સહુ. ૧૪
પ્રમાદ તણું કીધઉ પરીહાર, શ્રીવીરસાસન દીપાવણહાર;
પ્રતિપઉ શ્રીગુરૂ જિહાં રવિચંદ, શ્રીઆણંદવિમલ સૂરિંદ. ૧૫
પનર બ્યાસીઇ સાધુપંથ લીધ, સંવત છન્નૂઇ અણસણ કીધ;
ચ્યાર સરણ મનમાંહી ધરી, શ્રીપૂજ્ય પોહતા દેવની પુરી. ૧૬
અહમ્મદાવાદિ હુંઉં નિરવાણ, માંડવી મહોછબ અતિહિં મંડાણ;
ચઉવિહ સંઘ ઘણા તપ કરઇ, શ્રીપૂજ્ય નામ હીયામાંહિ ધરઇ. ૧૭
શ્રીહેમવિમલસૂરિ કેરૂં શીશ, શ્રીઆણંદવિમલ સૂરીસ;
શીશ વિનયભાવ પ્રણમી કહઇ, તુહ્મ ધ્યાનિં મોરૂં ચિત રહઈ. ૧૮
પટ્ટ ધુરંધર તપગછરાય, શ્રીવિજયદાનસૂરિ પ્રણમું પાય;
શ્રીઆણંદવિમલસૂરિ કેરૂ શીશ, શ્રીસંઘતણી પુરવુ જગીસ. ૧૯

## ૨

## *શ્રીસોમવિમલ વધાવુ.

---

હિઉ સોના કેરી જીભડી સંદેશા સાહેલિ,
દેખી શ્રીગુરૂ આવતા તુ હીપડારે કુંપલ મેલિહ કિ;
હિઉંગી રે વધાવુ ગુરૂ મૂરતિ રે મોહણવેલિ એ રસની રે રંગની
રેલિ કિ. હિ૦ ૧

---

* ઉદેપુર, (મેવાડ) ગોડીજીના ભંડારની પ્રતિ ઉપરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આગમન ગુરૂનાં સાલહી સાલહી કાગલ કૂર;
આહાર આ હાર દિઉં વધામણાં રે લાષીણાં ચીર કિ. દિ૦ ૨
ધન સેરી ગુરૂ સાંચર્યા તિહાં પથરાવું પાટ;
કરૂં રે લાષીણાં લૂંછણાં હૂં ઉઠી રે નવરંગ ઘાટ કિ. દિ૦ ૩
મોટાં મોતી રે ભરીયલાં ત્રાટ બઇસારી રે ગુરૂ સોવન પાટ;
શૃંગારી રે નારી સિરિ માટ કિ. દિ૦ ૪
તિહાં જય જય રે બોલઇ ભાટ આરોપ્યા રે ધર્મના આધાટ;
શૃંગારી રે નગરીનાં હાટ કિ. દિ૦ ૫
ધન અમરાદે કૂપડી જિણિ જનમ્યા શ્રીજસવંત;
માસી માકૂ વાઘજી શત શાષા રે પસરૂ શ્રીવંત કિ. દિ૦ ૬
ધનરાજ વાધા દો મિલી દહીં દીઇ જુ નિજ હાથિ;
તુ કરૂ હૂં તપ પારણુ અપવાસે રે આઠે દધિ સાથિ કિ. દિ૦ ૭
ચરણ પ્રમોદિ વાહીઇ ગુરૂ ગોયમનું અવતાર;
શ્રીસોમવિમલસૂરિ રાજીઉ ગુરૂ લબધિ રે વયરકુમાર કિ. દિ૦ ૮
જાં મેરૂ ધ્રૂ અવિચલ ભણઇ આણંદપ્રમોદ ઉવઝાય;
સોમવિમલસૂરિ તાં તપઇ શ્રીચંદગચ્છ રે કેરૂ રાય કિ. દિ૦ ૯

"સંવત્ ૧૬૨૩ વર્ષે માહાવદિ બીજદિને લષિતં । તપાગચ્છે શ્રીસોમવિમલસૂરિ રાજ્ય શિષ્ય વિચારસોમમુનિના લષિતં ॥ શ્રી-અજાઈ પઠનાર્થં."

૩

## ॥ श्रीहीरविजयसूरिपादुकाष्टकम् ॥

---

श्रीमान् कामगवीव कामितसुखं सूते स्म यः सेवित-
श्चक्रे यः सवितेव विश्वमखिलं सालोकमालोकितः ।
विद्युत्वानिव पापतापमहरद् यः संस्तुतः सूरिराट्
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ १ ॥
सच्चक्रप्रणयी पयोरुहवनं भास्वानिवाभीशुभिः

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

प्रीतास्वल्पकलापिकः कृषिभरं तोयैस्तडित्वानिव ।
विश्वं विश्वमतोषयत् स्ववचनैर्यः पुण्यनैपुण्यधीः
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ २ ॥

आलोकं विलसत्समस्तकमलामोदं गभस्तेरिव
स्तोमं तोयमुचामिवास्ति भुवनानन्दं पदं श्रेयसाम् ।
यं लोको बहु मन्यते स्म सकलः सर्वत्र सौवाप्तदृक्
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ ३ ॥

स्वाज्ञावर्तिषु मण्डलेषु निखिलेष्वानन्दतोऽचीकरत्
प्रीतो यद्वचनैः कृपावनघनैः शाहिर्हुमाऊसुतः ।
जीवानामभयप्रदानपटहोद्धोषानघध्वंसिनः
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ ४ ॥

श्रीमान् शाहिअकब्बरक्षितिपतिर्यद्वाग्भिरानन्दितः
कृत्वा तत्करमुक्तिमुक्तिमनघां बिभ्रद् ददौ दक्षधीः ।
तीर्थं जैनजनाय तीर्थतिलकं शत्रुञ्जयोर्वीध्रं
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ ५ ॥

स्वं गाढाग्रहिणं कदाग्रहमथाङ्कुरं विहाय स्वयं
लुम्पाका ऋषिमेघजीप्रभृतयः श्रेयोऽर्थिनोऽल्पेतराः ।
भृङ्गत्वं बिभरांबभूवुरनिशं यत्पादपाथोरुहे
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ ६ ॥

चैत्याद्युद्धरणैर्व्रतानुसरणैः सन्मानदानोत्सवै-
रेकच्छत्रमिवाभवद् भगवतां सद्वासनं शासनम् ।
यस्मिन् श्रीतपगच्छवल्लिजलदेऽलंकुर्वति क्ष्मातलं
सिद्ध्यै तस्य मुनीन्द्रहीरविजयस्यानन्दिके पादुके ॥ ७ ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीवत्सध्वजमत्स्यचक्रकुलिशच्छत्राङ्कुशाम्भोरुहा-
म्भोधिस्वस्तिकचामरद्विपनिपद्रीपादिचिह्नाङ्किते ।
ये नित्यं नमतां भवन्ति वशगा राज्यर्द्धयः सिद्धय-
स्ते सूरेस्त्रिदशस्तुते सुजयतामानन्दिके पादुके ॥ ८ ॥

प्रत्यूषे प्रतिवासरं प्रगुणितप्रौढप्रमोदः पुमा-
नेतत् स्पष्टकमष्टकं पठति यः कृत्वैकतानं मनः ।
सौभाग्यादिगुणौघरत्नखनयः क्रीडन्ति तस्यौकसि
प्राज्याः प्रीणितपुण्यहेमाविजयानन्दादिसंपत्तयः ॥ ९ ॥

इति तपागच्छाधिराजश्रीहीराविजयसूरीश्वरपादुकाष्टकं संपूर्णमिति भद्रं निजपठनकृते कीर्तिविजयगणिनाऽलेखीति भद्रं भूयात् । संवत् १६५८ वर्षे मार्गशीर्ष शु० ७

४

## * શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

---

જેણ દિન હીરગુરૂ વદન સમ ચંદ્રમા સુણિ સખિ હું સદા નયન પેખું;
હીરગુરૂ વચન અમૃતરસ મનિ ધરૂં સોઈ દિન આઊખા માહિં લેખું. જેણ૦ ૧

સુણિ સખી મધ્ય લિખી હીરગુરૂ ગુણ સ્તુતિ સાહિ અકબર યથા મનિ વિચારિ;
સુમતિ ગુપતિ તથા હીર સુધી ધરઈ હીરગુરૂ શુદ્ધ નવ બ્રહ્મચારી. જેણ૦ ૨

ધન્ય તે ગામ પુર નયર વર પત્તના હીરગુરૂ પદકમલ પવિત્ર કીના;
ધન્ય તે ભવિક લોકા સખી હું ગુણું હીરગુરૂ ગુરૂપણઇં જેહ લીણા. જેણ૦ ૩

---

* ઉદેપુરના યતિ વિવેકવિજયજીના ભંડારની પ્રતિ ઉપરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીરગુરૂ તપતપો હીર ઉપશમ રસો સુણિ સખી પેખીએ એહી સારો;
હીરગુરૂ સાર સંયમ ધરો ગણધરો જનની જાયો ભવાંભોધિ તારો.
જણ૦ ૪
રયણની જાતિ માતી ન રેખા યથા લશણીઉ લોકમઇં સાર હીરો;
સાહી અકબર યથા હીરગુરૂ ચિત્ત ધર્યું સકલમુનિ સો નમ્યો ગુણ
ગંભીરો. જેણ૦ ૫

૫

## * શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

પ્રણમી સંતિ જિણેસર રાય સમરીય સરસતિ સામિણિ માય;
થુણસિઉં મુઝિ મનિ ધરી આણંદ ગુરૂ શ્રીહીરવિજય સૂરિંદ. ૧
શ્રીઆણંદવિમલ સૂરીસરરાય શ્રીવિજયદાનસૂરિ પ્રણમું પાય;
તાસ સીસ સેવઇ મુનિવૃંદ ગુરૂ શ્રીહીરવિજયસૂરિંદ. ૨
સમતારસ કેરઉ ભંડાર ભવિક જીવનઇં તારણહાર;
પાએ નમઇ નરનારીવૃંદ ગુરૂ શ્રીહીરવિજયસૂરિંદ. ૩
દેહકાંતિ દીપઇ જિમ ભાણ વાણી મધુરી કરઇ વષાણ;
પડિબોહિઇં સુરનર દેવિંદ ગુરૂ શ્રીહીરવિજયસૂરિંદ. ૪
ચઊદ વિદ્યા ગુણરયણનિધાન વાદી સયલ મનાવ્યા આણ;
શ્રીવિજયદાનસૂરીસર સીસ પ્રતિપઉ એહ ગુરૂ કોડિ વરીસ. ૫

૬

## શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

વીરજિન કનકગિરિ સુંદરૂ શ્રીજિનશાસન સાર રે;
નંદન વન શ્રુત કેવલી કંદથી હુઉ અવતાર રે. ૧
શ્રીગુરૂ સુરતરૂ અભિનવુ વાંછિત પૂરવઇ કામ રે;
નામ લીધઇં ભવિજનતણાં વિબુધજન સયલ સુખ ધામ રે. શ્રી૦ ૨

* ઉદેપુરના યતિ વિવેકવિજયજીનાભંડારની પ્રતિ ઉપરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમકિતમૂલ સોહામણું સીઢ સુદૃઢ થડ જાસ રે;
વાડિનવ અતિ ઘણૂં દીપતી અચલ જડ સત્ય વિશ્વાસ રે. શ્રી૦ ૩
શાખ પ્રતિશાખ મહાવ્રત વલી સુમતિ મતિ ગુપતિની ચંગ રે;
કૂંપલી કુંપલી જાણીઇ શ્રીજિનવચન સુરંગ રે. શ્રી૦ ૪
ચરણ કરણ ગુણ પાનડાં વિનય નય કોરક સાર રે;
જ્ઞાન ફૂલે કરી ફૂલીઉ કરય યશ ગંધ વિસ્તાર રે. શ્રી૦ ૫
સરસ વચન રસ મંજરી પિંજરીકૃત વન દેશ રે;
પલ્લવ પ્રૌઢ તિહાં પુણ્યનાં ગલય નવ રસ સુવિશેસ રે. શ્રી૦ ૬
કનકવરણ અતિ કૂંયલી શાખ પરિપૂરણ કાય રે;
સરસ નિવિડ ઘન સીયલી તાપહર કીરતિ છાય રે. શ્રી૦ ૭
મુનિવરગણ તિહાં ભમરલાં ગુમ ગુમ કરય સજ્ઝાય રે;
અંગ અગ્યાર રસ પીયતાં દેહની પુષ્ટિ બંધાય રે. શ્રી૦ ૮
વિમલમતિ વિબુધ સેવા કરઇ મનિ ધરી અતિહિં આણંદ રે;
અવિચલ પદ ફલસું ફલિઓ નિર્વૃતિ સ્વાદ અમંદ રે. શ્રી૦ ૯
સાધવી સાર કલકંઠિકા ધરઇ ગતિ પંચમ રાગ રે;
શ્રાવક શ્રાવિકા સુક સુકી નહીં તિહાં કુમતિજન કાગ રે. શ્રી૦ ૧૦
વાચક સાલતરૂ પરિવરિઉ આચારિજ ચારૂ મંદાર રે;
હીરવિજય ગુરૂ સુરતરૂ ‘કનકવિજય’ સુખકાર રે. શ્રી૦ ૧૧

“ ॥ ઇતિ શ્રીગુરૂણાં સ્વાધ્યાય: પ્રણીત: પં૦ કનકવિજયગણિપાદૈર્લિખિતશ્ચ તૈરેવ મુ૦ વિદ્યાસુંદરપઠનકૃતે ” ॥ મુનિ અનંતસાગરસ્ય પત્રં ”

૭

## શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

---

સરસતિ સામિણિ પાએ લાગઉં માગઉં અવિચલ વાણી રે;
તપગછ નાયક જિમ હું ગાઉં વિમલ ભગતિ ચિત્તિ આણી રે. ૧
જય જય શ્રીહીરવિજયસૂરિ સૂરિજ સમ નિત દીપઇ રે;
કલિજુગિ કુમતીમતબલગંજન તિમિર હરી જગિ જીપઇ રે. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઓસવંસ સાહ કુંરાનંદન નાથી માતા જાયઉ રે;
પરમ પુરૂષ પુરૂષોત્તમ જાણી ઇંદ્રાણી ગુણ ગાયઉ રે. જય જય૦ ૩

તપગચ્છપતિ ગુણવંતઉ દેષી શ્રીવિજયદાનસૂરિ દીષ્યઉ રે;
બાલપણઇ બહુ બુદ્ધિ મહોદધિ ચઉદ વિદ્યાગમ સીષ્યઉ.
જય જય૦ ૪

સુંદર મૂરતિ મુનિ જન મોહન ઉપશમ રસ ભૃંગારૂ રે;
જુગપ્રધાન જંગમ કલપત્તરૂ જિનશાસન શૃંગારૂ રે. જય જય૦ ૫

પંચાચાર વિચાર ચતુરમતિ સૂરિ ગુણે નિત ગાજઇ રે;
ગામાગર પુરિ વિહાર કરંતઉ આવઇ બહુત દવાજઇ રે. જય જય૦ ૬

કીરતિ કોડિ કલોલ કરંતી દેસ વિદેસઇં ચાલઇ રે;
નિજ દરસણિ દરસણ ધન દેઈ દુરગતિનાં દુખ પાલઇ રે. જય જય૦ ૭

અભિનવ ગુરૂ ગૌતમ સમ લબધિઇં અવતરીઉ ચિતિ ચોષઇ રે;
સંઘ ચતુરવિધ ચિહું દિસિ કેરા અમૃત નિજરિ કરિ પોષઇ રે.
જય જય૦ ૮

પંચ પ્રમાદ આઠ મદ વારઇ જિનસાસન સોહાવઇ રે;
સુંદરમતિ શુભધ્યાનઇં બઇસી જિન ચઉવીસઇ ધ્યાવઇ રે. જય જય૦૯

નવ નવ રસ દેસણ વિસ્તારઇ જીવાજીવ વિચારઇ રે;
અષ્ટવિધ ગણિસંપદસિઉં પૂરૂ આપ તરઇ પર તારઇ રે. જય જય૦ ૧૦

પ્રતિરૂપાદિક ગુણમણિ સાગર આગર શ્રુતનઉ સાચઉ રે;
તપગછ સોવન તિલકિ વિરાજઇ એ ગુરૂ હીરૂ જાચઉ રે. જય જય૦ ૧૧

એક જીભ કિણપરિ વખાણઉં ગુરૂ ગુણમાણિક ભરીઉ રે;
દિનિ દિનિ અધિક પ્રતાપઇં વાધઇ જેઠ માસિ જિમ દરીઉ રે.
જય જય૦ ૧૨

ઇમ સુગુણ મુણિવર તણઉ નાયક શ્રીવિજયદાન સૂરીસરૂ,
તસ પટ્ટ ઉદયાચલઇ ઉદયઉ પૂરણ પુણ્ય દિવાકરૂ;

મહિમાહિ મહિમાવંત ચિર જયઉ શ્રીહીરવિજયસૂરિ પુરંદરૂ,
શ્રીવિશાલસુંદર સીસ જંપઇ સંઘ ચતુર્વિધ સુખકરૂ. જય જય૦ ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૮

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

રાગ ગોડી.

સરસ વચન દિઉ સરસતી પ્રણમી શ્રીગુરૂપાય;
થુણસ્યું જિનશાસનધણી શ્રીહીરવિજયસૂરિરાય રે.
જગગુરૂ ગાઈઇ.
માન્યો અકબર સાહઇં રે જસ પઢિ દીપતઉ;
શ્રીવિજયસેન ગચ્છનાહો રે જગગુરૂ ગાઈઇ. આંચલી. ૧
સાહ કુંરા કુલિ ચંદલો નાથી માત મલ્હાર રે;
શ્રીવિજયદાનસૂરિ પટધણી હીરજી જગત્ર શ્રૃંગાર રે. જગ૦ ૨
જિણિ નિજપરિ સિદ્ધાંતનો પામ્યો પરગટ પાર;
શીલઇ થુલિભદ્ર જોડલી વઇરાગઇં વયરકુમાર રે. જગ૦ ૩
મહિમા દેખી માનીઉ અકબર સાહ સુલતાન;
પેસકસી પુસ્તક તણી દેવઇ પ્રથમ બહુમાન રે. જગ૦ ૪
જિણઇં જિનધર્મ જગાવીઉ જોવઇ નિતયઇં વાર;
વરસપ્રતઇં ષટ માસની વરતાવી જીવઅમારિ રે. જગ૦ ૫
જિણિ છોડાવ્યો જીજીઉ મુંકાવ્યો જગિ દાણ,
બંધ લાખ મેલ્હાવીઆ ઇમ કીધાં જગત્ર આસાન રે. જગ૦ ૬

॥ ઢાલ ૨ ॥

રાગ મારૂણી.

મુગતઉ અવિચલ વિમલાચલ ગિરનારિનઉ રે,
વિણુ કરઇં જગ કરઇ જાત્ર;
તે જસ હીરજી તુઝ વિણુ કહુઉ કુઉંણુ અવરનઇ,
છાજઇ ગુણમણિપાત્ર હીરજી ન વીસરઇ રે.
કિ હીર કિમ વીસરઇ રે. આંચલી. ૭
તીરથયાત્ર કરી ગુરૂ હીરજી સમોસર્યા રે,
ઊંનાનયર મઝારિ;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બિંબપ્રતિષ્ઠા પ્રમુખ મહોત્સવ દીવના રે,
શ્રાવક કરઇ ઉદાર. હીર૦ ૮
સંવત સોલ બાવન્નઇ ભાદ્રવ માસઇં રે,
કરીઅ સંલેખન સાર;
સુદિ દશમી મધ્યરાત્રિં જગવી સાધુનઇ રે,
સમઝાવઇ સાધુશ્રૃંગાર. હીર૦ ૯
નિજ નિર્વાણ સમય કહી અણસણ આદરઇ રે,
પચખઇ ચ્યારે આહાર;
ઇગ્યારસિ સુપ્રભાતિં નવઇ અંગ પૂજિઆ રે,
અઢીઅ પહોર લગઇ સાર. હીર૦ ૧૦
સ્વયં કરાવઈ સંધ્યાપડિક્કમણું પ્રભો રે,
જિમ દેશન ઘઇ જિનવીર;
ગણઇ નઉકાર તે વલી બઇસી પદમાસનઇં રે,
શ્રીગુરૂ સાહસધીર;
હવઇ જંપઇ ગુરૂહીર. હીર૦ ૧૧
રે ગચ્છધોરી જિનશાસન દીપાવયો રે,
સાધયો ઇહ પરલોક;
ઇમ કહી નઉકરવાલી પાંચમી માંડતાં રે,
હીર પહુતા પરલોક. હીર૦ ૧૨

રાગ રામગિરી.

જગનઇ વાહલો રે ગુરૂહીરજી.
હીરનિર્વાણ જાણી કરી આવ્યા દેવવિમાન રે;
કરવા હીરના ગુણગાન રે કલિમા અછેરા સમાન રે. જગ૦ ૧૩
તે તઉ નજરઇં રે દીઠડું સંગલઇસરવાસી ભટ્ટ રે;
તસ સુત દેખઇ પરગટ રે વાણી હુવી ઉદભટ્ટ રે. જગ૦ ૧૪
રાત્રિં અંગજ પૂજીઉં લ્યાહરી અઢીઅ હજાર રે,
માંડવી હૂઈ ઉદાર રે કરી અકથી પાની સાર રે;
તિહાં બઇઠી લ્યાહરી હજાર રે. જગ૦ ૧૫
માંડવી નીપની જવ રહી તવ રહી રાત્રિ ઘડી ચ્યારિ રે.
તવ ઘંટા નાદજ વાજીઉ જેહવઉ ઇંદ્રનઉ સાર રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સુણઇ તે વર્ણું અઢાર રે.
પછઈ વાગા સાત ઉદ્દાર રે. જગ૦ ૧૬
જવ ચયમાહઇ પોહાડીઆ જિહાં લગઇ દીઠું કાંઈ અંગ રે;
તિહાં લગઇં પૂજિઆ મનરંગ રે રૂપાનાણઈં અતિ ચંગ રે.
જગ૦ ૧૭
પન્નરમણ સૂકડિ ભલી અગર તે ત્રણ્યમણ જાણિ રે;
કપૂર સેર ત્રણિ તિહાં મલ્યું ચુઆ સેર પાંચ પ્રમાણ રે.
કસ્તૂરિ બઇસેર આણિ રે;
કેસર સેર ત્રણિ વખાણિ રે. જગ૦ ૧૮
ઇણિપરિં હીર અંગ સંસ્કરીઉં લ્યાહરી સાત હજાર રે;
તિણિ વાડી જેઝર લાઈઆ તેહજ મોર્યા સહુકાર રે.
ફૂલિઆ તેહ સહકાર રે;
અચરિજ એહ અપાર રે. જગ૦ ૧૯
પારિષ મેઘ કરાવીઉં શુભ તિહાં અતિ અભિરામ રે;
તિહાં રાત્રિં આવઇ રે દેવતા કરવા હીર ગુણગ્રામ રે.
નાટિક હુઇં છઇ તામ રે,
વાજિત્ર વાજઇ તેણિ ઠામ રે.
પ્રસિદ્ધ હુઉં આષિં ગામ રે. જગ૦ ૨૦
તિહાં ચેત્રઈં જે વાસો વસઇ વાણીઓ નાગરજાતિ રે;
તિણિ તિહાં જાઈનઇ જોઈઉં ઉદ્યોત વનમાં ન માત રે.
કાન સુણંઇ ગીતગાન રે,
વાજિત્ર દેવતાના વાત રે,
નજરઇ દેષઇ સાષ્યાત રે,
સમ કરી કહઇ પ્રભાત રે. જગ૦ ૨૧

## કલસ.

ઇઅ વીરશાસન જગત્રભાસન હીરવિજયસૂરીશ્વરો,
જસ સાહિ અકબરદત્ત છાજઇ બિરૂદ સુંદર જગગુરો;
જસ પટ્ટ પ્રગટ પ્રતાપ ઊગ્યો વિજયસેન દિવાકરો,
કવિરાજ હર્ષાણંદપંડિત 'વિવેકહર્ષ' સુહંકરો.

ઇતિ શ્રીહીરવિજયસૂરીશ્વરનિર્વાણસ્વાધ્યાયસમાપ્ત:

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૯

## શ્રીવિજયસેનસૂરિ સજ્ઝાય.

અધિક ગુણવંત જસવંત મહંત સુણી ભેજી ફૂરમાન ગુરજી બોલાએ,
હીરવિજયસૂરી સબ સૂરિસિરતાજ નિજ પટ્ટધર પ્રથમ પૂરવ ચલાએ. ૧
આયો શ્રીવિજયસેન નિજસેન દલ સજ કિએ વાદીઆં
વાદ તદ મદ વિડાર્યો;
સાહિ અક્કબ્બર સબલ દુનીઅપતી દેષ તેં સબલ જસવાદ
તપગછ ધરાયો. આયો૦ ૨
સેર લાહોર ગુરૂરાજ પાવન કીયો સંઘ જેસિંઘજી દરીસ પાયો;
માન સનમાન દિઇ સાહિ અક્કબ્બર સબલ પ્રબલ તેજ
ત્રિભુવન ન માયો. આયો૦ ૩
ધેનું ધેનુપતિ મહિષી મહિષીપતિ વંદિ અભેદાન ફૂરમાન લીનો;
માત કોડાં કમા સાહ કુલચંદલો જાસ જસપડહ તીન
ભૂવન દીનો. આયો૦ ૪
બડબડે ષાન ઓર બડબડે ઉંબરે બડબડે રાઉ ઓર બડ બજીરે;
દેસના સરસ જસ તાસ સૂણી ગુણી અણું કીરતિ તીન જગ
તુઝ સજી રે. આયો૦ ૫
સરિસી નલિની યથા ગગન દિનનાયકો ભરત ભરતો યથા ઉદયવંતો;
સકલ સૂરિસરો ગુરૂ તથા પ્રગટીયો હીરપાટિં અધિક
મહિમાવંતો. આયો૦ ૬
શ્રીહિરવિજયસૂરી કર લિખિત વરલેષથી સૂરી ગૂજ્જર
ધરણિં ધીર આયો;
વાચકાં મુકુટ કલ્યાણવિજયો જયો સીસ 'ધન' ધન્ન જેણિં
સૂરિ ગાયો. આયો૦ ૭

૧૦

## શ્રી વિજયસેનસૂરિ સજ્ઝાય.

પરમ પટોધર હીરનાજી વીનતડી અવધાર;
નયરી ત્રંબાવતી ઈહાં અછઇજી અમરાપુરી અનુકાર,
જેસિંગજી આવો આણઇં દેસ. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પગિ ૨ નયરનિવેસ જેસિંગજી વલભ તુમ્હ ઉપદેસ સુણુરજી
હોસઇ લાભ અસેસ. જે૦ ૨
પોઢાં મંદિર માલિઆંજી, ઉંચા પોલિ પગાર;
વણિજ કરઇં વ્યાપારિઆજી, જિહાં નહીં ચોર ચપાર. જે૦ ૩
જિનપ્રસાદ સોહામણાજી, ઉત્તંગ અતિ અભિરામ;
ધર્મશાલા ચિત કારિણીજી, ભવિઅણ જન વિશ્રામ. જે૦ ૪
ધનદ સમા ધનવંત વસઇંજી, સસનેહા બહુ લોક;
ઘરિ ઘરિ નારિ પદમિનીજી, મુદી મુદિત સદા ગતશોક. જે૦ ૫
જૈન વચને રાતડાજી, શ્રાવક સમકિતધાર;
દાન માંન ગુણે આગલાજી, સુભિષ જિહાં સુવિચાર. જે૦ ૬
રયણાયર રયણે ભર્યોજી, ગાજઇં ગુહિર ગંભીર;
વિવિધ ક્રિયાણાં ઉતરઇંજી, પ્રવહણ વહઇં જસ તીર. જે૦ ૭
વાડિ વણ રૂલિઆંમણાંજી, પગિ પગિ નીરમલ નીર;
દ્રાષહમંડપ છાંહિઆજી, મધુર લવઇ પીક કીર. જે૦ ૮
કદલિ નાગરવેલનાજી, મંડપ સોહઇંજિ જિહાં;
ચંદન ચંપક કેતકીજી, મારગિ શીત છાંહ. જે૦ ૯
દુધઇ પાઇં પષાલસુંજી, અરચું સોવન ફૂલ;
ચંદન છટા દેવરાવસુંજી, પધરાવું પટકૂલ. જે૦ ૧૦
કમલા સમરઇં કાંન્હનઇંજી, સીતા સમરઇજી રામ;
દવદંતી નલરાયણઇંજી, તિમ ભવિઅણ તુહ્મ નામ. જે૦ ૧૧
નાદઇં સૂરનર મોહિઆજી, માંનસરોવર હંસ;
જેસિંગજી જગ મોહિઉજી, જિમ ગોપિ હરીવંસ. જે૦ ૧૨
મેહજ સઘલઇ વરસણાંજી, ન જોઇં ઠામ કુઠામ;
સેલડી સિંચઇં સરભરઇંજી, સાંચઇં અરક આરામ. જે૦ ૧૩
આક ધંતુરા કિમ ગમઇંજી, જે અંબારસ લીણ;
કુણ કર ઘાલઇં કઇંરડઇંજી, ચંદણ દીઠો જેણ. જે૦ ૧૪
જે અલજો મલવા તણોજી, તે કિમ ટલઇં સંદેહ;
જલ પીજઇ સુપનાંતરઇજી, ત્રિસ ન છિપઇ તેહ. જે૦ ૧૫
તુહ્મ ગુણસંખ્યા ન પામિઇંજી, મુજ મુખિ રસના એક;
કાગલ મસિ નહીં તેતલીજી, કિમ લિખઇં તુહ્મ લેખ. જે૦ ૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભવીક જોઇ તુહ્મ વાટડીજી, કીજઇં પર ઉપગાર;
'જય' જંપઇં મયા કરીજી, પધારો ગણધાર. જો૦ ૧૭

## ૧૧

## * શ્રીવિજયતિલકસૂરિસજ્ઝાય.

રાગ આસાઉરી.

આયો શ્રીવિજયતિલક ગુરૂસૂરિવર ચક્રવર્ત્તિ,
સુજસધ્વુનિ જેહનો જગત્ર વાધઇં;
ધીરવડવીરઉવઝાય શ્રીસોમવિજય,
સબલ સેનાધિપતિ દેશ સાધઇં. આયો૦ ૧

વીરજિન હીર ગુરૂવચનચક્રઇં કરી,
કુંમતીવયરીતણાં માન ખંડઇં;
બ્રહ્મવ્રત વાડિ નવ વિવિધિ નિધિ સુંદરૂ,
ચઉદ વિદ્યા રતન પ્રેમ મંડઇં. આયો૦ ૨

શ્રીતપાગચ્છ ગુરૂરાજ પટ્ટાઉલિ,
ઋષભકૂટઇં પ્રગટ નામ થાપ્યું;
તરણિ તર તરણ મંડલ થકી અધિક રૂચિ,
તેજપુંજઇં સકલવિશ્વ વ્યાપ્યું. આયો૦ ૩

ચતુર ચતુરંગિણિ સુરિતાસંગીની,
સંઘસેના મિલી સબલ ગાજઇં;
સુંદરીરયણ સમતારસઇ રંજીઉં,
મોહલ-ચારિત્રમાહિં વિરાજઇં. આયો૦ ૪

વંશ પોરવાડરોહણગિરિ રયણ સમ,
શ્રીવિજયસેનસૂરિ પટ્ટધારિ;
વદતિ 'મુનિવિમલ' ચિરંજીવ ગુરૂરાજ તું,
વીરશાસન અધિક સોહકારી. આયો૦ ૫

---

* ઉદેપુરના યતિ વિવેકવિજયજીના ભંડારની પ્રતિ ઉપરથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૨
## શ્રીવિજયદેવસૂરિ સજ્ઝાય.

સરસતિ પાએ લાગું તાહરે રે દેયો બુદ્ધિ પ્રકાસ સગુરૂજી;
મોહનમૂરતિ શ્રીગુરૂ તાહરી પૂરો મન આસ સગુરૂજી. ૧
તું ત્રિભુવનમઇ ગચ્છપતિ દીપતો તુઝ સમ અવર ન કોઇ; સ૦
અધિક અધિક તુઝ મહિમા વિસ્તર્યો ગોયમ સોહમ હોઇ. સ૦ ૨
સાચો સૂરિ સિરોમણિ તું જયો તું સાચો ગણધાર; સ૦
યુગપ્રધાન પદ તૈં સાચો લહ્યો સેવકજનનઇ સાધાર. સ૦ ૩
છત્રીસ છત્રીસી ગુણ કરિ સોભતો પાલઇ પંચ આચાર; સ૦
સાધુપંથ તે તો સાચો ધર્યો કરતો ઉગ્ર વિહાર. સ૦ ૪
શ્રીવિજયદેવસૂરીસર સાહિબો જોગ્ય જાણી અણગાર; સં૦
નિજ પદવી દે સુર પૂછી કરી વિજયપ્રભ ગણધાર. સ૦ ૫
કુમતિમદ ગજ કેસરિ અવતર્યો ફેડી સકલ મિથ્યાત; સ૦
શ્રીતપગછપતિ જિનશાસન ધણી તપ જપ તેજૈ વિખ્યાત. સ૦ ૬
નિજ સેવકનઇ બહુ સુખ દીજીઇ દેયો આણંદપૂર; સ૦
'અજિતપ્રભમુનિ' ઇણ પરિ કહઇ ઊગ્યો અભિનવ સૂર. સ૦ ૭

## ૧૩
## શ્રીવિજયાણંદસૂરીશ્વર સજ્ઝાય.

સમરી સરસતિ સહ ગુરૂ ગાઇઇ એ દેશી.

પ્રણમી સહ ગુરૂ વંછિત સુરતરૂ ગાઉં તપગચ્છ રાયો જી;
શ્રીવિજયતિલકસૂરિ પાટ પટોધરૂ નામિ નવનિધિ થાયો જી. ૧
ભાવિં ભવીઅણુ એહ ગુરૂ વંદીઇ શ્રીવિજયાણંદસૂરિંદા જી;
જસ પદ પ્રણમઇ સુર નર અધીપતી દરિસન સવિ આણંદા જી. ભા. ૨
સાહ શ્રીવંત કુલગગન દિણેસરૂ સિણગારદે કુખિ મલારો જી;
લખ્યણ બત્તીસ પ્રભુ અંગિં સોભતાં કલાબોહત્તરિં ભંડારોજી. ભા૦૩
વીર હીરના વચન પલાવતુ કરતુ બહુ ઉપગારો જી;
ભવિકજીવના તિમિર ગલાવતુ રૂપઇં દેવકુમારો જી. ભા૦ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમતા રસનો એહ ગુરૂ સાઅરૂ સંયમસુખ ભંડારો જી;
વિદ્યાઇ સુરગુરૂ ગુરૂજી જીપતો ગૌતમ સમ ગણધારો જી. ભવિ૦ ૫
મુઝ મનિં માનસરોવર અહનિસિં ખેલઉ એ ગણધારો જી;
નામ જપઇં જે ભવિજન તાહરૂં તસ ઘરિ જય જયકારો જી. ભા૦ ૬
રવિ તારાગણ ગગનિં દીપતાં જિહાં લગિં પૃથવીચંદો જી;
તિહાં લગિ એહ ગુરૂ અવનીતલિ જયો ઇમ સંઘ ભણઇં આણંદો જી
ભાવિં ભવીયણ એહ ગુરૂ વંદાંઇ. ૭

## ૧૪

## શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

ઢાલ લાષા ફૂલાણીની

સરસતિ માતા તુઝ ચરણે નમીજી, પ્રણમી નિજ ગુરૂ પાય;
શ્રી 'વિજયપ્રભસૂરિ' ગુણ ગાવતાં જી, દિન દિન દોલતિ થાય. ૧
સુરી શિરોમણિ ગછપતિ આવીઇજી, મરૂધર દેસ મઝારિ;
નર નારીનઇ મનિ ઊલટ ઘણોજી, દેષણ તુઝ દીદાર. સુરી૦ ૨
સાહ 'શિવગણ' કુલિ કમલ દિવાકરૂજી, માત ભાણીનો નંદ;
વચન સુધારસ ગુરૂજી વરસતોજી, ભાજતો કુમતિના વૃંદ. સુરી૦ ૩
પૂજજી ઇહાં આવ્યાં લાભ હુસી ઘણોજી, પ્રતિષ્ટા નઇ ઉપધાન;
વ્રત માલારોપણ પુજા પ્રભાવનાજી, ઇત્યાદિક ધર્મ કામ. સુરી૦ ૪
શ્રી 'વિજયદેવ' સૂરીસર પટોધરૂજી, શ્રી 'વિજયપ્રભ' સૂર;
તપ તેજઇં હો ગુરૂ દિનકર સારિષોજી, દિન દિન વધતઇ હો નૂર.
સુરી૦ ૫
લબધિં અભિનવ ગૌતમ અવતર્યઓ જી, વિદ્યાઇં વયરકુમાર;
સયલ ગુણે કરિ ગુરૂજી ગાજતો, અંગિં ઉપશમ સાર. સુરી૦ ૬
વીનતી અવધારી પૂજ પધારીઇજી, સારીઇ વંછિત કાજ;
તીરથ મોટો ફલવધિ પાસજીજી, ભેટો શ્રી ગુરૂરાજ. સુરી૦ ૭
સકલ વાચકચક્ર ચૂડામણિજી, શ્રી 'દીપસાગર' ઉવઝાય;
તસ સીસ પંડિત 'તેજસાગર' તણોજી, સીસ 'લલિતસાગર'
ગુણગાય સુરી૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૧૫

# શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

સરસતિ સામિણિ ધ્યાઉં હું સદગુરૂના ગુણ ગાવું હો ભવિયણ વંદો એ;
શ્રીવિજયદેવસૂરિ પટધારી શ્રીવિજયપ્રભ ગણધારી હો. ભ૦ ૧
ઓસવંસ અવતારી શિવગણ સાહુ વ્યવહારી હો; ભ૦
રંભા રૂપ સમાણી ભાંણી તસ ઘરિ પટરાણી હો. ભ૦ ૨
જસ ઘરિ વીરજી જાયો બહુ રંગઇ નર નારી વધાયો હો; ભ૦
દિન દિન કુમરજી વાધૈ બહુ જ્ઞાન કલા તે સાધઇં હો. ભ૦ ૩
શ્રીવિજયદેવસૂરિ પાસઇં દીક્ષા લે મનહ ઉલ્લાસઇં હો; ભ૦
જગિ સૂરમંત્ર આરાધી તિણિં ઉત્તમ પદવી લાધી હો. ભ૦ ૪
ગુરૂ ગોયમ અનુકારી ગુરૂ સોહમનો પટધારી હો; ભ૦
વિદ્યા વયરકુમાર શીલઇં થુલિભદ્ર અનુહાર હો. ભ૦ ૫
ઉત્સુત પંથ ઉથાપઇં ગુરૂ સાધુક્રિયા પંથ થાપઇં હો; ભ૦
ઉગ્ર ક્રિયોગ્રવિહાર પાલૈ વ્રત નિરતીચારી હો. ભ૦ ૬
બુધ કલ્યાણસાગર મુનિરાય બુધ જસસાગર સેવું પાય હો; ભ૦
કવિ 'જસવંત' ઇમ ભાસૈ ગુરૂ ગાવું મન ઉલ્લાસૈ હો. ભ૦ ૭

## ૧૬

# શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

ઊઠિ સહુઅર સહુ મિલી હે વંદો શ્રીગુરૂરાય;
અભિનવ ગોતમ અવતર્યો હે સુરનર પ્રણમઇ પાય. ઊ૦ ૧
શ્રીવિજયદેવસૂરિ પટોધરૂ હે શ્રીવિજયપ્રભ ગુરૂ એહ;
જંગમ તીરથ થાપિઉ હે હેમવરણ સમ દેહ. ઊ૦ ૨
ક્રોધ માન માયા તજી હે કીધો લોભનો અંત;
માયા મમતા તજ કરી રે સમતા ધરિ થયો સંત. ઊ૦ ૩
ચઉરાસી ગચ્છ અંગણઇ હે ઊગ્યો અભિનવ સૂર;
વીર પટોધર પરગડો હે પૂરવ પુણ્ય પડૂર. ઊ૦ ૪
દસ લખ્યણ જે ધર્મના હે અંગઇ આણ્યા તેહ;



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સમતા રસ રાતો રહૈ હે ઉપસમ રસ ભર દેહ. ઊ૦ ૫
પીહર ષટ જીવનતણો હે પંચ મહવ્વય ધાર;
ગુણ અસેષ અંગઇ વસઇ હે જય જય પરમ દયાલ. ઊ૦ ૬
વાણી શ્રીગુરૂની સુણી હે મોહી પરષદ બાર;
નવય તત્ત્વ ષટ દ્રવ્યના હે પુદગલના અધિકાર. ઊ૦ ૭
સહુ ધામિણિ મિલિ એકઠી હે દ્યો શ્રીગુરૂનઇ આસીસ;
ભવિયણ તારણ અવતર્યો હે શ્રીવિજયપ્રભસૂરીસ. ઊ૦ ૮
તપગચ્છમાહે જાણીઇં હે પ્રભાવીક ગુણરાય;
ચારિત્રસાગર તસ તણો હે ' અજિત ' પ્રભ ગુણ ગાય. ઊ૦ ૯

૧૭

## શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

સહીયાં 'શ્રીવિજયપ્રભ' વાંદો, ભવ ભવ કેરા પાપ નિકંદો હે; સ૦
મોહ મિથ્યાતનો ટાલે ફંદ, દિન દિન લહીઇં અધિક આણંદ હે. સ૦ ૧
સૂરતિ અતિ જસ સોભાકારી, મૂરતિ મોહન લાગઇં પ્યારી હે; સ૦
અવિચલ જિહાંલગિ ધ્રૂની તારી, ચિર જીવો તિહાં લગિ સુવિચારી હે. સ૦ ૨
શશી સમ શીતલ વદન વિરાજે, સકલગુણે 'શિવગણ' સુત છાજે હે;
કુમતીજન ભડવાયાં ભાજે, 'તપગચ્છ' કેરે તષત વિરાજે હે. સ૦ ૩
'ભાણી' કૂખિ સરે હંસ, અવતરીયા જાણે માનસ હંસ હે; સ૦
અજુઆલ્યો સા 'શિવગણ' વંસ, પ્રગટ પ્રિથવીમેં જાસ પ્રસંસ એ; સ૦ ૪
કમલતણી પરઇં કોમલ કાયા, સેવી સારઇં સુરનર રાયા હે; સ૦
સુરતરૂની પરઇં શીતલ છાયા, પૂરવ પુણ્યઇં એ ગુરૂ પાયા હે. સ૦ ૫
તેજ કરી જાણે અભિનવ સૂર, નિલવટ દીપે અધિકો નૂર હે; સ૦
દીઠાં દાલિદ્ર નાસે દૂર, પ્રગટ્યો પૂરવ પુણ્ય અંકૂર હે. સ૦ ૬
સા 'સાહિમલ્લ સુષમલ્લ' વડભાગી, પધરાયાં જિયાં સુગુરૂ સોભાગી હે; સ૦
ભવ ભવ કેરી દુરમતિ ભાગી, પ્રબલ પુણ્ય દશા વલી જાગી હે. સ૦ ૭
નયર 'નરાઇણે' રાખ્યા ચોમાસ, નામ થયો ચિહુ ષંડમેં જાસ હે; સ૦
પૂગી સકલ તણી મન આસ, ષરચ્યા દામ ઘણા ઉલ્લાસ હે. સ૦ ૮
જે નરનારી ગુણ ગાવે, હૃદય કમલમેં અહનિસ ધ્યાવે; સ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મનવંછિત ફલ તતખિણુ પાવઇ, તસ ઘરિ દોલતિ ચઢતી આવે હે.સ૦ ૯
સહુ કોઈ જસ નામે સીસ, પંડિત 'ગુણવિજય' ગુરૂ સીસ હે; સ૦
'સૌભાગ્યવિજય' કહે અહનિસિ, પૂરો મનએ તણી જગીસ હે. સ૦ ૧૦

## ૧૮

## શ્રીવિજયપ્રભસૂરીશ્વર સજ્ઝાય.

---

વીરવટાઊ બ્રાહ્મણ વીનવું રે જોયને યોતિષ સાર;
શ્રીવિજયપ્રભસૂરિ શિરોમણી રે કદ આવઇં ગણધાર. વીર૦ ૧
લાષ વધાઈ આપીસ તો ભણી રે વલી હાર હીયાનો સાર;
જીભ ઘડાઇસ હું સોવનતણી રે માનીસ ગુણ સુવિચાર. વીર૦ ૨
વડવષતી વિજયપ્રભ વાંદિવા રે હીયડે હર્ષ અપાર;
ગુરૂ ગછનાયક સુગુરૂ શિરોમણી રે ગુણ છત્રીસ ભંડાર. વીર૦ ૩
શ્રીવિજયદેવસુરિંદ પટોધરૂ રે બોલઇં અમૃત બોલ;
કિરીયાવંત સોભાગી સુહંકરૂ રે નહી કોઇ ગુરૂ તોલે. વીર૦ ૪
અહનિસિ ધ્યાન ધરૂં સહ ગુરૂતણો રે મુઝ મન રહ્યો લપટાઇ;
મુઝ મધુકર ચરણે મોહી રહ્યો રે દરસણથી સુષ થાય. વીર૦ ૫
સાસ થકી પહિલા ગુરૂ સંભરઇ રે મુઝ જીવન આધાર;
સુષ સંપતિ મિલઇં ગછપતિ નામથી રે ભવિજન તારણહાર. વીર૦ ૬
સોય ઘડી સુકયારથ લેષવું રે દેષી સ ગુરૂ દીદાર;
તવગણમંડણુ ગગન નભોમણી રે વિજયપ્રભ ગણધાર. વીર૦ ૭
જોસી જોઇનિ જોતિષ જુગતિસું રે ઉત્તર વિહલો આપ;
વિજયપ્રભસૂરી આવણતણો રે સુભ મુહુરત તું થાપ. વીર૦ ૮
પંડિત ગુણવિજય સુગુરૂતણો રે બોલઇં 'જયવિજય' સીસ;
શ્રીવિજયદેવસુરિંદ પટોધરૂ રે પ્રતપો કોડિ વરીસ. વીર વટાઊ
બ્રાહ્મણ વીનવું રે૦ ૯

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૯

# શ્રીવિજયપ્રભસૂરિ ભાસ.

ઢાલ રસિયાની

મરૂધરમંડણ ફલવધિ પાસજી, પ્રણમી તેહના રે પાય; સુગુરૂજી;
તપગછ નાયક થુણસ્યું ભાવસ્યું, 'શ્રીવિજૈપ્રભસૂરિરાય'. સુગુરૂજી. ૧
ગછપતિ વંદો હે સહિયાં ભાવસ્યું, નામઇ નવનિધિ થાય; સુ૦
દરસણ દીઠે દોહગ ઊપસમઇ, પ્રણમ્યાં પાતિક જાય. સુ૦ ગચ્છ૦ ૨
'શ્રીવિજયદેવ' સૂરીસર પટધણી, સાહ 'સિવા' કુલચંદ; સુ૦
'ભાણી' કૂખિ સરોવર હંસલો, મોહણવલ્લીનો કંદ. સુ૦ ગચ્છ૦ ૩
ગોયમ સોહમ સમ ગુરૂ રાજતા, વિદ્યાઈ વયરકુમાર; સુ૦
નવરસ સરસ:વચનરસ વરસતા, પૂરણ જિમ:જલધાર. સુ૦ ગચ્છ૦ ૪
ધન ધન પુર પટ્ટણ તે જાણિયે, ધન ધન તે નરનારિ; સુ૦
ચરણકમલ પ્રણમેં ગુરૂજીતણા, જગમાંહિં જીવિતસાર. સુ૦ ગચ્છ૦ ૫
સુવિહિત સૂરિ સિરોમણિ તૂં જયો, ભવિજનને હિતકાર; સુ૦
સંઘ મનોરથ પૂરણ સુરતરૂ, દરસણથી જયકાર. સુ૦ ગચ્છ૦ ૬
તુઝ મુખ દરસણ:મુઝ મનિ ઉલ્હસે, જિમ રેવા ગજરાજ; સુ૦
નેહ નિજર ભરિ સેવક નિરખીને, સારો વાંછિત કાજ. સુ૦ ગચ્છ૦ ૭
અહનિસિ તુઝ ચરણે મુઝ મનિ રહે, જિમ મોરાં મનિ મેહ; સુ૦
ચકવી ચાહે ચિતમાં દિનમણિ, ચંદ ચકોરાં રે નેહ. સુ૦ ગચ્છ૦ ૮
પૂજ પધારો મરૂધર દેસમે, અવધારી અરદાસ; સુ૦
પંડિત 'નરસાગર' ગુરૂજી તણો, 'તિલક'ની પૂરવો આસ. સુ૦ ગચ્છ૦ ૯

૨૦

# શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

સમરૂ સારદ સામિની ભલઇ પ્રણમી હે નિજ ગુરૂ પાય કઇ;
ગછનાયક ગુણે આગલો હું ગાસ્યુ હે વિજયપ્રભસૂરિરાય કઇ. ૧
ચતુર સોભાગી ગુરૂ સેવીઇ ગછનાયક હે સાહ શિવગણ નંદ કઇ;
માત ભાનલદે ઉયરિ ધર્યો મુખ સોહઇએ જિસો પુનિમચંદ કઇ. ચ૦ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘ જોઇછઇ વાટડી ગછનાયક હે પૂજ્ય વિહલા પધારિ કઇ;
સંઘ ઉપરિ મયા કરી ઇણિ મરૂધરિ હે પૂજ્ય દેવ જુહારિ કઇ. ચ૦ ૩
ગુરૂ પંચ મહાવ્રત પાલતો ગુરૂ પાલતો એ સહી પંચાચાર કઇ;
શ્રીવિજયદેવસૂરિતણઇ પાટઇ સદા એ સોહઇએ ગણધાર કઇ. ચ૦ ૪
મરૂધર સંઘ સોહામણો પટભક્તો એ ગુરૂગુણ જાણ કઇ;
ગુણરાગી ગુણે આગલો નિતું સંભલઇ એ તું સુગુરૂ વષાણ કઇ. ચ૦ ૫
ગુરૂ અમૃતવાણી વરસતો પ્રતિબોધઇએ ભવિજનના વૃંદ કઇ;
સમકિત તરવર સીંચતો ગુરૂ દરિસણિ એ લહીય આણંદ કઇ. ચ૦ ૬
ધન્ય દિવસ સહી તે ગિણું ધન્ય જીવિત હે મુઝ આસ પ્રમાણ કઇ;
શ્રીવિજયદેવસૂરિ પટધણી ભેટંતાં એ મુઝ સફલ વિહાણ કઇ. ચ૦ ૭
શ્રીવિજયદેવસૂરિતણઇ પાટઇ ભલો એ જાણઇ રાયરાંણ કઇ;
શ્રીવિજયપ્રભસૂરિસ્વરૂ તાંપ્રતપો એ જાં અવિચલ ભાણ કઇ. ચ૦ ૮
પંડિત નેમિવિજયતણો ગુણ ગાવઇ હે 'પુણ્યવિજય' સીસ કઇ;
સંઘ મનોરથ પૂરવો માનો વીનતી એ વિજયપ્રભસૂરીસ કઇ.
ચતુર સોભાગી ગુરૂ સેવીઇ. ૯

## ૨૧

## શ્રીવિજયપ્રભસૂરિ દ્રૂપદ

રાગ સારંગ

ગુરૂ પંચ મહાવ્રત પાલતો જુગપ્રધાન ઉપસમ રસ જલ કરિ;
પાતક મલ પષાલતુ ગુરૂ પંચ મહાવ્રત પાલતુ. ગુરૂ૦ ૧
શ્રીવિજયપ્રભસૂરીસ શિરોમણિ કુમતિ કદાગ્રહ ટાલતુ;
વસુધા વિચરઇ સીહતણી પરિ વાદીગજમદ ગાલતુ. ગુરૂ૦ ૨
ભાનલદે સુત ભવિજન તારક સોમનિજર નીહાલતુ;
'ઋદ્ધિહરષ' કહઇ રંગઇ ગુરૂજી ઉસવંસ ઉજવાલતુ. ગુરૂ૦ ૩

## ૨૨

## શ્રીવિજયરત્નસૂરિ સજઝાય.

મરુધર માલવ મંડલે, ગુરૂ કરઇં વિહાર ।
'શ્રીવિજયરત્ન' સુરીસરૂ, તપગચ્છ સિણગાર. ૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વંદો વિરનો પાટવી, કરતો ઉપગાર;
નિરમલ ગ્યાન પ્રગાસવઈં, અતિસય આરામ. વંદો ૨
તેજઈં સૂરજ સારિસો, હેજઈં ગુરૂ ' હીર ' ;
સબલ સોભાગી સાહિબો, સોવન વન્ન સરીર. વંદો ૩
' હીર ' સાહુનો લાડલો, મુઝ હીયડાનો હાર;
ગણધર ગુરૂજી ગહગહ્યો, દીપઈં જમ ' હીર '. વંદો ૪
દયા હૃદયમાહિં બાલહી, ધારઇં નિસદીસ;
ધરમ ધ્યાન જલ નાહતો, નાણઇં મનિ રીસ. વંદો ૫
કરતો રૂપ બરાબરી, વશિ કામનરિંદ;
કરવા સીલ સદા ધરે, અવિચલ જુ ગિરદ. વંદો ૬
ખંતિ ધરી ખંધઇ ધરઇં, પ્રભુચરણનો ભાર;
સુમતિ સુંદર સાથિં સહી, રતિ કરેં સુવિચાર. વંદો ૭
ગીતારથ ગુણ આગલા, સેવઇં જસ પાય;
સિવરમણી સંગમતણા, ચિતંત ઉપાય. વંદો ૮
મોહન મૂરતિ સ્વામિની, દેષત તૃપતિ ન થાય;
સુર નર કિંનર ગુરૂતણા, ઊભા ગુણ ગાય. વંદો ૯
તપગચ્છ સાધુ નઇં સાધવી, સહુ યોગ રમંત;
ક્રિયાતણો ષપ ગુરૂતણો, અહનિસ ભાવત. વંદો ૧૦
સરસ દસા થઈ સંઘની, પ્રભુ પુણ્ય પ્રગાસ;
રાગ ઘણો શુભ કૃત્યનો, વધ્યો વિનય વિલાસ. વંદો ૧૧
' શ્રીવિજયરત્ન ' સુરીસના, ગુણ ગાવઇં જેહ;
' મેઘવિજય ' વાચક સ્તુવૈ, લહેં સવિ સુખ તેહ. વંદો. ૧૨

૨૩

## શ્રીવિજયરત્નસૂરિ સજ્ઝાય.

સુવિહિત ગછપતિ ગુણ ગણ પૂરા, ' શ્રીવિજયરત્ન ' સૂરિંદા રે;
સયલ સંસાર સરૂપ સંવેદી, પ્રતપો જાં ધ્રૂ ચંદા રે.
પૂજ્યજી સોભાગી મેરો. ૧
શ્રી ' વિજયરત્નસૂરીંદ ' મનોહર, પડિબોહે ભવિ પ્રાણી;
પરવાદી અભિમાન ઊતારૈ, બોલે અમૃત વાણી રે. પૂ૦ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચરણ ધરણ વર કામિત કારક, ભવ ભવ ભય ભર ભાંજૈ;
કુમતી કુમતિ મત મારગ દૂષઇ, પ્રતિબોધઇ ભવિ કાજૈ રે. પૂ૦ ૩
પાટૈડ વંસ વંસ મુગતાફલ, 'હીરા' સાહ કો નંદા;
પાપ તાપ સંતાપ નિવારઇ, જઇસઇ રાકા કો ચંદા રે. પૂ૦ ૪
જાકો નામ ગ્રહૈ ભવિજન જે, વિઘન હરૈ સબ દૂરિ;
જબથૈ કૃપા પર સૂરિંદ પાયો, જાગ્યો પૂણ્ય અંકૂર રે. પૂ૦ ૫
'શ્રીવિજયપ્રભ' પાટ ઉદયગિરિ, દિનકર જિમ વડભાગી;
'હીરાદે' કો નંદન નીકો, 'શ્રીવિજયરત્ન' સોભાગી રે. પૂ૦ ૬
સોહગ સુંદર ગુણમણિ મંદિર, દીપઇ નિલવટિ નૂર ;
'શ્રીવિજયરત્ન' સૂરીશ્વર પ્રતપો, જાં લગિં ધરણી સૂર રે. પૂ૦ ૭
'શ્રીવિજયરત્ન' સૂરીસર ધ્યાતાં, સંપદ સગલી પામી રે;
વિબુધ પુરંદર 'અજિતસાગર' ગુરૂ 'મહિમ' કહૈ સિરનામી રે. પૂ૦ ૮

૨૪

## શ્રીમેઘવિજયઉપાધ્યાય સ્તુતિ.

મેઘવિજય ઉવજ્ઝાય શિરોમનિ પૂરન પુન્ય નિધાનકે ભારા,
ગ્યાનકે પૂરતેં દૂર કીયો સબલોકનકે મતિકો અંધીયારા;
જા દિન લગ્ગિ ઉડુગ્ગણમૈ રવિ ચંદ અનારત તેજ હૈ સારા,
તા દિન લોં પ્રતપો મુનિરાજ કહૈ કવિ આજ ભવોદધિ તારા. ૧
ભાનુ ભયો જિનકે તપતેજતૈ મંદ ઉદોત સદા જગતી મૈ,
દૂર ગયો મરૂદેશતેં નીકરિ મૂઢપણો થરકી ધરતીમૈ;
જાદિન તેં કુનિ મુંહ કર્યો ઇત કૌં તુમ સુંદર પૂરબહીમૈ,
તાદિન તેં દુષ રોરવ દેશકેં દૂર ગયે તજિ કૈ કિનહીમૈ. ૨
નામ જપૈ જિનકે સુખ હોય વનૈ અતિનીકો જગત્તિ મૈ સારૈ,
ભૂરિતરો સપરો ઇતમામ અમામ બધે સુબિધિ દિન ભોરૈ;
વાનીમૈ જાકે મિસ્રી સબ આય સુધાઈ સુંધાઈ તજી સુર સારૈ,
મેઘવિજય ઉવઝાય જયો તુમ જા દિન લો દિવિ લોકમૈ તારૈ. ૩

ઇતિ શ્રીઉપાધ્યાય શ્રી ૫ શ્રીમેઘવિજયયતિજનશિરોમણીનાં સ્તુતિઃ । કૃતા ગ૦ અજણસાગરેણ સ્વકીયવિદ્યાગુરૂત્વાન્મહયોગીશ્વરત્વાચ્ચ સં. ૧૭૬૧ શુક્લ ૯ કર્મવાટ્યામિતિ શ્રેયઃ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૫
# શ્રીવિજયક્ષમાસૂરિ સજ્ઝાય.

દેશી કડખાની.

વંદિયે શ્રીવિજયક્ષિમા સૂરીસ્વરૂ, ગુહિર વર વાંણિ ગુરૂરાજ ગાજે;
અભિનવૌ એહ નરઇંદ્ર પ્રગટૌ થયો, તેજ કરિ રવિ પરૈ તેહ રાજે. વં૦ ૧
પ્રવર ધન પુન્ય પૌહ પાવતી પ્રગટીયો. વંસ 'ઓકેસ' અવતંસ સોહે;
સાહ 'ચતુરા' તણૌ નંદ આવૌ ચતુર, માત 'ચતુરંગદે' ચિત મોહે. વં૦ ૨
સહુર 'ઓદયાંણુ' માહારાંણ 'સંગ્રાંમપતિ' તેડિ સહૂ સાહ ઓછાહ કીધો;
સતર તિહોતરૈ માહસુદિ પંચમી, રયણવડ વષતનૌ તષત દીધો. વં૦ ૩
સુદતિ સિંદૂર મદપૂર ગજ ગર્જતા, અરનિ ઉત્તંગ અતિ અશ્વ સારા;
પ્રબલ પરિવાર નર નારિસું પરિવર્યા, નટતિ અતિ નૃત્ય નવ નવન પારા. વંદિયે૦ ૪
ચૈત્રપરિવાડ ઓછાડ કીધા અધિક, જુગતિ જરબાફ સુષમલ જડાયા;
દૈવ વરદાંમની હંસગતિ ગાંમની, મુદતિ મુગતાફલૈ ગુરૂ વધાયા. વં૦ ૫
ભગતિ ભોજનતણી સરસ કીધી ઘણી, રજત કરી સઝિત નાલેર દીધો;
સર્વ મુનિરાય પહિરાય પાટંબરૈ, લક્ષપતિ લછિનૌ લાહ લીધો. વં૦ ૬
અંગ પૂજા આધક દિવ્ય આગલિ ધર્યા, સકલ સંઘૈ સરસ સુજસ લીધો;
પાટ પધરાવિ ગુરૂદેસના સંભલી, અટલ દ્રૂચંદ લગિ નાંમ કીધો; વં૦ ૭
વીર વલિ 'હીર' ની ધીરતા ચિત ધરી, આગલી લીહ લોપી ન કાઈ;
પુન્ય પરમાંણ પદ પાંમીયો પરમગુરૂ, સુજસ સોભાગ લીધો સવાઈ. વં૦૮
પ્રતપયો કોડિ બહૂ જોડિ તપગછ તિલક, અવર નર કો નહી આપ તોલૈ;
પંડિતાંરાજ ગુરૂરાજ તત્ત્વહંસનો, 'લલિતહંસ' સીસ 'સુજાંણ' બોલૈ. વંદિયે૦ ૯

"પં૦ માણિક્યહંસ લિષતં પં૦ રાજિંદ્રહંસપઠનાર્થં"

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૨૬

## શ્રીવિજયદયાસૂરિ સજ્ઝાય.

સદ્ગુરૂ પ્રણમી હો પ્રેમ પ્રવાહસ્યું, ગાવસ્યું શ્રીગચ્છરાય,
મનમોહન ગુરૂજી
અહનિસિ તુમ્હે હો ચિતડો વસિ રહ્યો, મહિમાનિધિ મુનિરાય;
મનમોહન ગુરૂજી વિનતી અમ્હારી હો સદ્ગુરૂ સાંભલો. ૧

ગચ્છ ચોરાસી હો શ્રીપુજય સોહતા, સૂરિગુણે છત્તીસ; મન૦
લક્ષણ લોકેં હો લલિત સુભાવસું, દેહ દીપે બત્તીસ. મ૦ વી૦ ૨

સૂરતિ સોભા હો સૂરતિ સોહામણિ, ગોયમ સોયમ જેમ; મન૦
ગુણનિધિ ગરિવા હો વાંણિ વિવેકસું, ઉપજાવે બહુવિધિ પ્રેમ. મ૦ વી૦ ૩

'શ્રીવિજયવિમાસૂરિ' પાટ વિરાજીઆ, 'શ્રીવિજયદયાસૂરિ' રાય; મન૦
સૂરતિ સહરૈં હો શ્રીગુરૂ મોહીયા, સહુ જન પ્રણમિત પાય. મ૦ વી૦ ૪

મરૂધર દેસૈં હો શ્રીગુરૂ આઇયે, મહર કરી મહારાજ; મન૦
દરસન આલજો હો અમ્હ મન છે ઘણો, તે સારો વંછિત કાજ. મ૦ વી૦ ૫

દૂરૈ દુરિ જાસી હો કુમતિ કલેસીઆ, ગમિ જાસી અભિમાંન; મન૦
લાભ અનંતો હો પૂજયજી તુમ્હ હોસ્યૈ, પ્રગટ હોસ્યૈ શ્રુત ગ્યાંન. મ૦ વી૦ ૬

અબકો ચોમાસો હો આવી કીજીયે, પૂણ્યગઢે સુષ ધાંમ; મન૦
પંડિત 'અનોપસાગર' ગુરૂ સેવતાં, 'અજબ' જપે નિતી નાંમ. મ૦ વી૦ ૭

## २७

## श्रीहीरविजयसूरीश्वर स्तुति.

जबलगिं जलनकी जोति जगि जगमगइ,
जबलगिं तपइ तिहुणतिलउ दिनमनी;
जबलगिं जगतमिं पवन फुरकती फिरति,
जबलगिं नीरनिधि नीरकी ठानि मुनी.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

जबलगिं मेरुमंडित महीमोहए,
जबलगिं ओपए अचल अवनी धनी;
तबलगिं हेम कहि हरषसुं हीरजी
जीव तुं जीव तुं जीव तपगछधनी. १

जबलगिं ईस जगदीसके अंगसुं रही,
आलिंग करि तुहिनगिरिनंदनी;
जबलगिं नंदके नंद आनंदसुं करग्रही,
नेह करि नीरनिधिनंदनी;
जबलगिं इंदुसुं अतिहिं आदर करइ,
राग धरि राति दिन दक्षकी नंदनी. तबलगिं० २

जबलगिं सबल सस्नेहसुं संमुही,
आवए अंबुनिधिके बहुत बाहिनी;
जबलगिं आपणे अवल आदरि अमर,
राजसुं रंग भरि रमति जयवाहिनी;
जबलगिं धरति धुयधाम धनधोरणी,
जबलगिं गहनगंगा गगनगाहिनी. तबलगिं० ३

जबलगिं इंद्र आवासि अहनिस करइ,
सचिवकी सीष संभाल सुरगुरुगुनी;
जबलगिं गगनमंडलमहल मोहते,
सोभते सकल संवाद सातुं मुनी;
जबलगिं भूरिभूपाल भूषण भले,
जोतिजुत जनति मनि रोहणाचल खनी. तबलगिं० ४

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

२८

# श्रीविजयसेनसूरि स्तुति.

---

गगनमंडलि रहइ अजब जब लगिं,
सबल सकल सुखकारिणी जोति रविचंदकी;
धरति धरणीतलं गहनगिरिसंकुलं
जबलगिं पीठपरचंडभुजगिंदकी;
जबलगिं चतुर चिहु षंड चित चमकती,
राजकी थिति सुरलोकि सुरइंदकी;
तबलगिं हेम कहि हीरजी पट्टि प्रभु,
प्रगट पदवी विजयसेनसूरिंदकी. ५
सवालक्खसोवीर सिंधु सरसा सोरठ सण
मरु मालव मेवाड मोट महरट्ट मगाहि भण,
कामरूप कालिंग कीर कुंतल कण कुंकण
गूजर गउड गिरिंदगंध गंगातटगंजण;
इणि देशि दसोदिसि जयकरी हेमविजय कवियण कही,
श्रीविजयसेनसूरिंदकी कीरति कमला गहगही. ६

२९

# श्रीनेमनाथ स्तुति.

---

घन घोर घटा उनयी जुनयी इतातिं उतातिं चमकी बिजली,
पियु रे पियु रे बपिहा बिललाति जु मोर किंगार करंति मिली;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

बिच बिंदु परइ दृग् अंसु झरइ दुनिधार अपार इसी नीकली,
मुनि हेमके साहिब देषनकुं उग्रसेनकि लाल अकेलि चली. ७

कहि राजमति सुमती सषि अन्नकुं एकषिणे कषरी रहु रे,
सषि री सघरी अंगुरी मुहि बाहि करत्ति बहुत्त इसोनिहुरे;
अबही तबही कबही जबही यदुरायकुं जाय इसि कहुरे,
मुनि हेमकि साहिब नेमिजी हो अब तोरण तिं तुम्ह क्युंबहुरे. ८

३०

## श्रीविजयसेनसूरि स्तुति.

---

शिरि सिंथि सिंदूर मृगम्मदपूर
चूरिउ कपूर अबीरके वासभरी कंचुरी,
तनु चंदन चंग पानमुखरंग गहो
सखि संग ज्युं हास विलास बहुत्त करी;
मुगताफल थाल भरी ज्यु विसाल
गाउत्ति रसाल श्रृंगार किई गिहतिं नीसरी,
बुध हेमके स्वामि विजयसेन नाम
तपगच्छ रामजुं वंदनकुं चालियां मिहरी. ९

अद्धसासिभाल कपोल विसाल
वचन्न रसाल जिसी सिलरी,
सुवण्णकी कंति देह झलकंति दंतकी ज्यु पंति रतन्न जरी
दिलमिं ज्यु अथाह तपगच्छनाह सुकोमल बाह भली अंगुरी;
कहइ हेमविजय विजयसेनगुरु मुख देषत दुर्गति दूर टरी. १०

वरवेणु उपंग मृदंग ग्रहि गाउंति किंनर स्यु किंनरी,
गिरिपुंज निकुंज वन गह्वर कीरति ज्याकी सुरत्ति करी;
मुत्तिराज अवाज दवाज सुणी सब भाग गए कुमति बपुरी,
भणि हेमविजय विजयसेन गच्छप्पति देषत आंषि अमीज्यु ठरी. ११

गुरु कीरति चंग अभंग तरंग गंगजल फेन जिसी उजली,
गुरु मूरति सूरति कामित पूरति चूरति पाप सबइ मसली;
गुरु वाणि वषाणि बहू गुणषाणि सुणइ जागि जाण बहुच मिली,
भणइ हेमविजय विजयसेनमुनीशकु नाम ग्रहि रसना सफली. १२

## ३१

## આચાર્ય નામ ગર્ભિત ચોવીશ જિન નમસ્કાર.

સરસતિ સામિણિ પ્રણમી પાય ગાઉં ઋષભજિણેસર રાય;
સાહિબ શ્રીવિજયતિલકસૂરિનો ધ્યાન ધરંતા મહિમા ઘણો. ૧

બીજા અજિતજિણેસર દેવ સુરનરકિન્નર સારઇ સેવ;
શ્રીવિજયાનંદસૂરિ પ્રણમઇ પાય મનવંછિત સયલ સુષ થાય. ૨

સંભવસામીનુ ધરતાં ધ્યાન પ્રાણી સઘલઇ પામઇ માન;
શ્રીવિજયતિલકસૂરિ મનિં કરી ધ્યાન ધરઇ જસ પય અણુસરી. ૩

અભિનંદન તે ગુણભંડાર નામ જંપંતાં હુઇ ભવપાર;
શ્રીવિજયાણંદસૂરિ મનમાંહિ સમરણ કરઇ નિજમનિ ઉત્સાહિ. ૪

સુમતિનાથ પંચમ જિણંદ જાસ પ્રસંસા કરઇ સુરિંદ;
શ્રીવિજયતિલકસૂરિ ઘણી પરઇં સ્વયંમુખિ એહના ગુણ ઉચ્ચરઇં. ૫

પદ્મપ્રભસ્વામી સુષદાતાર જેહના ગુણનો નાવઇ પાર;
ઠાકુર શ્રીવિજયાણંદસૂરિતણો એ જિન ધ્યાઇ રલીયામણઉ. ૬

સતમ સુંદર દેવ સુપાસ સમરંતાં સવિ પૂરઇ આસ;
શ્રીવિજયતિલકસૂરીશ્વર રાય ત્રિધા શુદ્ધિ તેહના ગુણગાય. ૭

ચંદ્રપ્રભ પુહુવિ પ્રસિદ્ધ તૂઠઉ આપઇ પદવી સિદ્ધ;
શ્રીવિજયાણંદસૂરિ કરઇ નિતુ જાપ જેહનઇ નામિ પણાસઇ પાપ. ૮

સુવિધિં સુવધિ દેષાડી સહી સુત્તદૃષ્ટિં પવિત્ર કીધી મહી;
શ્રીવિજયતિલકસૂરિ કરઇ પ્રણામ પુષ્ફદંત બીજું તસ નામ. ૯

દશમા શ્રીશીતલપ્રભુ નામ જ્ઞાન લહી પુહુતા ઉત્તમ ઠામ;
શ્રીવિજયાણંદસૂરિ મનમાં તેહનું જાપ જપઇ ઊચ્છાહિ. ૧૦

શ્રેયાંસ શ્રેયસકારણ જાણિ એ જિનવર સયલગુણષાણિ;
શ્રીવિજયતિલકસૂરીશ્વરતણો પૂરઇ મનહ મનોરથ ઘણો. ૧૧

વાસુપૂજ્ય શ્રીજિનવર જેહ અષ્ટમહાસિદ્ધિ પૂરવઇ એહ;
શ્રીવિજયાણંદસૂરિ ગુણગાય વિદ્રુમસરીષી જેહની કાય. ૧૨

શ્રીવિમલ વિમલમતિ આપઇ ઘણી પામ્યા જ્ઞાન કરમ નિરજણી;
શ્રીવિજયતિલકસૂરીશ્વર મનિં ધ્યાન ધરઇ વલી ઊલટ ઘણઇં. ૧૩

ચઉદમા શ્રીજિનદેવ અનંત જેહના ગુણનઉ નાવિ અંત,
તેહતણું સ્મરણ કરઇ મનમાંહિં શ્રીવિજયાણંદસૂરિ અતિ ઉત્સાહિ.૧૪

ધર્મનાથ ધર્મપ્રકાસઇ ઘણું પાપ હરઇ સવિ પ્રાણીતણું;
શ્રીવિજયતિલકસૂરિશ્વર સાર ધ્યાન ધરંતાં પામઇ પાર. ૧૫

શાંતિનાથ જિનવર મનિ ધરઇ તે પ્રાણી શિવરમણી વરઇ;
તેહતણા ગુણ હરષઇં ગાય શ્રીવિજયાણંદસૂરીશ્વરરાય. ૧૬

કુંથનાથ હૂયા પરસિદ્ધ બિ પદવી ભોગવી થયા સિદ્ધ;
શ્રીવિજયતિલકસૂરિ ધ્યાનજ ધરઇ જેહથી અશુભ પદારથ હરઇ. ૧૭

શ્રીજિનવર વાંદુ અરનાથ શિવપુર જાવાનઓ એ સાથ;
ઇમ જાણી શ્રીવિજયાણંદસૂરિ ધ્યાન ધરઇ મનમાંહિ ભૂરિ. ૧૮

મલ્લિજિણેસર નમીઇ દેવ સુરનર કિન્નર સારઇ સેવ;
શ્રીવિજયતિલકસૂરિ મનિ ધ્યાન કરતાં પામ્યા સઘલઇ માન. ૧૯

મુનિસુવ્રતસ્વામી જિણચંદ જાસ પ્રસંસા કરઇ સુરિંદ;
શ્રીવિજયાણંદસૂરીશ્વર તાસ ધ્યાન ધરંતાં પુહુતી આસ. ૨૦

શ્રીનમિ નમીઇં આણી રંગ સુવર્ણ વર્ણ સોહઇ તનુ ચંગ;
શ્રીવિજયતિલકસૂરિ સિરદાર સુભચિત્તિં કરઇ ધ્યાન ઉદાર. ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીનેમીસર પ્રણમું વલી ચઉસ ઇંદ્ર નમઇ લલી લલી;
શ્રીવિજયાણુંદસૂરીશ્વર મુદા તે જિનવર ચિત્તિ રાષઇ સદા. ૨૨

ત્રિધા શુદ્ધિ શ્રીપાસકુમાર સ્તવન કરંતાં હરષ અપાર;
શ્રીશ્રીવિજયતિલકસૂરીશ મનિ શુભધ્યાન કરઇ નિશિદીસ. ૨૩

વર્દ્ધમાન શ્રીજિનવરતણું કનકવર્ણ સોભઇ તનુ ઘણું;
શ્રીવિજયાણુંદસૂરિ ધરઇ ધ્યાન કરો ધ્યાન મેહલી અભિમાન. ૨૪

સંપ્રતિ શ્રીવિજયરાજસૂરિંદ શ્રીઅમૃતવિજયવાચક મુણિંદ;
એ ચોવીસઇ જિનગુરૂનામ સમરંતા લહીઇ શુભઠામ. ૨૫

॥ ઇતિ શ્રીચોવીસજિનનમસ્કાર સમાપ્ત ॥

## ૩૨

## શ્રીવિજયદાનસૂરિ સજ્ઝાય.

સરસતિ કરઉ પસાઉ શ્રીવિજયદાનસૂરિ ગાઈઇ
ગચ્છનાયક જી રે, વિણુજારા રે. ૧
ગુણછત્રીસભંડાર જંગમતીરથ જાણીઇ. ગ૦ વિ૦ ૨
આવિઉ માસ વસંત બ્યાહુર વિહસિઇં ગુરૂ કરઇં. ગ૦ વિ૦ ૩
જોયા દેસ વિદેસ લાભ ઘણઉ ગૂજર ભણી. ગ૦ વિ૦ ૪
મુક્તિશ્રીકે કાજિ પુંજી પંચ મહાવ્રત ભરી. ગ૦ વિ૦ ૫
પોઠી વીસ સમાધિ દુવિધ ધર્મ ગુંણિ ગુલ ભરિઉ. ગ૦ વિ૦ ૬
સમતિ ગુપતિ રષવાલ તાહરઇ આઠઇ સાથી અતિ ભલા. ગ૦ વિ૦ ૭
જયણા શંબલ સાથિ જીતા દાણી કષાય તે દોહિલ્યા. ગ૦ વિ૦ ૮
સંવત સોલહ બાર શ્રીનટપદ્રનયરિ પધારીઆ. ગ૦ વિ૦ ૯
સાહમઇ સંઘ પહુત તિહાં શ્રીસંઘ વિત વેચઇ ઘણું. ગ૦ વિ૦ ૧૦
ઘરિ ઘરિ ઉચ્છવ રંગ મંગલ ગાઈં માનિની. ગ૦ વિ૦ ૧૧
સાટઇ પુણ્યપવિત્ર તિહાં નવતત્ત્વ વાની દાષવી. ગ૦ વિ૦ ૧૨
જોઈ લેયો જાણુ પારષિ હુઇ તે પરષયો. ગ૦ વિ૦ ૧૩
વુહુર્યા શ્રાવક સાર તિહાં સમકિત ધારી હરષીઆ. ગ૦ વિ૦ ૧૪
તાહરા ટાંડા માહિ મુહુલતિઇં રોકડિ વસ્ત ઘણી. ગ૦ વિ૦ ૧૫
ભરીઆ પુણ્ય ભંડાર ધન નડીઆદ્ર સોહામણું. ગ૦ વિ૦ ૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાહ જિણદાસસુતજ સાહ કુંઅરજી ઘરિ ચઉમાસિ રહ્યા. ગ૦ વિ૦ ૧૭
આગલિ આવિઉં ચઉમાસિ વસ્તતણું ફરકું થયું. ગ૦ વિ૦ ૧૮
તપ જપ પોસહ નીમ બહુઉપધાન તે આદર્યાં. ગ૦ વિ૦ ૧૯
માસખમણ મનરંગિ પાખ છઠ્ઠ અટ્ઠમ ઘણા. ગ૦ વિ૦ ૨૦
દિનિ દિનિ અધિકઉ લાભ ભૂલાં મારગિ લાઈઆ. ગ૦ વિ૦ ૨૧
તાહરઇ વસ્ત અનેક ભાય હોસિઇ તે પુહુરસિઇ. ગ૦ વિ૦ ૨૨
તાહરાવિણજમઝારિ ખોટિ ન આવઇ ખરચતાં. ગ૦ વિ૦ ૨૩
તાહરઇ તપભંડાર વાવરતાં વાધઇ ઘણું. ગ૦ વિ૦ ૨૪
દિનદિન બિપરવેસ ઉભયાં પડિકમણું કરઇ. ગ૦ વિ૦ ૨૫
નિત ઊઘરાણી એહ નાણું નીમ નવકારનું. ગ૦ વિ૦ ૨૬
ભાદ્રવઇઇ ઘણઉ લાભ પુણ્યતણું પોતું ભરિઉં. ગ૦ વિ૦ ૨૭
તાહરઉ ભલઉ રે વાણુત્ર વિમલદાન ગુણિ આગલઉ. ગ૦ વિ૦ ૨૮
તપગછ કેરઉ રાય શ્રીઆણંદવિમલસૂરિ ગુરૂ ભલા. ગ૦ વિ૦ ૨૯
તાસ સીસ સુપવિત્ર શ્રીવિજયદાનસૂરિ જીવઉ ઘણું, ગ૦ વિ૦ ૩૦
ધન ધન ભાવડ તાત ધન ભરમાદે માડલી. ગ૦ વિ૦ ૩૧
ધન ધન લખમણ પૂત્ર જીણઇં દીક્ષા લેઈ જગ તારીઉ. ગ૦ વિ૦ ૩૨
'ભીમ' ભણઇ ભગવંત ભજસિઇ તે ભવજલ તર્યા. ગ૦ વિ૦ ૩૩

૩૩

## શ્રીવિજયક્ષમાસૂરિ સજ્ઝાય.

વીનતડી અવધારો હો પઉધારોજી ઉદયાપુરૈ, એ દેશી.

ઓલગડી અવધારો હો પઉધારો મધુમતી બંદિરિં,
કાંઇ શ્રીવિજયખેમસૂરિંદ પાવન તીરથ જાંણી હો;
કાંઈ આંણી દિલમાં ચૂંપસું કાંઇ વંદો વીરજિણંદ. ઓ૦ ૧ આંકણી.
સાહ ચતુરાકુલકેસરી હો કાંઇ ચતુરંગદે ઉયરિ હંસલો,
કાંઇ દીપે તેજ દિણંદ સુંદર સૂરતિ તાહરી હો;
કાંઇ નિરખી હરખે નયણડાં કાંઇ મોહન વલ્લી કંદ. ઓ૦ ૨
સકલ બંદિર સિર સોહે હો કાંઇ મધુમતી નગર સોહામણું,
કાંઇ જિહાં શ્રાવક પૂન્યવંત ઓલગડી અવધારી હો;
કાંઇ શ્રીગુરૂરાજ પધારિને કાંઇ કીજિં ભવિ શુભશાંત. ઓ૦ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મહિર ધરી ગુરૂ આવે હો કાંઇ બહુ પરિવારેં પરવર્યા,
કાંઇ વાજંતિં નીસાણ ગુરૂ આવાગમનિ સુંણી હો;
કાંઇ હરખ્યા શ્રાવક શ્રાવિકા કાંઇ વલી હરખ્યા અસુરાણ. ઓ૦ ૪

સામહીઇં અતિ ઓચ્છવ હો કાંઇ શ્રીગુરૂ નગર પધારિઆ,
કાંઇ વાજિં મંગલતૂર રંગરંગીલાં ગુણીજન હો;
કાંઇ ગીત કવિત સુષ ઉચરિં કાંઇ નિરષેં ગુરૂમુષ નૂર. ઓ૦ ૫

ધન્ય દિવસ ધન્ય વેલા હો ધન ૨ નગરની ભૂમિકા,
કાંઇ જિહાં થાપેં ગુરૂપાય ગચ્છપતિ તપત વિરાજેં હો;
કાંઇ છાજૈ સકલ ગુણૈ કરી કાંઇ દીઠાં આવેં દાય. ઓ૦ ૬

સોભિત ભૂષણ પહિરી હો કાંઇ લેઈ ગુંહલી ભામિની,
કાંઇ આવેં નિજગુરૂ પાસિ ગુરૂગુણ ગેલિં ગાતી હો;
કાંઇ મોતીએ થાલ વધાવતી કાંઇ મનમાં હર્ષ ઉલ્લાસિ. ઓ૦ ૭

હસિતવદન ગુરૂ પૂજે હો કાંઇ મધુમતી સંઘ સોહામણો,
કાંઇ કરવા જનમ પવિત્ર દૈ મધુરધ્વનિ દેશન હો;
કાંઇ મેઘનાદપરિં દીપતી કાંઇ વર્ણવઇ સૂત્ર વિચિત્ર. ઓ૦ ૮

શ્રીવિજયરત્નસૂરીશ્વર હો કાંઇ પાટ પ્રભાકર સુંદરૂ,
શ્રીવિજયષિમાગણધાર અમૃત સમ ગુરૂવાંણી હો;
કાંઇ નિસુણી પ્રાંણી સમઝી બૂઝીઆ તબ લ્યૈ શ્રાવક વ્રત સાર.ઓ૦ ૯

તપગચ્છપતિ ગુણ ગાતા હો કાંઇ રાતા ગુરૂને બોલડે,
કાંઇ લલિ ૨ લાગઇં પાય સાંઝી નિત્ય પ્રભાવના હો;
કાંઇ શ્રાવક ધન ષરચિં ભલાં કાંઇ નિતિ ૨ ઓછવ થાઇં. ઓ૦ ૧૦

જિહાં લગિં મેરૂ મહીધર હો કાંઇ તિહાં લગેં એ ગુરૂ જીવયો,
કાંઇ કરયો ધરમ યતન પંડિત લબધિવિજય વર હો;
કાંઇ 'લષિમીવિજયગુરૂ' વૃદ્ધિને કાંઇ હોયો બહુ સુપ્રસન્ન.ઓ૦ ૧૧

## ૩૪
# શ્રીવિજયસિંહસૂરિ સજ્ઝાય.

રાગ રામગિરિ.

સકલ સુંદર સુગુરૂ રાજઇ રાજમોહન નામ રે;
વિજયસિંહ સુરિંદ સુંદર વિવિધ ગુણમણિધામ રે. સ૦ ૧

વિજયદેવસૂરિંદ પાટઇ પ્રગટિઓ ગુરૂરાજ રે;
હરષ હિયડઇ હૂઓ અધિકઓ ફલી આશા આજ રે. સ૦ ૨

સાહ નાથુતણો નંદન ચઢત ચઢતઇ વાનિ રે;
વદન શારદચંદ સરિષું નયન પોયણપાન રે. સ૦ ૩

વિમલમતિ વર વિમલ ગતિધર હૃદય નિરમલ ન્યાન રે;
ધ્યાન ધરતાં ધીરગુરૂનું દિય શિવપદ દાન રે. સ૦ ૪

'લાલકુશલ' કવિ કહઇ ભાવિં સુણો સુગુણ સુજાણ રે;
સેવ કરતાં એહ ગુરૂની હોઇ કોડિ કલ્યાણ રે. સ૦ ૫

## ૩૫
# શ્રીવિજયદેવસૂરિ સજ્ઝાય.

રાગ ધન્યાસી.

શ્રીવિજયદેવસૂરિસ મુખ ચંદ્રમા,
 નિરષતાં નયન નિત નેહ પામિં;
ભલિં ભાવઇં કરી સકલ સુરનર સૂરી,
 રંગ ધરી ચરણ લઇ સીસ નામિં. શ્રી૦ ૧

વરકમલ પાંષડી સદૃસ તુઝ આંષડી,
 વાંકડી ભમુહ ભલી ઘણુહ કાલી;
દીપતી દંતકી પંતિ હીરાસમી,
 નાસિકા નીકી નિરષો નિહાલી. શ્રી૦ ૨

જીહ જસ અમીઅનો કંદ તુઝ,
ભાગ્ય સૌભાગ્ય વૈરાગ્ય પૂરો;
દર્પકંદર્પ ટાલવા પ્રગટિઓ,
પ્રબલ પરતાપ તપ તેજ સૂરો. શ્રી૦ ૩

માત લાડમદે કૂષ ધન તાહરી,
ત્રિજગ તારણ તનય તઈજ જાયો;
સુથિર થિર સુત સકલ ગુણ પૂરતું,
વિબુધ વિબુધવાદ હરિ રંગિ ગાયો. શ્રી૦ ૪

શ્રીવિજયસેનસૂરિ પાટ નિજ થાપિઓ,
વ્યાપિઓ જાસ જસ જગત્ર સાચો;
કલ્યાણકુશલ ગુરૂરાજ કલ્યાણકર,
કહઇ 'દયાકુશલ' ગુરૂ ચરણ રાચો. શ્રી૦ ૫

૩૬

## શ્રીવિજયસેનસૂરિ સજ્ઝાય.

---

સુગ્રીવ નગર સોહામણુંજી, એ ઢાલ.

સરસતિ ભગવતિ ભારતી જી ભગતિં ધરી મનિ માય,
પાય નમી નિજગુરૂતણા જી થુણસ્યું તપગચ્છરાય;
જયંકર જેસંગજી ગુરૂરાય,
નામિં નવનિધિ પામિઇં જી દર્શનિ દારિદ જાય;
જયંકર જેસંગજી ગુરૂરાય. આંકણી ૧

સાહસીક શિરિ શેખરૂ જી કવિજનમનતરૂ કીર;
હીરવિજયસૂરીતણો જી પટ્ટ ધુરંધર ધીર. જયં૦ ૨

ભરતભૂમિ ભૂષણમણી જી વિષય વડો મેવાડ;
નડુલાઈ નગરી ભલી જી લોક કરઇ લષ લાડ. જયં૦ ૩

સાહ કમા કુલ કુલગિરી જી કોડાં માત મલ્હાર;
જેસિંગજી જગ મોહિઓ જી જિમ ગોપી ભરતારિ. જયં૦ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બ્રહ્મા મુખ અંબરથકી જી ભૂપતિ અંક વષાણિ;
ઇણિ વરસિં ગરૂજીતણો જી જન્મ હુઉ જાણિ. જયં૦ ૫

ફાગુણ શુદિ પૂનમ દિનઇ જી દિનકર વાર ઉદાર;
ઉદયસિંઘ રાણાતણઇ જી રાજિ જણ્યો ગણધાર. જયં૦ ૬

સાત વરીસો સુત હૂઉ જી જબ જેસિંગ કુમાર;
સાહુ કમઇ સંયમ લિઉ જી છોડી નંદન નારિ. જયં૦ ૭

નવવરિસો જેસિંગજી જી નિજ જનનીનિ સાથિ;
પરણ્યો સંયમ સુંદરી જી વિજયદાનસૂરિ હાથિ. જયં૦ ૮

સંવત સોલ તેરોતરઇ જી ચઢિઉ ચારિત રંગિ;
સૂરતિબંદરમાંહિં હુઆ જી શ્રીજિનશાસન જંગ. જયં૦ ૯

॥ ઢાલ ॥

ગુરૂવિણ ગચ્છ નહી જિન કહ્યઉ. એ ઢાલ.

શ્રીવિજયદાંનસૂરીસરિં જયવિમલાભિધ થાપ્યો રે,
હીરવિજયસૂરિંદનિં ચતુર ચેલો એહ આપ્યો રે;
હીરપટોધર જગિ જયો જેસંગજી ગુરૂ જગિ જયો. આંચલી૦ ૧૦

હીરભટારિક હિઅડલઇ શ્રીજયવિમલ ચેલો રે;
વિનયવિદ્યા ગુણે કરિ વસ્યો જાણે મોહણ વેલો રે. હીર૦ ૧૧

અનુક્રમિં ડીસઇ પધારિઆ હીરજી ધ્યાઇ સુઝાણો રે;
શ્રીગુરૂવચન તે શિરિ ધરી જેસંગ કરઈ વષાંણો રે. હીર૦ ૧૨

પ્રકટિઓ સુર ભણઈ ગુરૂ સુણો જે તુમ જેસંગ ચેલો રે;
તે હુસ્યઇ ત્રિણ જગ પાવનો જિસ્યો હરશેખરા રેલો રે. હીર૦ ૧૩

ઇમ સુણી ગછધણી હરખિઉ વિહાર ષંભાયતિં કીનો રે;
શ્રીજયવિમલગણેસનઈ પંડિતપદ તિહાં દીનો રે. હીર૦ ૧૪

સોલ છવીસઇ તિહાં લિઉ લાભ પ્રતિષ્ટાનો મોટો રે;
શ્રાવિકા પૂનીઇં તિહાં કિઉ પદ ઉત્સવ નહી ષોટો રે. હીર૦ ૧૫

રાજનગરિ ગુરૂ આવિઆ અનુક્રમિ હીરમુણિંદો રે;
જયવિમલાદિકે પરવર્યા જિમ તારાગણે ચંદો રે. હીર૦ ૧૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તિણ નગરીમાંહિ મૂલગે મૂલો સેઠ સુજાણો રે;
પારિષ વીપાતણે ઘરે માંડ્યા સબલ મંડાણો રે. હીર૦ ૧૭
ફાગુણ સુદિ તિથિ સાતમી લલિત લગન દિન લાધો રે;
શશધર મૃગશિરસ્યું મિલ્યો યોગ અમૃતસિદ્ધિ સીધો રે. હીર૦ ૧૮
સોલ અઠાવીસઇ અભિનવઈ હરષિ હીરજી સૂરિં રે;
શ્રીવિજયસેનસૂરીશ્વર પાટિ ઠવ્યા નવનૂરઈ રે. હી૦ ૧૯
અચરિજ એહુ તિહાં હુઉ જાણો પંડિત લાગો રે;
મૂલો સાહુ મૂલ નષિત્ર સમો શ્રીગુરૂ સૂરસંયોગો રે. હીર૦ ૨૦
પાટણિ પૂજ્ય પધારિઆ ચઉમાસું રહ્યા ત્રીસઇ રે;
હીરજી જેસંગજી દુઇ મિલ્યા શ્રીસંઘનું મન હીંસઇ રે. હીર૦ ૨૧
પારણઇ પોસબહુલ પષિં ચઉથિં થાવરવારઇં રે;
શ્રીવિજયસેનસૂરિ પટિ ઠવ્યા વાંધા હીર ગણધારિં રે. હી૦ ૨૨

॥ ઢાલ ॥

ત્રિભુવનપતિ જિનવીરનિં નમી ગુરૂ ગુણ૦ એ ઢાલ.

હવિ હીરઆણા શિરિ ધરી ગુરૂ કરઇ વિહારો જી;
હારોજી ભરતભૂમિભામિનીતણો જી. ૨૩
દિનિ દિનિ તપગછવાધિઉ જિમ જલનિધિપૂરો જી;
પૂરઉ જી વિજયસેન સસિ ઊગતઇ જી. ૨૪
વાદીમદ ગુરૂ ગાલિઉ શ્રીભૂષણ નામો જી;
કામો જી જિમ હરનયન હુતાશનઇં જી. ૨૫
રાજનગરિ ગુરૂ જય લહ્યઉ શ્રીતપગછ સોહ્યો જી;
મોહ્યઉ જી ષાંનષાંનો ગુરૂદર્શનઇ જી. ૨૬
રાધનપુરિ ચઉમાસિ રહ્યા દુઇ ગણધર ભેલા જી;
વેલા જી એહવી પુણ્યઇં પામિઇં જી. ૨૭
તિહાં અકબ્બર ગુરૂ તેડિઆ હીર વંદીનઇ હાલ્યા જી;
પાલ્યા જી પાતક લાહુર લોકના જી. ૨૮
અકબ્બર સાહ જલાલદી ગુરૂદર્શનિં હરસ્યો જી;
તરસ્યો જી જિમ પંથી શીતલજલિં જી. ૨૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વાદી વાહ હરાવિઉ કિઉ જિનશાસન અજુઆલો જી;
કાલો જી વદન કુવાદિતણો કિઉ જી. ૩૦

ઉત્તરદિશિ આરોપિઉ ગુરૂ કીરતિં થંભો જી;
કુંભો જી કરૂણારસનો નૃપ હુઉ જી. ૩૧

ડિલ્લીપતિ દરબારિ ચઢી ગુરૂગુણ સુરવેલી જી;
ફૂલી જી નિમ્મલકીરતિ ફૂલડે જી. ૩૨

સાહિ સીષ લેઈ ચાલિઆ ગુરૂહીર બોલાયા જી;
આયા જી અણહિલપુરિ ઊતાવલા જી. ૩૩

હીર દિવંગત તિહાં સુણ્યા સુણિ શોક નિવાર્યો જી;
સંભાર્યઉ જી ગૌતમ વીર વિછોહિઉ જી. ૩૪

॥ ઢાલ ॥

પગિ સુરગિરિ આરોહણું, એ ઢાલ.

તપગછ ભાર ભુજાબલિં ધરતો સાહસ ધીર,
હુવઈ ભટારક પ્રકટિઉ વિજયસેન વડવીરો રે;
ગુરૂગુણ સાંભરઈ,
હીરતણો પટધારો રે નહિ મનિ મચલ લિગારો રે;
કિમ હિ ન વીસરઇ. આંચલી૦ ૩૫

બિંબ પ્રતિષ્ટા અતિવડી ગુરૂ કીધી પંચાસ;
ગુરૂરાજિં પ્રભુ પ્રકટિઉ વિજયચિંતામણિ પાસો રે. ગુરૂ૦ ૩૬

ગુરૂ ઉપદેસઈં ઊધર્યા જીર્ણ વિહાર અપાર;
શ્રીવિજયદેવસૂરિ સારિસા દીષ્યા શિષ્ય ઉદારો રે. ગુરૂ૦ ૩૭

આઠ વાચકપદ થાપીઆ એકસો નઈ પંચાસ;
એતલા પંડિતપદ દિઆ પૂરી તપગછ આસો રે. ગુરૂ૦ ૩૮

શ્રીશત્રુંજય ગુરૂ ચઢ્યા સાથઇ નિજ પટધાર;
સાઢા ત્રિણસઈ મુનિ મિલ્યા હરષ્યા સંઘ અપારો રે, ગુરૂ૦ ૩૯

સોરઠિ શ્રીગુરૂ સંચર્યા રહિઆ ચ્યાર ચઉમાસ;
શ્રીગિરનારિ ગિરિંદની કીધી યાત્રા ઉલ્લાસો રે. ગુરૂ૦ ૪૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કપીતાન કાજી મિલ્યા પાદરીનઇ પરિવાર;
પૂજ્ય ફિરંગી તેડિઆ પહુતા દીવ મઝારો રે.
એહ અછેર અપારો રે. ગુરૂ૦ ૪૧

જાંમ નામ નૃપ હરષીઉ દેષી સુગુરૂ દીદાર;
તિહાંથી પૂજ્ય પધારિઆ સંષેસર સુવિહારો રે. ગુરૂ૦ ૪૨

રાજનગરિ ગુરૂ આવિઆ દુઇ ગણધર પરિવાર;
બારવરસિ વિગ્રહ ટલ્યો સંઘિ હુઉ જયકારો રે. ગુરૂ૦ ૪૩

વરસિ સોલ બહુત્તરિં ષંભનગરિ ચઉમાસ;
કરવા શ્રીઅકબરપુરિં આવ્યા અતિહિ ઉલ્લાસો રે. ગુરૂ૦ ૪૪

જેઠ બહુલ એકાદશી પ્રહઊગમતઇ ભાંણુ;
ચઉસરણાદિ સમાધિસ્યું ગુરૂ હૂઉ નિર્વાંણો રે. ગુરૂ૦ ૪૫

મષબલ કેરી માંડવી માંડી સતરઇ ષંડ;
ચ્યાલીસ મણ સૂકડિ મિલી ત્રિણમણ અગર અષંડો રે. ગુરૂ૦ ૪૬

અધમણ કેસર તિહાં મિલ્યું મિલ્યો ઘણો ઘનસાર;
કસ્તૂરી ચૂરી ઘણી ચોઆદિકનો ન પારો રે. ગુરૂ૦ ૪૭

દો હજાર મહમુંદિઇં પૂજયા પૂજ્ય નવાંગ;
ઇમ ગુરૂના નિર્વાંણનો હૂઉ ઉછવ ચંગો રે. ગુરૂ૦ ૪૮

મહમુંદી સઘલી મિલી આઠ હજાર પ્રમાંણ;
ષરચી ષંભાયતતણઈ સંઘઈ જાણ સુજાંણો રે. ગુરૂ૦ ૪૯

જગિ જાંણી એકાદસી ઇક ગુરૂ હીરજી લીધ;
બીજી ગુરૂ જેસંગજી કીધી જગત્ર પ્રસિદ્ધો રે. ગુરૂ૦ ૫૦

સઘલા પંડિતમાંહિ વડો શ્રીકમલવિજયગુરૂસીહ;
તાસ સીસ વિદ્યાવિજય સુવિહિત પંડિત લીહો રે. ગુરૂ૦ ૫૧

વીર હીર દુઇ દીપતા મેડતા નગર મઝારિ;
તાસ પસાયઈ પાંમી કરી ગાયો એ ગણધારો રે. ગુરૂ૦ ૫૨

ઇમ થુણ્યો ગણધર સાધુસ્યુંધુર ભુવન બંધુર ગણધરો;
શ્રીવિજયસેનસુરિંદ સુંદર સકલ સંઘ સુહંકરો. ૫૩

તસ પટ્ટભૂષણ દલિતદૂષણ શ્રીવિજયદેવ દિવામણી;
'ગુણવિજય' પંડિત ઇમ પયંપઈ ચિર તપોતપ ગચ્છધણી. ૫૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૭
## શ્રીવિજયદેવસૂરિ સજ્ઝાય.

રાગ અસાઉરી.

સરસ સુમતિ આપો મુઝ સરસતિ વરસતી વચન વિલાસ રે,
શ્રીવિજયદેવસૂરીસર સાહિબ ગાયતાં અતિહિં ઉલ્લાસ રે;
શ્રીગુરૂવંદો શ્રીગુરૂવંદો ગુરૂમુખ પુનિમચંદો રે. આંકણી૦ ૧

અનોપમ ઇડર નગર સોહાકર સાહ 'થિરો' ધનવંત રે;
લાડિમદે કૂખિ અવતરિઆ શ્રીગુરૂજી ગુણવંત રે. શ્રી૦ ૨

લઘુવયથી જેણઇં દિખ્યા લીધી ભણિઆં અંગ ઉપાંગ રે;
યોગ્ય જાણી જેસિંગજી આપઇં નિજપદવી મન રંગ રે. શ્રી૦ ૩

બાલપણઇં બહુ બુદ્ધિ મહોનિધિ આલસ નહી જસ અંગ રે;
ગ્રંથ છ લાખ છત્રીસ સહસની વાચના લિઇં અતિ ચંગ રે. શ્રી૦ ૪

એક સહસ શત દોય છન્નવઇં ગુણહતણો ભંડાર રે;
જે સમ અવર નકો મઇં પેખ્યો સુવિહિતમુનિસિણગાર રે. શ્રી૦ ૫

સાહ સલેમ મહિપતિ મોટો દેખી જસ મુખ નૂર રે;
મહાતપા વર બિરૂદ દિઇ જસ વાજતઇં બહુ વિધિ તૂર રે. શ્રી૦ ૬

જગતસિંહ રાંણો મેવાડો તિમ દિખ્યણી સુલતાન રે;
લાખો જામ પ્રમુખ વડભૂપતિ જસ નિત દિઇં બહુ માન રે.શ્રી૦ ૭

॥ ઢાલ ॥

સુણિ બહિની પ્રિયડો પરદેશી. એ દેશી.

દેશ અનેક જેણઇં પાવન કીધા દીધા બહુ ઉપદેશ રે;
બિંબ પ્રતિષ્ટાદિક જસ બહુલા લાભ હવા સુવિશેસ રે.
એહવા ગુરૂગુણ સાંભરઇં. આંકણી૦ ૮

ગામ નગર પુર પાટણ બંદિર પરચઇં દ્રવ્ય અનેક રે. એ૦ ૯

શ્રીઆચારયપદ દો દીધાં વાચકપદ પણવીસ રે;
પણસય પંડિતપદ તિમ થાપ્યા માજનઇં શતદોય સીસ રે. એ૦ ૧૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અઢી હજાર યતીનો નાયક સાધવી તિમ શત જાણિ રે;
સાત લાખ શ્રાવક જાઝેરા શ્રાવિકા અધિક વખાણિ રે. એ૦ ૧૧

સોયગમે ગુરૂ કરઇ પ્રતિષ્ઠા સહસગમે જિનબિંબ રે;
વિધિં કરી નિજહાથઇં પ્રતિષ્ટઇં ભગવનજી અવિલંબ રે. એ૦ ૧૨

છટ્ઠ અટ્ઠમ આંબિલ નઇં નીવી વલી ઉપવાસ અનેકો રે;
જે જે તપ તપિઆં તઇં ગુરૂજી પાર લહઇં કુણ છેક રે. એ૦ ૧૩

॥ ઢાલ ॥

ચેતન ચેતો રે. એ દેસી.

પંચકોડિ સજ્ઝાય તઇં કીધો અપ્રમત્ત ભગવંત;
દિવસઇં નિદ્રા પ્રાંહિં ન કીધી તુઝ ગુણ અછઇં અનંત,
સુગુરૂ સંભારૂં રે. આંકણી૦ ૧૪

ઇગ્યાર દ્રવ્ય ઉપરાંત ન લીધુ પંચવિગય પરિહાર રે,
નિત્ય એકભગત વલિ કીધું તે પણિ પ્રાંહિં ચોવિહાર, સુ૦
તુઝ પ્રભુ હું ઉપગાર કિમ વીસારૂં રે. સુ૦ ૧૫

વિષમ ઠામિ તુઝ સાનિધ કરતાં પરતખ્ય જખ્ય અઢાર રે;
તે તો વાત જગત સહુ જાણઇં અચરિજ એહ અપાર. સુ૦ ૧૬

એક લાખ નઇં સહુસ ઓગણસટ્ઠિ સાહમી જિમાડ્યા જેણિં રે;
શ્રાવક હુવા એહવા તુઝ રાજઇં તુઝ સમ કુણ કહું તેણિં. સુ૦ ૧૭

ઇત્યાદિક તુઝ ગુણ કહું કેતા કહતાં ન આવઇં પાર રે;
રત્નાકરમાહિં રત્નતણો કુણ પાર લહઇં સુવિચાર. સુ૦ ૧૮

ઠામિ ઠામિ શ્રાવક પ્રતિબોધ્યા કીધો ઉગ્રવિહાર રે;
રાજનગરપાસઇં અહમદપુર ચોમાસું કરઇં ગણધાર. સુ૦ ૧૯

અહમદપુરથી બીબીપુરમાં સંઘ આગ્રહથી પધારઇં રે;
સંઘવી ગોવર્દ્ધનદાસ આગરાથી વાંદવા આવઇ તિણીવાર. સુ૦ ૨૦

પૂજા પ્રભાવનાદિક કીધાં ખરચ્યો દ્રવ્ય અપાર રે;
વાયુ વ્યથા તેણ અવસરિં અંગઇ થઈ વેદના તેણઇં વાર. સુ૦ ૨૧



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગચ્છ ચોરાસી કેરા શ્રાવક તિમ વલી યતી તિહાં આવઇં રે;
નરનારીના વૃંદ મલી કરી વાંદઇં ગુરૂનઇં ભાવિ. સુ૦ ૨૨

બહુલા તપ માન્યા તેણિં અવસરિ મૂક્યા બંદી અનેકો રે;
દ્યાહરી નવહજાર નઇં માજનઇં ષરચ્યઇં સંઘ સુવિવેક. સુ૦ ૨૩

દિવસ સાતમઇં પુણ્ય પ્રસાદઇં થઈ અંગી સુખસાતા રે;
માસ એક બીબીપુરમાહઇં રહ્યા ગુરૂ વિખ્યાત. સુ૦ ૨૪

અનુક્રમઇં રાજનગરમાહિં માસકલપ એક કીધો રે;
વાચકપદ પંપદ તિહાં દીધાં ભગવનજી જસ લીધ. સુ૦ ૨૫

શ્રીસિદ્ધાચલ પાસ-અજાહર ભેટવા ધરઇં ઉછાહ રે;
જ્ઞાન પ્રમાણિ શ્રીગુરૂ બોલઇં યાત્રા કરિસુ સુભભાવિ. સુ૦ ૨૬

॥ ઢાલ ॥

હથણાપુર સિણગાર, એ દેસી.

ભણસાલી રાયચંદ દીવનગરથકી,
ઇણિ અવસરિ તિહાં આવીઆ એ;
વીનતી કરી અપાર દીવનગર ભણી,
ભગવનજી પધરાવીઆ એ. ૨૭

અનુક્રમિ વિહાર કરંત શ્રીવિમલાચલિ,
ભગવનજી પોહતા સુખઇ એ;
આદિજિણંદ હજૂર આવી આપણાં,
પાપ આલોઇં નિજમુખઇં એ. ૨૮

આણી અતિવયરાગ વિવિધ પ્રકારના,
અભિગ્રહ તિહાં બહુ આદરઇં એ;
દીવસંઘ રાયચંદ ભણસાલીતણા,
આગ્રહથી ગુરૂ પાંગરઇં એ. ૨૯

હવઇં અજઝાહરપાસ ભેટી ભાવસ્યું,
હીરચરણ આવી નમઇં એ;
ઉન્નતપુર પધારઇં અતિ આડંબરઇ;
સહગુરૂ જાણી નિજસમઇં એ. ૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દીવનગરનો સંઘ દિન અધિકેરી,
 સેવા શ્રીગુરૂની કરઇં એ;
મુંકી સયલ પ્રમાદ શ્રીગુરૂ ઇકમના,
 અરિહંત ધ્યાન હૃદય ધરઇં એ. ૩૧

વિજયપ્રભસૂરિંદ પ્રમુખ યતી પ્રતઇં,
 તેડીનઇં ગુરૂ ઇમ ભણઇં એ;
ઘણી કહુ સીસીષ ધર્મ્મ દીપાવયો,
 એ સવિ પોલઇં તુહ્મતણઇં એ. ૩૨

ઇમ કહી શ્રીજિનબિંબ આગલિ ભાવસ્યું,
 માહાવ્રત તવ ઉચ્ચરઇં એ;
પમાવી જીવરાશિ રે અતિચાર આલોવઇં,
 ચ્યાર સરણ અંગિં કરઇં એ. ૩૩

દુર્ગ્ગતિ હેતુ અઢાર પાપસ્થાનક,
 ત્રિવિધ ત્રિવિધ તે પરિહરઇં એ;
સંવત સત્તરતેર આસાઢ માસની,
 સુદિ આઠમિં દિન સુભ પરઇં એ. ૩૪

અણુસણ કરઇં ત્રિવિહાર સાવધાનપણઇં,
 સૂત્ર સિદ્ધાંત મુખઇં ગણઇં એ;
વાચક પંડિત પાસઇં સંભલાવઇં તિમ,
 કાનઇં શ્રીગુરૂજી સુણઇં એ. ૩૫

સુદિ દસમીની રાતિ ચોવિહાર અણુસણ,
 સંઘ સાષિ સદગુરૂ ધરઇં એ;
જે જે તપ સજ્ઝાય માન્યાં તિણ સમઇં,
 તે સંખ્યા કહો કુણ કરઇં એ. ૩૬

સોના રૂપાનાણઇં હરષઇં પૂજણા,
 સંઘઇં તિહાં કીધાં બહુ એ;
તેણિ અવસરિ એક અચરિજ ઊપનું;
 ભવિઅણ તે સુણયો સહુ એ. ૩૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પ્રયાગ ગયા જે લોક તેણઇ પ્રહસમઇ,
સમપૂર્વક આવી કહ્યું એ;
સન્યાસી વર એક રહઇ પ્રયાગમાં,
તસ મુખથી જેહવું લહ્યું એ. ૩૮

દીઠુ પચ્છિમ રાતિ તેણ સન્યાસીઇં,
વિમાન એક અતિ જલહલઇં એ;
કિહાં જાઉં તુહ્મે દેવ દેવ પ્રગટ ભણઇં,
સન્યાસી પણિ સાંભલઇં એ. ૩૯

માહંત પુરૂષ છઇં એક તેહનઇં તેડવા,
જાઇછિં સુર પરવરી એ;
તતખિણ શ્રીગુરૂ પાસિ તેજ તે પ્રગટિઉં;
તવ ગુરૂ પોહતા સિવપુરી એ. ૪૦

દેવ થયા વિજયદેવ તવ સુર અપચ્છરા;
જય જય નંદા મુખઇં કરઇં એ. ૪૧

॥ ઢાલ ॥

તવ ગંભારઇ પ્રતિમા દીઠી રે. એ દેસી.

તુઝ ગુણ કેતા સુગુરૂ સંભારૂં રે,
એક ઘડી પણિ નવિ વીસરૂં રે;
તુઝસ્યું મુઝનઇં જે છઇ નેહ રે,
કેવલનાણી જાણીઇં તેહ રે. તુ૦ આંકણી. ૪૨

હવઇં માંડવીનુ કરઇં મંડાણ રે,
ભણસાલી રાયચંદ સુજાણ રે;
અતલસ સોનેરી રૂપેરી રે,
ભાતિ ભાતિની કરઇ ભલેરી રે. તુ૦ ૪૩

લાહિકથી પાઅમરી સારી રે,
માંડવી મોટી તેણઇં સણગારી રે;
તેરપંડી તિહાં અતિહિં વિરાજઇં રે,
તેઉરની કીધજ ફાવઇ રે. તુ૦ ૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જાણે નિરૂપમ દેવવિમાન રે,
બઇઠી લ્યાહરી સહસનઇં માનિ રે;
માંડવીમાહઇં પ્રભુનઇં બઇસારઇં રે. તુ૦ ૪૫

અનેક તિહાં વાજિત્ર વજાવઇં રે,
ભામિની ભગતિ ગુરૂગુણ ગાવઇં રે;
હીરશુભ પાસઇં લેઈ આવઇ રે,
સોવન ફૂલે સંઘ વધાવઇ રે. તુ૦ ૪૬

સૂકડિ મણ એકવીસ અણાવી રે,
અઢીસેર કસ્તૂરી આવી રે;
મલયાગરૂ આણ્યુ મણ ચ્યાર રે,
પંચસેર સારો ઘનસાર રે. તુ૦ ૪૭

કૃષ્ણાગર મણ ચ્યારનુ માન રે,
સેર ચ્યાર કેસર શુભ વાન રે;
સેર પનર વલી આણ્યઓ ચૂઓ રે,
સેર એ વલી અંબર જૂઓ રે. તુ૦ ૪૮

પનરસેર તે અબીર તે આયો રે,
અંગપૂજા અતિ બહુ થાય રે;
મિલિઓ સંઘ તિહાં અપાર રે,
લ્યાહરી ઉપની ચ્યાર હજાર રે. તુ૦ ૪૯

સુપરઇં અંગ સંસકાર તે થાવઇં રે,
લોક સવે તિહાં દુખ્ખ બહુ પાવઇં રે;
શ્રીગુરૂ કુરણાવંત સમાવઇં રે,
નિજચ્ચય ઉપરઇં આપ પ્રભાવઇં રે. તુ૦ ૫૦

ફૂલતણો વરષા વરસાવઇં રે,
અણિપરિં ભવિઅણ દુષ સમાવઇ રે;
તીન દિવસ લગઇં ફૂલ તે નિરખ્યાં રે,
ભવિઅણના તવ હિઅડાં હરખ્યાં રે. તુ૦ ૫૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ભણુસાલી તિહાં થુભ કરાવઇં રે,
શ્રીજિનસાસન સોહ ચડાવઇં રે;
જસ કીરતિ બહુલી જગ પાવઇં રે,
સ્નાત્ર મોહોચ્છવ તિહાં બહુ થાવઇં રે. તુ૦ ૫૨

સા માલજી હુઉં ગંધારી રે,
નિજગતિ અણુસણુ કરી સમારી રે;
મોટો દેવ હુઓચ્છિં જેહ રે,
સીમંધર પૂછી કહઇં તેહ રે. તુ૦ ૫૩

શ્રીગુરૂજીસ્યું ધરયો નેહ રે,
ભવિ ત્રિજઇં શિવ લહસ્યઇં એહ રે;
વાત પરંપરથી એ જાણ્યું રે,
ગુરૂભગતિ મઇં તે ઇહાં આણ્યુ રે. તુ૦ ૫૪

સાચુ તે નાણિનઇં સૂઝઇં રે,
કિમ છદ્મસ્થ તે સઘલુ બુઝઇં રે;
સાહિબશ્રીવિજયદેવસૂરીસ રે,
સેવકની પૂરો જગીસ રે. તુ૦ ૫૫

તુહ્મ પાટ પ્રભુ અધિક દિવાજ રે,
શ્રીવિજયપ્રભસૂરી વિરાજઇ રે;
તેહ ગુરૂના લહિ સુપસાયો રે,
ઇણિ પરિ પ્રભુજી તુહ્મ ગુણ ગાયા રે. તુ૦ ૫૬

કલશ.

ઇમ ત્રિજગભૂષણ દલીતદૂષણ શ્રીવિજયદેવસૂરીસરો,
ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણકારણ વાંછિતપૂરણ સૂરતરો;
ઇમ થુણ્યો જીરણગઢમાંહિ અતિ ઉચ્છાહિં એ ગુરો,
શ્રીસાધુવિજય કવિરાય સેવક 'સૌભાગ્યવિજય' મંગલ કરો. ૫૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૩૮
## શ્રીગચ્છનાયકપટ્ટાવલી સજ્ઝાય.

સરસતિ દ્દુ મતિ મુઝ અતિ ઘણા હું છઉં સેવક નિજ તેહ ભણી;
ગાઇસુ વીરજિણેસરપાટ જસુ નામિ હુઇ ગહગાટ. ૧
વીરજિણેસર કેરા સીસ ઇગ્યારિ પ્રણમું નિસદીસ;
પટ્ટધાર સોહમગણધાર તસ પાટિ જંબૂ સુવિચાર. ૨
નિવ્વાણું કંચણની કોડિ કન્યા આઠ સહિત તે છોડિ;
પ્રભવ પ્રમુખ પણસઇ વીસસાત સાથિં સંયમ એ અવિદાત. ૩
પ્રભવ પાટધર વાંદું વલી સોહિ પહિલઓ શ્રુતકેવલી;
જિનપ્રતિમા દેષી પ્રતિબોધ શિજ્જંભવ વાંદું અવિરોધ. ૪
દશવૈકાલિક શ્રુત ઉદ્ધાર મનકપુત્રની કીધી સાર;
યસોભદ્ર તસુ પાટિ મુણિંદ મંત્રપત્ર જસ દીઇ દિણંદ. ૫
પટ્ટોધર છટ્ઠઉ તું જાણિ ગુરૂ સંભૂતિવિજય ગુણખાણિ;
થૂલિભદ્ર મુનિવર તસુ સિષ્ય જાસતણા ગુણ અછિ પ્રતષ્ય. ૬
ભદ્રબાહુ પટ્ટોધર ભણું જાસ ચરિત્ર છઇ સોહામણું;
ઉવસગ્ગહર તવન તવી પાસ સયલલોકની પૂરિ આસ. ૭
તાસ મહાગિરિ પહિલો સીસ બીજઉ સુહસ્તિ નમું નિસદીસ;
સંપ્રતિરાજ દીધઉ પ્રતિબોધ એહ સમ અવર કહુ કુણ યોધ. ૮
તાસ સીસ સુસ્થિત મુનિરાજ સુપ્રતિબદ્ધ સારઇ નિજકાજ;
કોટિક કાકંદિક ગણ હોઇ કોટિકગણ તિહાં થુંતું જોઇ. ૯
તાસ પાટિ શ્રીઇંદ્રદિન્નસૂરિ નામિ પાપ પણાસઇ દુરિ;
જસ વારિ કાલક ગુરૂરાજ ગર્દભિલ્લનું લીધું રાજ. ૧૦
દિન્નસૂરિ તસ પાટિ ઉદાર જિણઇ સમિ પાલિત જય જયકાર;
સીહગિરિ પટ્ટોધર તાસ ધનગિરિરિષિ સીસ હૂઉ જાસ. ૧૧
તસપટ્ટિ વયરસ્વામિ વિખ્યાત જેહના પ્રસિદ્ધ અછિ અવદાત;
પઉઢિ પાલણઇં પઢિયા અંગ સંઘ ઉદ્ધરી રાખિઉ રંગ. ૧૨
વજ્રસેન ગુરૂં વાંદું ભાવિ સુભિક્ષ કહિઉ ગુરૂવચન પ્રભાવિ;
લક્ષભોજ્યકજ શ્રાવકપુત્ત પ્રતિબોધી દિધઉ ચારિત્ત. ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાગેંદ્ર ચંદ્ર નિવૃતિ નર જાણિ વિદ્યાધર વલી પ્રકટ પ્રમાણિ;
ચ્યારિં શાષ ચિહુંથી નીસરી ચંદ્રસાષ સઘલે વિસ્તરી. ૧૪

ચંદ્રપાટિ સામંતભદ્રસૂરિ તાસપાટિ વૃદ્ધવાદિ ગુણભૂરિ;
જસ સીસ વાદિ વિહંગમસેન વિક્રમપ્રતિબોધક સિદ્ધસેન. ૧૫

પ્રદ્યોતન ગણનાયક દેવ પટ્ટ પ્રભાવક શ્રીમાનદેવ;
માનતુંગુ ગચ્છનાયક વલી ભગતામર કીધું મન રલી. ૧૬

પટ્ટોધર સૂરીસર વીર જયદેવ ગચ્છપતિ ગંભીર;
દેવાણંદસૂરિ તસ સીસ સંઘલોક પુરવઇ જગીસ. ૧૭

પ્રગટ પાટધર વિક્રમસૂરિ વિદ્યાઇ જાણેતું સુરસૂરિ;
શ્રીનરસિંહ નમું ગુરૂરાય નરવર મુનિવર સેવિં પાય. ૧૮

જસ વારિ થંભણપુરિ પાસ અભયદેવસૂરિ પુરી આસ;
શ્રીસમુદ્રસૂરીસર નમુ પટ્ટોધર સત્તાવીસમુ. ૧૯

પ્રણમુ માનદેવ મુનિનાથ કાલિકસૂરિ નમિત સુરસાથ;
જસ વારિ શાલિવાહન ભૂપ ચઉથિ પજૂસણતણું સરૂપ. ૨૦

વિબુધપ્રભસૂરિ સુપ્રભાવ જયાનંદ વંદુ સુભભાવિ;
રવિપ્રભસૂરિ નમું સુવિશાલ જસ વારિ ઠિતિ થઈ પોસાલ. ૨૧

વીરસંવત્સરથીપોશાલ સ્થિતિ અગ્યાર સાત સુવિશાલ;
વિક્રમ સંવત્સર સત સાત હુંતઇ પૌષધસાલા વાત. ૨૨

પટ્ટિ જશોદેવસૂરિ સુજાંણ જેહની ભવિઅણ માનિ આણ;
વિમલચંદ્રસૂરી ગુણગેહ સૂરિ ઉદ્યોતન સોવનદેહ. ૨૩

સર્વદેવ ગછનાયક ચંગ વડગચ્છની સાષ સુરંગ;
અજિતદેવસૂરી વિખ્યાત જે વાંદિ તેહ ધન સુપ્રભાત. ૨૪

વિજયસિંહસૂરિ ગચ્છધણી પૂરૂ આસ સદા મનતણી;
શ્રીમુનિચંદ્રસુરીસર વાંદિ પટ્ટ સોમપ્રભ નમું આણંદિ. ૨૫

ઢાલ જયમાલાનુ.

હિવઇ તપગચ્છ કેરૂ વાસ જિહાં આધકુ તેજપ્રકાસ;
શ્રીજગચંદ્ર ગણધાર આંબિલ તપ વચ્છર બાર. ૨૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેષી તપક્રિયા સ્વરૂપ મનમાંહિ રંજ્યા ભૂપ;
સંવત્સર બાર પંચ્યાસી તપા બિરૂદ દીઉ સુપ્રકાસી. ૨૭

દેવિંદ ગણધર ધુરિ પાટ કિય લઘુસાલા આધાટ;
ખંભનયરિ આભૂંવશધારી સોની સંગ્રામ માલાકારી. ૨૮

ગચ્છનાયક તે લઘુસાલા આચારયથી વૃદ્ધસાલા;
વિદ્યાપુરિ સાકિણિ સીધી ધર્મઘોષસૂરિ વશ કીધી. ૨૯

સોમપ્રભસૂરી સોહિ સોમતિલકસૂરી મનમોહિ;
પેથડદે વ્રત આરોપ સેતુજયાત્રા આટોપ. ૩૦

તસ પાટિ સૂરિ જયાણંદ દેવસૂંદરસૂરિ સૂરિંદ;
કલિયુગમાંહિ યુગહ પ્રધાન સોમસુંદરસૂરી નિધાન. ૩૧

દસઅઠસઇ ઉપરિ ચાર તારંગિ પ્રતિષ્ઠા સાર;
બહુ દેસ પ્રતિબોધ જિણિ જીતિઉ રાતપતિયોધ. ૩૨

આચારયપદ કિય તન્નિ તેહમાહિ નિજસીસ દુન્નિ;
શ્રીજયચંદ્રસૂરિ સોમદેવ તે સારિ ગછપતિ સેવ. ૩૩

માઇ ધન્ન સંપુન્નતું, એ ઢાલ.

તસ પટ્ટિ પુરંદર સુંદર શ્રીગુરૂરાજ,
મુનિસુંદર નામિં સારિ નિજપર કાજ;
જે સહસવધાની સહસ વાટલીનાદ,
ઉલષીયા નિજમનિ જીતા પરમતવાદ. ૩૪

શ્રીસંતિજિણેસર સ્તવનિ નિવારી મારી,
ગુરૂગોયમ સોહમ સમવડિ જે આચારિ;
તસ પાટિ દીપઇ જીપિ મારવિકાર,
સરી રયણસેહરસૂરિ સૂરિરયણ ગુણધાર. ૩૫

પાટિ લષમીસાગર નાગર સેવી પાય,
ખંભનયર ભલીપરિ ગચ્છમેલ કરિ ગુરૂરાય;
અગ્યાર આચારિજપદ કીધાં સુવિચાર,
પાટિ થાપ્યા સુમતિ સુમતિસાધુ ગુણધાર. ૩૬



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વર વડલી નયરિ સૂરિમંત્ર આરાધઇં,
તુઠા સવિ સુરપતિ કારય સઘલાં સાંધઇં;
માંડવગઢ મોટઉ સાહ જાવડ શ્રીમાલ,
કુલ અતિ અજૂઆલઇ પાલિ દયા વિસાલ. ૩૭

મનિ ભાવ ધરી નિત ગછપતિ પધરાવિ,
લાષ ચઉકડ વેચી સહુમા રંગ રહાવિ;
ઇગ્યારસેર સોના રૂપા સેર બાવીસ,
દોઇ પડિમા કરાવી પૂરઇ મન્ન જગીસ. ૩૮

ખિલચી ગ્યાસભૂપતિ અવિહડ પાલઇ રાજ,
જિનપડિમ પઇઠ્ઠા કેરૂ મંડઇ કાજ;
રૂપા ચઉકડીયા ખરચ્યા લાષ ઇગ્યાર,
ઇમ ઉત્સવ અધિકા કહિતું ન લહું પાર. ૩૯

ગુરૂ વિહાર કરંતા પુહતા પુર પંચલાસિ,
હેમવિમલસૂરીસર થાપ્યા મન ઉલ્લાસઇં;
પન્નર અઠતાલિ પદ ઉછવ અધિકાર,
તિહાં સંઘપતિ પાતુ વેચઇ વિત્ત અનિવાર. ૪૦

ઇડરગઢ મોટઉ સોહઇ ભાણુ ભૂપાલ,
તિહાં વસિ કોઠારી સાયર નિ શ્રીપાલ;
માંડઇ ગછનાયક પદ ઉછવ સુજંગ,
ચિહું દિસના શ્રીસંઘ આવઇ કરતા રંગ. ૪૧

સંઘ વચનિ આચારિય થાપ્યા માંડી નંદિ,
શ્રીકમલકલસ નઇં બીજા શ્રીઇંદ્રનંદિ;
વિહરંતા પુહતા ખંભનયર મઝારિ,
ગુરૂ નયર પ્રવેસિ ધવલ મંગલ દિં નારિં. ૪૨

સુરવચનિ સેત્રુંજ તીરથ કેરી યાત્ર,
ગુણુ ગાંઇ ગોરી નાચઇ નવરંગ પાત્ર;
લાલપુરિ પાઉધારા સૂરિમંત્ર કીઅ જાપ,
સુર પરતિષ હુઆ વાધિઉ અધિક પ્રતાપ. ૪૩

સોની વર જાણુ જીવઉ જયત સુવિચાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંભનયર નિવાસી પદઉચ્છવ વિસ્તાર;
આચારિજ થાપ્યા આણંદવિમલસુરિંદ,
સત પન્નરઆસી ઋષિ માન હુઆ મુણિંદ. ૪૪

વર વિબુધ હર્ષકુલ કરિ સત અર્થ વિચાર,
સુલતાન સનાષત વાલ્યા સહસ અઢાર;
ઇમ ગછપતિ કેરા કેતા કહું અવદાત,
જે દેસવિદેસિ નર નરપતિ વિખ્યાત. ૪૫

શ્રીતપગછ વછલ વીસલિનયરિ પહુત,
પાટિ સૌભાગ્યહર્ષસૂરિ થાપ્યા હરષ બહુત;
પટુયા ભીમ રૂપા દેવદત્ત કર્ણરાજ,
શ્રીપતિ વિત વેચઇ કિરિય પદઉછવ કાજ. ૪૬

ખંભનયર નિરૂપમ સાહ સોમસીહ ઉદાર,
અતિ ઉછવ કરીનિ આપઇ તપગછ ભાર;
વીજાપુરિ પુહતા ઉવજ્ઝાયપદ તિહિં કીધ,
શ્રીસોમવિમલનઇ તે જગિ જગિ જસ લીધ. ૪૭

વલી કીધ પ્રતિષ્ટા ઇડરનયર મઝારિ,
વિત વેચિ નવલખ આસરાજ ભાઇ ચ્યાર;
જિનસાસન વાધિઉ મહિમા મેરૂસમાન,
પાટિ સોમવિમલસૂરિ થાપઇ મહિમનિધાન. ૪૮

શ્રીસકલહર્ષસૂરિ આચારિજપદ દીધ,
દોઇ ઉવઝાય પદ કીધાં ઇણિ જગિ બહુત જસ લીધ;
ગછપતિ આચારિય જીવું કોડિ વરીસ,
ઇમ ચતુર્વિધ શ્રીસંઘ દિ અનુદિન આસીસ. ૪૯

કલસ.

ઇણિપરિ ર પટ્ટપરંપરા એ,
જે ભણઇ ર ઉગતિ ભાણુ કિ તે નર રાજ રમા વરિ એ;
શ્રીસોમ સોમવિમલસૂરિ વાણિ કિ, ઇણિપરિ ર પટ્ટપરંપરા એ. ૫૦

ઇણિપરિ પટ્ટપરંપરા જે ગાઇસિ ગુણ આગલી,
તેહ ટલિ આપદ મિલઇ સંપદ ઋદ્ધિવૃદ્ધિ લહઇ વલી;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંવત સોલ બિડોત્તરિ એ રચી પટ્ટપરંપરા,
વર જેઠમાસિ મન ઉલ્લાસિ તેરસિં રસિં સુખકરા. ૫૧

ઇતિ શ્રીમહાવીરતીર્થેશ્વરશિષ્યપંચમગણધર । શ્રી સુધર્માસ્વામી પ્રમુખગછનાયકપટ્ટાવલી સ્વાધ્યાય: ॥ શ્રીરસ્તુ તપાગચ્છેશ-શ્રીવિશાલસોમસૂરિમંડિતમંડલીસિરોમણિ પં૦ શ્રી જયસૂંદરસિષ્ય-જ્ઞાનસૂંદર લષિતં । મુ૦ કીર્તિસુંદર પઠનાર્થં સંવત ૧૭૦૦ વર્ષે કાર્ત્તિક વદિ ૫ દિને શ્રીરસ્તુ શુભં ભવતુ.

૩૯

## શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

રાગ રામગિરી.

ઢાલ ચઉપઈ.

સંખેસર પરમેસર પાસ પ્રણમી સ્વામી લીલવિલાસ;
ગાઉં ગુરૂગુણ જગદાધાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. આંકણી. ૧

મનોહર પુર મનોહર કચ્છદેસ જિહાં ચતુર નરનારિ નિવેસ;
તિહાં હૂઓ શ્રીગુરૂ અવતાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૨

સાહા શ્રીશિવગણ કુલ અવતંસ ભાણબાઈકૂષસરોવરહંસ;
ઓસવંસ કેરો સિણગાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૩

વિજયદેવસૂરિ તપગછરાય જિણિં જીત્યા ક્રોધાદિ કષાય;
તસ પટિધાર કૃપા કૂપાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૪

ધ્યાંન ધરી સુરસાંનિધિ સાર નિરૂપમ નયર બંધુર ગંધાર;
તિહાં જસ પદમહોચ્છવ અધિકાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૫

સુર કિન્નર નરવર નતપાય રૂપપુરંદર સુંદર કાય;
મધુરિમ વચન સુધારસ ધાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૬

ભવિક કુમુદ વન ભાસન ચંદ સુખકારી જિમ સુરતરૂકંદ;
ઉપકારી જિમ જગિ જલધાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૭

વીર પરંપર પ્રગટ્યો સૂર પ્રભુજી જીવન પુણ્ય અંકૂર;
લાવણ્ય લષિમીવિજય જયકાર પ્રણમો વિજયપ્રભ ગણધાર. ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૦
## શ્રીસોમવિમલસૂરિ ગીત.

આદિ તપાગછ ચા ધણી સહીઅર સવિ બોલઇ;
અંગણિ આવ્યા આપુલઇ ગુરૂ ગૌતમ તોલઇ. ૧
આવુ અહવિ ઊતાવલી કરી સકલશ્રૃંગાર;
શ્રીસોમવિમલસૂરિ સેવીઇ વહીઇ સુષ સાર. આવુ૦

દ્રૂપદ.

રૂપિઇં રતિપતિ અવતરિ સોમમૂરતિ સાર;
ગુરૂનામિઇં મંગલ સદા નિતુ જયજયકાર. આવુ૦ ૨
મનમોહણ ગુરૂ નિરષતાં વિબુધજન રંજઇ;
ગુરૂ ગિરૂઅડિ સોહામણા વાદી સવિ ગંજઇ. આવુ૦ ૩
ભાવભગતિ ભલી પરિઇં કવિઅણ કરઇં સેવ;
જિનશાસનિ સોહાકરૂ પ્રણમું નિતમેવ. આવુ૦ ૪
વારવાર ગુરૂ ગાઈઇ સોમવિમલસૂરીસ;
શ્રીસોભાગહરિષસૂરિંદ સીસ જયુ કોડિ વરીસ. આવુ૦ ૫

## ૪૧
## શ્રીસોમવિમલસૂરિ ગીત.

ધિન ધિન દિન મઝ આજુકા જબ શ્રીગુરૂ દીઠા;
વદનકમલ જોતાં નયનકું અમીઅ પઈઠા. ૧
તપગછરાજા જયુ જયકારા શ્રીસોમવિમલસૂરિશ્રૃંગારા;

દ્રૂપદ.

ષટજીવકા હિતકારી કુમત નિવારી;
દેજ્યો સુખસાગર સુંદર ગુરૂ સેવા તુહ્મારી. તપ૦ ૨
શ્રીસોભાગહરિષસૂરિ પાટિ પ્રગટીલા અભિનવ દિનકારા;
ચિર પ્રતિપુ શ્રીસોમવિમલસૂરિ સેવક સાધારા. તપ૦ ૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ મલ્હાર.

સકલકા ગુણરંજિત રાયા સંઘ ચતુર્વિધ પ્રણમઇ પાયા; ૧
મુખકુ પ્યાસુ બહૂત દિલકુ શ્રીસોમવિમલસૂરિગુરૂ મેરૂનીકુ. મુખ૦ ૨

દૂપદ.

સોભાગહરિષસૂરિ પાટિ સુનિર્મલ સોમવિમલ તેરૂ રાજ અવિચલ. ૩

## ૪૨

## શ્રીવિજયરાજસૂરિ સજ્ઝાય.

ઢાલ દરિયાની.

સરસતિ સરસવચન સદા રે દેયો મુઝનઇ માય;
ગુણ ગાઉં ગચ્છપતિતણા રે શ્રીવિજયરાજ સૂરિરાય રે. ૧
સૂરિ જન વંદો શ્રીગુરૂરાય જસ નામઇં આણંદ થાય;
જસનામઇ પાતક જાય, જસ કવિજન ગુણનિધિ ગાય રે. સુ૦
આંચલી. ૨

નયરી કડી અતિ શોભતી રે જિહાં ગુરૂનો અવતાર;
સા પીમા કુલ જસ કરૂ રે ગમતાદે માત મલ્હાર રે. સુ૦ ૩

ભવિજન માનસહંસલો રે સમતારસ ભંડાર;
નિજ તનવાનેં જીપતો રે મદન મહાભડ સાર રે. સુ૦ ૪

વિજયાનંદસૂરિં પટોધરૂ રે મુનિજનનો આધાર;
કુમતીકુવલય સોસવા રે દિનકરનો અનુકાર રે. સુ૦ ૫

પૂરવપુણ્યઇ પામીઉ રે શ્રીવિજયરાજસૂરિંદ;
ભગતે 'ભાણવિજય' ભણઇ રે ગુરૂ પ્રતપો જિહાં સુરચંદ રે. સુ૦ ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૩
# શ્રીવિજયરાજસૂરિ સજ્ઝાય.

રાગ મારૂ.

ભવિજન ભાવિં રે પ્રણમો ભાવસ્યું રે, શ્રીવિજયરાજ સુરિંદ;
સૂરિ શિરોમણિ વિજયાનંદ પટોધરૂ રે, સમતાતરૂનો કંદ. ભ૦ ૧

શ્રીશ્રીમાલીવંશ રયણાયરૂ રે, ઊપનો અભિનવચંદ;
સોઇ કલંકી રાહુ પિડઇ દોષાકરૂ રે, એ નિકલંક મુણિંદ. ભ૦ ૨

સા ષીમાકુલ પંકજ ભાસનસુંદરૂ રે, અભિનવ એહ દિણંદ;
ભવિજનમાનસમાનસરોવરહંસલો રે, પ્રણમઇ મુનીજનવૃંદ. ભ૦ ૩

અનોપમ વદનરૂચિં કરિ જીત્યો સરોવરઇ રે, પોહોતો કમલનો વૃંદ;
એક પખ્યઇ કરિ સૂરય દૃષ્ટઇ તપ તપઇ રે, તોહઇ તે થયા મંદ. ભ૦ ૪

પાંચમઇ આરઇ જંબૂ ગણધર સમ કહ્યો રે, એ ગુરૂ પરમમુણિંદ;
પંડિત લબ્ધિવિજયપદપંકજ મધૂકરો રે, 'ભાણવિજય' આણંદ. ભ૦ ૫

## ૪૪
# શ્રીમુનિસુંદરસૂરિ વિજ્ઞપ્તિ.

સિરિ સરસતિ ભગવતિ મનિ ધરેવિ,
ગુરૂ ગોઅમ પયપંકય નમેવિ;
સિરિ મુનિસુંદરસૂરિ ગુણનિહાણ,
હઉં વન્નિસુ ઇણ જગિ જુગપહાણ. ૧

નીઅમણિ જિણિ જાણિઅ એનિ રાસ,
રસભરિ પરિઅ ગિહત્થવાસ;
લહૂઅત્તણિ તખ્ખણિ ગહિઅ સાર,
ગુરૂપાસિ જાઈ સિરિ ચરિઅભાર. ૨

રંગિ રમલિ રમંત ઉસહસમાણ,
અવહાણહ પૂરણ સાવહાણ;

કમિ કમિ અંગીકય સયલવિજ્જ,
જિણસાસણ સોહણ એહ અજ્જ. ૩

ભવિયણ મણપંકય વણ વિકાસ;
કર તરણિ સહોદર ગોવિલાસ;
તપિ જપિ વિદ્યાબલિ એહ સમાણ,
નવિ દીસઇ મહીઅલિ અવર જાણ. ૪

મણમોહણ મોહણવેલિકંદ;
સિરિ તવગચ્છ ક્ષીરસમુદ્રચંદ;
દિણિ દિણિ અચ્છરાયણ જસ પસાઇ
જસનામિહિં દૂરિ દૂરિએ પલાઇં. ૫

ઇણકલિ જુગિ પયડપભાવ જાસ,
દિસિ દિસિ ઘણ ઘણ જસ જસ પયાસ;
સંઘ માણસ માણસરાયહંસ,
જયઉ સિરિ મુનિસુંદરસૂરિવયંસ. ૬

જગગુરૂ જગજીવન દેવિદત્ત,
સુપવિત્તમંત્તમય સંતિ થુત્ત;
કરિ મારિ નિવારિઅ વિસમરૂપ,
સ ચરાચરિ જે ગાજિઉ ધંમભૂપ. ૭

જિહિં જિહિં એ ગુરૂ કરઇં વિહાર,
તિહિં તિહિં સવ્વત્થ અસિવ નિવાર;
અવયરિઅ માણતુંગ વલી એહ,
નિરૂવમ કરૂણારસ સરસમેહ. ૮

પરવાદી અદ્દુમ ગરૂડવિંદ,
મદકંદનિકંદન ગુરૂ ગોવિંદ;
મતિ બલિ અવહીલિઅતિઅ સસૂરિ,
વરિસઇ વિવિહાગમ અમિઅપૂરિ. ૯

એહ ગઇએહમઇ એહ પરમતત્ત,
એહ સુહગુરૂ ભવન્નવજાણવત્ત;
એહ અસરણ અણાહણાહ,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એહ દંસણ દંસણિ મણિ ઉત્સાહ. ૧૦

ઇઅ મુણિ જણનાયક સુહસયદાયક,
સિરિ મુણિસુંદરસૂરિવર;
મઇં ભાવઇં વન્નિઅ તિહુઅણવન્નિઅ,
રિદ્ધિ વૃદ્ધિ જયકાર કર. ૧૧

## ૪૫

## શ્રીસોમસુંદરસૂરિ વિજ્ઞપ્તિ.

---

સિરિ તપગછનાયક ભુવણતાય,
જયઉ સિરિ સોમસુંદર સુગુરૂરાય;
જસ વસિ હૂઅ ગૌતમસામિની,
પરિ ચારિત કમલાકામિની. ૧

જ્ઞાન દર્શન ચારિતપરિવરિઆ,
જિહાં સોમસુંદરસૂરિ અવતરિઆ;
દૂસમ રહઇં રંગિ વધામણાં,
અનઇ નિતુ નિતુ કરઇં ભામણાં. ૨

ધન્ન ૨ તે સામી લોઅણાઇં,
જેહે કીજઇં તુમ્હ મુહ જોઅણાઇં;
ધન્ન ૨ તે સામી બોલણાઇં,
જેહે કીજઇં તુમ્હ ગુણ ઘોલણાઇં. ૩

હું ભવ્ય અભવ્ય કિ એ સંદેહ,
ભાગઉ લાગઉ તુમ્હ પાય એહ;
પુણ એક સંદેહ છઇ ઠામિ ઠામિ,
તુમ્હે ગૌતમગુરૂ કે જંબુસામિ. ૪

ગુરૂરાયા ઊપજઇ તુમ્હતણી,
દેષી મૂરતિ મૂં રતિ અતિઘણી;
પાપ પડલનઇં જાવઇં છઇ વકાશ,
તુહ હિઅડલઇ માઇ ન મઝ ઉલ્હાસ. ૫



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરે હિઅડલા ઉલ્લસિઉંઅ આજ,
અરે નયણા તુમ્હ નાં સરિઆં કાજ;
બોલંતી ગુરૂગુણ જીભડી,
મન રહિ તું એકઇં ચાપડી. ૬

હે ગૌતમ ગણહર તુમ્હ તણા,
બોલિઆ આગમિ જે ગુણ અતિઘણા;
તે સવિ વસઇં તપગચ્છરાયમાહિ,
નામ ફેરી સામી મઝ મ વાહિ. ૭

આજ જણણી આસીસ સવિ ફલી,
આજ સંપદ સઘલી અમ્હ મિલી;
આજ કરિસઉં અમ્હિ કલિસિઉં વિરોધ,
આજ ભેટિઉ ગછપતિ સબલ જોધ. ૮

જિમ સસહર દેષી સવિ ચકોર,
જિમ અભિનવ જલહર દેષિ મોર;
તિમ બહુ વંદણ અલજયું,
ગુરૂ દેષી મઝ મન હરષિઉં. ૯

૪૬

## શ્રીમુનિસુંદરસૂરિ વિજ્ઞપ્તિ.

---

જયુ જયુ શ્રીમુનિસુંદરસૂરી,
સરસતિ મઝ મતિ દિઉ અતિસૂરી;
ગુણગણ ગાઇસિઉં એહ ગુરૂ કેરા,
જિમ અમ્હે છૂટઉં બહુ ભવ ફેરા. ૧

ચાહિઅ ચંદલા માચઇં ચકોરા,
જલહર પેખવિ નાચઇં એ મોરા;
આણંદજલિ ઝીલઇં લોચનમોરા,
ભર્ઇન જઈ પ્રભુ દરિસણ તોરા. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અરે અરે મોહ મયણ મદ માયા,
કહઉ તુમ્હિ કવણિ મુહૂરતિ જાયા;
તુમ્હ કુલકંદ નિકંદન કેરી,
સુહગુરૂવાણિ વાજઇ રણભેરી. ૩

ગોતમિ નિઅગુણ થાપણિ આપી,
નિઅદેહ ઘરમાહિ તે તુમ્હિ થાપી;
સો નવિ આવિસઇ સિવપુર ગામી,
તુંહજિ પાસિ રહી હિવ સામી. ૪

કીરતિ કામિણિ નાચઇં એ જગિ જણિ,
કીરતિનાહ કરાવિઉ તખ્ખણિ;
સોહમ ગુરૂ જિમ આગમ જાણઇ;
સોહ મહાવીરસાસણિ આણઇ. ૫

ભેટીલા ભગવન ભવભયભંજણ,
જિહાં તુમ્હિ દૂસમદલબલગંજણ;
સિરિ તપગચ્છ કમલા મૃગનયણી,
વાલંભ ધન ધન તે દિનરયણી. ૬

તપિ જપિ શાસનાદેવિ આરાહઇં,
સંતિકર સ્તવિ મરગી નિવારઇં;
ગણધર ભદ્રબાહુ ગુરૂચી બોલઇં,
ચઉવિહ સંઘની ભીડ ઊવેલઇ. ૭

અમ્હ દેસિ ઈતિ ઉપદ્રવ ટાલઉ,
ઇમ ગુરૂ વીનવતિ સહસમલરાઉ;
ધ્યાનિ બઈઠા તવ ગુરૂરાયા,
ટીડતણા ભર દૂરિ પલાયા. ૮

જીવઅમારિ મરૂમંડલદેસે,
સો વરતાવઇ ગુરૂ ઉપદેસે;
મુણિવરમહિમા ચઉપટ ગાજઇ,
શ્રીજિનશાસનિ જયઢક વાજઇ. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીમુનિસુંદરગુરૂ મઇ થુણીયા,
મોરઇ એ અંગણિ સુરતરૂ ફલીયા;
ગણહર મણહર મહિમ મુણિંદા,
રાજ કરઉ જાં ગહ રવિ ચંદા. ૧૦

સંવત્ ૧૪૯૮ વર્ષે પ્રલ્હાદનપુરે અલેખિ ॥ પંડિતપ્રકાંડ પં૦-
લક્ષ્મીભદ્રગણિવરૈ: કૃતા ॥ :: ॥

૪૭

## શ્રીગુરૂભાસ.

વીર જિણેસર સઇંહથિ એ રચિયલા ગણધર ગ્યાર;
જગિ સયલ વધામણું એ ભેટિયા સહગુરૂ આજ.
મઇ ખરઉં સોહામણઉં એ. ૧

શ્રીદેવસુંદરસૂરિ તિણિઇ ક્રમઇં એ ઠવિયલા એ ગણધાર;
જગિ સયલ વધામણું એ ભેટિઆ સુહગુરૂ આજ.
મઇ ખરઉં સોહામણઉં એ. ૨

જ્ઞાનસાગરસૂરિ ગુણરયણ શ્રીકુલમંડનસૂરિ;
જગિ સયલ વધામણઉં એ. ભેટિયા૦ ૩

ગણહર સિરિગુણરયણસૂરિ વંદિસુ આણંદપૂરિ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૪

સસિગચ્છનાયક મહિમવંત જિહિ નિતુ પ્રકટપ્રભાવ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૫

શ્રીસોમસુંદરસૂરિ પાટિ ધરો શ્રીયસાધુરયણસૂરિ;
જગિ સયલ વધામણઉં એ. ભેટિયા૦ ૬

શ્રીમુનિસુંદરસૂરિ ગુર જગગુર જયચંદ્રસૂરિ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૭

વિશાલરાજ સોભાગિઇં આગલા એ શ્રીરત્નશેખરસૂરિ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉદયનંદિસૂરિ ઉદયવંત નામિઇં નાસઇં પાપ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૯

શ્રીલક્ષ્મીસાગર સૂરિગુરવર શ્રીસોમદેવસૂરિ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૦

ઉવજ્ઝાય શ્રીસત્યશેખરૂ એ શ્રીસૂરસુંદર સાર;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૧

સર્વસિધિ સંપજઇં સેવતાં એ પ્રણમતાં નાસઇં પાપ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૨

ગોયમ જિમ જીહકરકમલિ વિલસઇં એ લબધિવિલાસ;
જગિ સયાલ વધામણઉં એ. ભેટિયા૦ ૧૩

મહિયલિ અવર ન પેખિય એ મંડએ જો તુડિતાલિ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૪

દેસણવાણિ સોહામણી એ વરસએ જિમ જલધાર;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૫

વયણિકિ સિ સિહર ઊગીઉ એ જીભઇ કે અમૃતધાર;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૬

જ્ઞાનસરોવર પ્રભુતણઉં એ તિમ જસુ પુહુવિ ન માઇં;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૭

અંબર મંદિર જાં લગઇ એ અનઇં તારાયણ જાસ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૮

ગણહર સંઘિહિ પરિવરિયા એ રવિતલિ પ્રતપઉ તામ;
જગિ સયલિ વધામણઉં એ. ભેટિયા૦ ૧૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૮

# શ્રીહીરવિજયસૂરિ સજ્ઝાય.

આજ સકલસિદ્ધાંત હું પાઉં પ્રહ્માણી માત આરાઉં;
આણંદ કલ્લોલિં ગાઉં. ૧

નાથીબાઈ તુમ્હારિં નાનડીઇ રે માહરિં મોહરાયસ્યું ત્રોડી;
એણિં મયણની વાત વિષાડી.
માહરાં દુષડાં કાઢ્યાં સવિ દ્દોડી. નાથી૦ ૨

આગઈં લોભ ધૂતારિં હું ગ્રસીઓ હુંતો મયણતણો હું રસીઓ;
હવઈં હીરજી હીયડિં વસીઓ. નાથી૦ ૩

હું કુંણમાત્ર ભીષારી પરણાવી સંયમ નારી;
હું તો કીધો ધરમ અધિકારી. નાથી૦ ૪

હું ધૂરત કિણહી ન જાણ્યો મનમોહન ષરો રે પિછાણ્યો;
હું વાનરો કિંમ વસિ આણ્યો. નાથી૦ ૫

એહવઉં કાંમ કહેથી ન સીધું નવિ જાણું ઇંણિ કાંઇ કીધું;
માહરૂં મનડું હરિનઇં લીધું. નાથી૦ ૬

મુનિં ઊવટ્ટ જાતો વાલો મનિં દુરગતિનો ભય ટાલ્યો,
એણિં બાલકનિં પરિપાલ્યો. નાથી૦ ૭

સિદ્ધાંતરસ મુઝ દીધો ત્રણિ ભુવનમાંહિં હું પ્રસિદ્ધો;
એણિં આપણો હું દાસ કીધો. નાથી૦ ૮

શ્રીહીરવિજયસૂરીસ પ્રભુ પ્રતપો કોડિ વરીસ;
ઇંમ સહિજવિજય દ્યેં આસીસ. નાથી૦ ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૪૯

# શ્રીવિજયદેવસૂરિ સજ્ઝાય.

શ્રીજિનવર ચરણે નમી રંગિં પ્રણમી હે સારદમાય કિ;
મરૂધર દેસિ પધારિઆ ગુણવંતા હે તપગછરાય કિ.
સહે ગુરૂ ભલઇં પધારિઆ. આંચલી૦ ૧

સંઘ સમહીએ અલજઉ વંદે સહી શ્રીવિજયદેવસૂરિ કિ;
સોલ સિણગાર અંગિ ધરી વજાવ્યા હે મંગલતૂર કિ. સહે૦ ૨

કુંકમગારે કેલવી લેપાવો હે પુંનિયો સાલ કિ;
ઘરિઘરિ ગૂડી ઊચ્છલી વધાવો હે વંનરમાલ કિ. સહે૦ ૩

પંચવરણ તોરણ કરી વધાવો હે ગલીઆં પોલિ કિ;
પાટ પટોલી પાધરો સિણગારો હે હાટની ઉલ કિ. સહે૦ ૪

પોઢા ગજ સણગારિઆ સાહ બેઠાં બે ઢલકતી ઢાલ કિ;
ચપલ તુરંગમ પાખરા ગલે ઘમકે હે ઘુઘરમાલ કિ. સહે૦ ૫

રૂપ સુવન સુપાસનિં સામા ચાલે એ મનને ઉલ્લાસ કિ;
રથ સિણગારી જોતરા બેસી ભામિનિ હે ગાવઇ ભાસ કિ. સહે૦ ૬

સોવનકલસ સિરિ ધરિ લીઆ રામા રંગિ હે જવારા અનુપ કિ;
આભરણે કરી ઝગમગે સંઘ સોહે સુરગણરૂપ કિ. સહે૦ ૭

છતિ સીરૂ સામો કરી સાહમા ચાલે હે રાણા રાણિ કિ;
તિવલ દમાંમાં દડદડી વાજે ગુંજઇ હે ઢોલ નીસાણ કિ. સહે૦ ૮

સરલીસિરણાઇ ચેચહે પંચસબદ હે તાલ કંસાલ કિ;
માદલ ભુંગલ ભુંગલી નફેરી હે વાજે કરણાલ કિ. સહે૦ ૯

અતી આડંબર વંદીઆ ગચ્છનાયક હે આણંદપૂરિ કિ;
પુંનિ પોસાલ પધારિઆ સાથિં સોહે હે વિજયસિંઘસૂરિ કિ.સહે૦ ૧૦

મોતી થાલ ભરી ભલી વધાવે હે સોહવનારિ કિ;
રૂપાનાણે લુંચ્છણાં દેતઇ જ્યાચક હે દાન અપાર કિ. સહે૦ ૧૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ ઉપદેસ સુણી ભલા અંગપૂજા હે કરે અપાર કિ;
પ્રભાવના પૂજા બહુ સંઘવાચ્છલ્ય હે અનેક પ્રકાર કિ. સહે૦ ૧૨
સોહમ સમોવડિ ગુરૂતણા સંઘ હરષઇ હે પ્રણમે પાય કિ;
સુમતિચંદ્રપંડિત તણઇ પસાઇ હે 'ધરમ' ગુણગાય કિ. સહે૦ ૧૩

સંવત ૧૬૯૮ વરષે માઘ વદિ ૩ રવૌ લિખિતમસ્તિ ।। શ્રીચિંતામણિપાર્શ્વનાથપ્રસાદાત્ શુભં ભવતુ ।।

૫૦

## શ્રીગુરૂનામમિશ્રિત ચોવીશ જિન સ્તવન.

સરસ સકોમલ વાણી સરનિરમલી સરસતિ મુઝ આપઉ અતિભલી;
સાહિબ શ્રીવિજયદાનસૂરિતણો ઋષભજિન ધ્યાઊં રૂલીયામણઉ. ૧
અજિતજિનવર નવિ જિત્યા કિણઇ વસ્યા હીરવિજયસૂરી મનઇ;
તેહતણિં ચરણે સિર નામીઇ અલવિસૂં સવિ રમણી પામીઇ. ૨
વિજયદાનસૂરિસર ગુરૂ મિલિઉ ભવ અનંત ભ્રમણ ફેરઉ ટલિઉ;
સંભવજિનવર મુઝ ઉલ્લાવીઉ સૂરતરૂ જાણૂં કરતલિઉ આવીઉ. ૩
હીરવિજયસૂરીસર ગુણનિલઉ મૂષ અનોપમ પૂનિમચંદલો;
ઇસ્યા પૂજ્યતણઇ સુપસાઉલઇ અભિનંદન પ્રણમું પાઉલઇ. ૪
વિજયદાનસૂરિં હું ઉધરિઉ મૂરષ ટાલિ જાણીતઉ કરિઉ;
સુમતિજિનવર ચરણ જુહારીઇ સુગુરૂના ઉવયાર સંભારિઇ. ૫
હીરવિજયસૂરિ આણ હીય ધરૂ પદમપ્રભજિનવર થૂઈ કરૂં;
સુકૃત સબલ સહી પોતઇ ભરૂં વિષમ ભવસાયર સોહજિ તરૂં. ૬
વિજયદાન અહો બુધિ તાહરિ મોહ નિદ્રા ટાલઇ માહરિ;
શ્રીસુપાસ ભેટાડિઉ અતિભલુ જિન નમી થયઉ નિરમલઉ. ૭
ચંદ્રતણી પરિં ચંદ્રવદન સદા ચંદ્રપ્રભજિનવર પ્રણમૂં મુદા;
હીરવિજયસૂરી ગુણ કેતા કહું જસુ પ્રસાદિ જિનસેવા લહું. ૮
વિજયદાનસૂરીસરિ મેલવ્યા સુવિધિજિન સિવપુરિ આપઇ તવ્યા;
તિણિ કારણિ ગુણ ગાઉં વલીવલી પદકમલિ સિરિ નામૂં લલી લલી. ૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સીતલ સુષદાયક દસમા જિન હીરવિજયસૂરી ધ્યાઇ ધિન;
ગુણ અમૃતરસ ગટગટપીજીઇ વીતરાગ તવી ફલ લીજીઇ. ૧૦

વિજયદાનતણઉ પ્રભૂ જાણીઇ ત્રિણિ ભવનિ શ્રેયાંસ વષાણીઇ;
સબલ પુણ્ય પોતઇ હુઉ જેહનઇ મિલઇ એહવા અરિહંત તેહનઇ. ૧૧

વાસુપૂજ્ય જિનેંદ્ર મનોહરૂ ભજઉ ભવીકા કામિતિ સુરતરૂ;
હીરવિજયસૂરીસર વંદિયા ધરી પ્રેમ રદઇ આણંદીયા. ૧૨

સહજિ વિમલજિન ધ્યાઇઇ વિમલસુષ ગુણવતા પાઇઇ;
વિજયદાનસૂરી અહો તાગપણૂં નિત સમ રૂપ વષાણઇ જિનતણૂં. ૧૩

કાલ અનંત હૂં મોહિ વિનાણીઉ નરજનમ સફલ આજ માનીઉ;
અનંત જિનવર જઉ મનિ આણીઉ હીરવિજયસૂરીથી જાણીઉ. ૧૪

વિજયદાનસૂરી ગુણઆગર તેહતણું હું ચરણસેવાકર;
ધરમનાથ નમૂં જિન પનરમા અતિહિ વલ્લભ ચિંતામણિ સમા. ૧૫

જપું જુગતિઇ શાંતિ સોહામણઉ હીરવિજયસૂરી સુષકારણઉ;
સંકટ વિકટ વિષમ દૂષ વારણઉ ભવિકજનનઇં ભવજલ તારણઉ. ૧૬

કુંથનાથ કહું સુણઉ વીનતી જનમના દુષ ટાલિ જિનપતી;
તુઝ ચરણિ રંગ રાતુ હૂં અતિ વિજયદાન મિલિઉ મુઝ યતી. ૧૭

હીરવિજયસૂરીનુ નાયક અર અઢાર મુનિજન સુષદાયક;
વેલા વેલા કહું રસના બાપડી જપતી પ્રભુ ન રહે એકઇ ઘડી. ૧૮

મલ્લિ મૂરતિ જોતા જિન તાહરી સફલ આસ ફલી હવ માહરી;
વિજયદાનસૂરી મનિ તૂં વસ્યો રજિતમુદ્રિકા પરિ માણિક જિસિઉ. ૧૯

અહો અહો ગોયમ સમ અવતરિઉ હીરવિજયસૂરી સમતારસ ભરિઉ;
મુનિસુવ્રતઆરાધનવિધિ કહઇ ભવિકજન સદહી સુખબહૂ લહઇ. ૨૦

વિજયદાનસૂરીસર રાજીઉ ત્રણિ ભુવન જસ મહિમા ગાજિઉ;
એહનઇ રાજિ હું આણંદીઉ નમિ નિરૂપમ જઉમઇ વહીઉ. ૨૧

માયતાય બંધવ મુઝ ગુરૂ હીરવિજયસૂરી અતિ વાલ્હેસરૂ;
ચરણસેવા નવિ મુકું કદા જેહનઈ મહિમાઇ નેમિ નમું મુદા. ૨૨

પ્રગટ મહિમા પાસજિણંદનુ તારક શ્રીવિજયદાનનુ;
ધ્યાન કરતા ભવ સંકટ ટલઇ વાંછિત સુષસંપતિ આવી મિલઇ. ૨૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હીરવિજયસૂરી નામઇ રમઉ જેણઇ મેલિઉ વીસમુ;
અશુભ કરમની રા સવે ટલી જિન જુહારિયા પોહતી મનિ રૂલી. ૨૪

ભરતાદિક દસ ષેત્ર ત્રિકાલના સગસઇ વીસ સદા પ્રણમૂં જિના;
વિજયદાનસૂરિંદિ વષાણીયા તેહતણા ગુણ મઈ મનિ આણીયા. ૨૫

વિજયદાનસૂરી આગમ કહિ હીરવિજય પ્રમુખ સહૂ સદ્દહઇ;
જિનતણાં અવદાત જિહાં પામીઇ ઇસ્યા શ્રુત નઇં નિત સિર નામીઇ. ૨૬

વિજયદાનસૂરીસર સુંદરૂ હીરવિજયસૂરિ પાટિ પટોધરૂ;
એહનુ ચઉવિહ સંઘ જે જિન તવઇ શ્રુતદેવી તસુ શ્રવ સુષ પૂરવઇ. ૨૭

### કલસ.

જગમગતિ જસ જગમાંહિં જેહ તુ જયઉ જગ જા મૂનીવઇ;
ગોયમ સોહમ સરીસ મુઝનઇં મેલવ્યા એ ગણધરૂ. ૨૮

જસુ પ્રસાદિઇં તવ્યા જિનવર સહિજવિમલ આણંદીઉ;
શ્રવસંઘ સહિત શ્રીવિજયદાનસૂરિંદ પુહવી જય જયઉ. ૨૯

## ૫૧

## શ્રીઆનંદવિમલસૂરિ ભાસ.

વીરજિણંદ સમોસર્યા રે વંદઇ મેઘકુમાર. એ ઢાલ.

વીરજિણેસર પાએ નમી રે સમરી સરસતિ માય;
સૂરિશિરોમણિ ગાઇસિ જી નિર્મ્મલ થાઇ કાય.
હો સામી સૂરિશિરોમણિરાય;
હું ગાઉ ગુણહભંડાર. હો સા૦ ૧

ઇડરનયર સોહામણઉં રે તિહાં હૂઉ અવતાર;
સાહ મેઘા કુલમંડણઉ જી માણિકદે કૂષિ મલ્હાર. હો સા૦ ૨

દિનદિન વાધઇ બાલઉ જી દીસંતુ સુકુમાલ;
હેમવિમલસૂરિપાસઇં સહી જી લીધી દિષ્યા સાર. હો સા૦ ૩

વિનય કરી વિદ્યા ભણી જી શ્રુતનુ હૂઉ જાણ;
કુમતીના મદ ગાલતુ જી નવિ કો માંડઇ પ્રાણ. હો સા૦ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગણુધરપદ તુમ્હ થાપિઉં જી જાણી યોગ્ય અપાર;
ઉસવંશકુલ દીપતુ જી દેષી ગુણુહભંડાર. હો સા૦ ૫
સાયર સંયમ તુમ્હે આદરિઉ જી મૂકી પરિગ્રહ ભાર;
તપક્રિયાઇં દીપતા જી ગુણુ નવિ લાભઇં પાર. હો સા૦ ૬

॥ ઢાલ ॥

પ્રમાદપંથહ પરિહરી આશ્રવદ્વારહ સંવરી,
સંવરી સંવરસું ચિત માંડીઉ એ;
સહી એ સંવરી સંવરસુ ચિત માંડીઉ એ. ૭
આણંદિ વ્રત પાલઇ એ વિમલ નિયમ નિતુ ધારઇ એ;
ધારઇ એ સૂરિપણઇ સંયમ સુંદરૂ એ સહી૦ ૮
મુનિપતિ અતિ દીપઇ એ માર વિકારકું જીપઇ એ;
દીપઇ એ તપ તેજઇં તે રૂઅડઉ એ. સહી૦ ૯
કુમતીના મદ ભાંજઇ એ સીહતણી પરિ ગાજઇ એ;
ગાજઇ એ સમુદ્રની પરિ સુંદરૂ એ. સહી૦ ૧૦
ગુહરી વાણી ગાજઇ એ સૂરિપણઉં તુમ્હ છાજઇ એ;
રાજઇ એ પૂર્વદિશિં જિમ દિનકરૂ એ. સહી૦ ૧૧
દશ વિધ યતિધર્મ ભાષઇ એ ભૂલા મારગ દાષઇ એ;
રાષઇ એ જીવ છકાય તનઇ કરી એ. સહી૦ ૧૨

---

પૂર્વિં સાધુ જે હૂઆં જી સંભરિયા તે આજ;
સંપ્રતિકાલઇં સોભતુ જી ધન ધન તુ ઋષિરાજ. હો સામી. ૧૩
કાગિંદીનુ ધનુ ભલઉ જી ધન જેહનું અવતાર;
સાલિભદ્ર સુકોસલઉ જી મુનિવર મેઘકુમાર. હો સા૦ ૧૪
ઢંઢણકુમાર ષંધઉ સુણિઉ જી થૂલિભદ્ર ધન અણગાર;
તુમ્હ દીઠઇ તે સંભરિયા જી જંબૂ વયરકુમાર. હો સા૦ ૧૫
ભગવન નામ અતિ સુંદરૂ જી રૂડઉ તુમ્હ પરિવાર;
જોડઇ આચાર્ય શોભતા જી વિજયદાનસૂરિ સાર. હો સા૦ ૧૬
ઉવઝાયપદ દીપતા જી વિદ્યાસાગર સાર;
અમરહર્ષ ગુણ આગલા જી પંડિત નામ ઉદાર. હો સા૦ ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરૂ સમીપિ અતિ શોભતા જી જીપઈં મયણવિકાર;
વિનયભાવ પંડિત ભલા જી સફલ ફલિઉ અવતાર. હો સા૦ ૧૮
સોમવિમલ ઇણિપરિ કહઇ જી ચિરં જીવઉ તુમ્હ પરિવાર;
સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા જી એક એક પાહિ સાર. હો સા૦ ૧૯
શ્રીઆનંદવિમલસૂરિ સુંદરૂ જી હર્ષઈં ગાઇઉ સાર;
હિવ હું માંગઉ તુમ્હ કન્હઇ જી સેવા સુષ દાતાર.
મઇં ગાઇયા ગુણહભંડાર. હો સા૦ ૨૦

---

પરિષદમાંહિ સોહઇ એ ભવિકજીવ મન મોહઇ એ;
સોહઇ એ પરિષદમાહિં ગણહરૂ એ. સો૦ સહી૦ ૨૧

## ૫૨
## શ્રીવિજયપ્રભસૂરિ સજ્ઝાય.

રાગ કાફી.

વિજયપ્રભસૂરી વંદીઇં રે લાલ વંદતાં જય જય કાર સુષકારી રે;
તપગચ્છ કેરો રાજીઓ રે લાલ સમતારસ શ્રંગાર. સુષ૦ વિ૦ ૧
પંચ સુમતી ત્રણ ગુપતી રે લાલ પાલિં પલાવિં એહ; સુષ૦
ગીરૂઓ નિં ગુણઇં આગલો રે લાલ સુંદર જેહની દેહ; સુષ૦ વિ૦ ૨
વદનવિરાજીત ચંદલા રે લાલ વચન સુધારસ પૂર; સુષ૦
અણીયાલાં દોઇ લોયણાં રે લાલ દંતડા તેજનુ પુર. સુષ૦ વિ૦ ૩
સુકચંચુ સમ નાસિકા રે લાલ અધર પ્રવાલીરંગ; સુષ૦
રૂપ અનોપમ તાહરૂ રે લાલ દેષતાં ઉપજિં રંગ. સુષ૦ વિ૦ ૪
ત્રિપતી ન પામિં લોયણાં રે લાલ દેષતાં જસ દીદાર; સુષ૦
ધન્ન ભાણાદે માવડી રે લાલ જાયો કુલ સણગાર. સુષ૦ વિ૦ ૫
બાલાપણિ વ્રત આદરિ રે લાલ કીધો સાસ્ત્ર અભ્યાસ; સુષ૦
વિનયવંત વિદ્યા ભણ્યો રે લાલ પ્રગટ્યો પુણ્યપ્રકાસ. સુષ૦ વિ૦ ૬
શ્રીવિજયદેવસૂરીસરૂ રે લાલ થાપ્યો નિજ પટોધાર; સુષ૦
ઓચ્છવ હુઓ અતિ ઘણો રે લાલ નગર ગંધારિ મઝારિ. સુષ૦ વિ૦ ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હરિષ્યો સંઘજ સામટો રે લાલ હરિષો મુનિ પરિવારિ; સુ૫૦
હરિષો વંસ ઓસવાલનો રે લાલ દેષી એ ગણધાર. સુષ૦ વિ૦ ૮

સમતારસમાહિં ઝીલતો રે લાલ વિચરતો જિમ ગયંદ; સુષ૦
દરિસણ દેષી સંઘનાં રે લાલ ઠરિં લોચન અરિવિંદ; સુષ૦ વિ૦ ૯

ઓસવંસ દીપાવતો રે લાલ જીપતો મયણવિકાર; સુષ૦
ભવિકજીવ પડિબોહતો રે લાલ ટાલતો પાપ વ્યાપાર. સુષ૦ વિ૦ ૧૦

એ ગુરૂ પ્રતિપો જિહાં રવી રે લાલ જિહાં મહિ મેરૂગીરીસ; સુષ૦
દેવવિજય કવીયણ તણો રે લાલ 'તત્ત્વવિજય' કહિં સીસ. સુષ૦ વિ૦ ૧૧

૫૩

## ભાનુચંદ્રઉપાધ્યાય સજ્ઝાય.

રાગ આસાઉરી.

ભવિજન વંદો ભાવ ધરીનઇં સુંદર ગુર સોભાગી રે;
પરઉપગારી સબ જગિ જાણઇં મન મોહન વઇરાગી રે. ભવિ૦ ૧

સાહ રામાકુલ વંછિતપૂરણ સુરથી સુભમતિ જાગી રે;
માત રમાદે કુખિ અવતરિઆ સંયમસ્યું લો લાગી રે. ભવિ૦ ૨

સેત્રુંજગિરનો કર મુંકાવ્યો નવષંડ રાખ્યું નામ રે;
સદગુરની જે સેવા સારઇં તે પામઇં સુભ ઠામ રે. ભવિ૦ ૩

તપગછમંડણ સાચો મુનિવર શ્રીભાણુચંદ ઉવજ્ઝાય રે;
'ભાવચંદ' પ્રભુ વાચા અવિચલ ચીરજીવો મુનિરાય રે. ભવિ૦ ૪

૫૪

## વિજયદેવસૂરિ સજ્ઝાય.

ચાલ રે ચાલ ગજગામનિ ગુરૂ વંદન જઈઇં;
શ્રીવિજયદેવસૂરિ વંદતાં સુષસંપત લહીઇં. ચાલ રે૦ ૧

સા થેરા કુલચંદલો માત રૂપાઇં જાયો;
તપગછ કેરો નાયકો તપ તેજઇં સવાયો. ચા૦ ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેસિંગ પાટઇં પ્રગટીઓ રૂપઇં કરી મયણ;
કાંતિ ઝલા ભલ દેહની વદઇં અમૃતવયણ. ચા૦ ૩

સારદ સશિ સમ જેહનું ગુરૂવદન વિરાજઇં;
નયણ અમૃત કચોલડાં નાસાં સુંદર છાજઇં. ચા૦ ૪

કપોલ દોય દરપ્પણ સારિષા દંતછદ જસ રાતા;
કમલપલ્લવ સમ જીભડી નષ માંસસું માતા. ચા૦ ૫

સુંદર રૂપ એ ગુરૂતણું નિરિષો નેહજ આણી;
પર ઉપગારનઇં કારણઇં અવતર્યો એહ પ્રાણી. ચા૦ ૬

છત્રીસિ સૂરિગુણા જસ અંગઇં વિરાજઇં;
તપસીયમાહિ સીરોમણિ સાધુ ગુણઇં કરી છાજઇં. ચા૦ ૭

અષ્ટ પ્રવચન માવડી પાલઇ એ પુણ્યઇં ભરીઓ;
ધ્યાન ધરઇ સદા ધર્મ્મનું ગુરૂજ્ઞાનનો દરીઓ. ચા૦ ૮

મહીમંડલમાહઇં વિચરતો દીઇં દેસના મીઠિ;
ભવીકજીવ પડિબોહીયા કીધા સમકીતદૃષ્ટી. ચા૦ ૯

શ્રીવિજયદેવસૂરીશ્વરૂ પ્રતિપઇ ગુરૂરાયા;
દેવવિજય કવિરાયનો 'તત્ત્વવિજય' ગુણ ગાયા. ચા૦ ૧૦

૫૫

## હીરવિજયસૂરિ સજ્ઝાય.

---

સરસતી મતી આપો જી સારી ગાઉં તપગછકો પટધારી;
શ્રીહીરજી હું બલહારી મનોહર હીરજી ગુરૂ વંદો. ૧

પાલણપૂર નયર સૂઠામ સાજીન સાજીન લેં વીસામ;
ગુરૂ જનમભોમી અભીરામ મનોહર. હીર૦ ૨

સા કુંરાજી કુલસીણગાર સતી નાથીજી માત મલાર;
જાણેં ઇંદ્રભુતી અવતાર મનોહર; હીર૦ ૩

જિનસાસનકો સુલતાન અકબરસા દે બહુમાન;
ગુરૂ કલીજુગ યુગપ્રધાન મનોહર. હીર૦ ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અમારેં ઢંઢેરા ફેરાયા વેમલાચલ મૂગતા કરાયા;
જેણે વાદીવ્રંદ હરાયા મનોહર. હીર૦ ૫

જ્ઞાન ક્રીયા ગુણ ભરીયો ગુરૂ ઉપસમરસનો દરીયો;
જેણેં ઓસંજવંસ ઓધરીયો મનોહર. હીર૦ ૬

શ્રીવીજયદાનસૂરરાયા તસ પાટે હીર સવાયા;
બહુ પૂંન્ય પજીના પાયા મનોહર. હીર૦ ૭

બાઇ વેમલાઇનો વીરો મહીમંડલ સાહસધીરો;
ગુરૂ હીરજી જાસો હીરો મનોહર. હીર૦ ૮

જેમ કમલેં મધુકર રસીયો તેમ હીરજી હીઆમાં વસીઓ;
ગુણ ગાતાં ચીતડો ઉલસીઓ મનોહર હીર૦ ૯

શ્રીયભાવવિજય કવી સીસ કહે 'સીધવીજય' નીસદીસ;
ગુરૂજી પ્રતપો તોં કોડ વરીસ મનોહર. હીર૦ ૧૦

૫૬

## વિજયદેવસૂરિ સજ્ઝાય.

સહગુરૂચરણ નમી કરી સમરી સારદ માયા રે;
શ્રીવિજયદેવ ગુરૂ ગાઇઇ તપગછકેરૂ રાયા રે. ૧

ચાલો સખી ગુરૂ વાંદીઇ રે ઘર અંગણ સુરતરૂ ફલીઓ;
વિજયસેનસૂરિનો પટધારી શ્રીવિજયદેવ ગુરૂ મિલીઓ રે. આંચલી. ૨

ઇડરનયર સોહામણો જ્યાં ન્યાતિ વસ્યઇ ચોરાસી રે;
ચતુરલોક સુંદર ઘણા જાણે સ્વર્ગતણા એ વાસી રે. ૩

ઓસવાલવંસઇ વડો ગુણવંત ગિરૂઓ ચિત્તઇ રે;
સાહ થિરૂ તિહાંકણિ વસ્યઇ ધનદ હરાવ્યો વિત્તઇં રે. ૪

સીલગુણે સીતા જિસી રૂપઇં રંભ સમાણી રે;
તસ ઘરણી રૂપાઈ નામિં જાણે હરિ પટરાણી રે. ૫

તાસ કુષિં કુઅરૂ ભલો વાસણ પુન્ય પૂરૂ રે;
પ્રગટ્યો સુરગિર ભૂમિકા કલ્પદ્રુમ અંકુર રે. ૬

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજતણો જિમ હિમકરૂ દિન દિન કલાઇં દીપઇ રે;
આઠ વરસનો કુંઅરૂ બુધઇં સુરગુરૂ જિપિ રે. ૭

અમી સમાણી સુણિનિ ગુરૂવાણી શ્રીવિજયસેન ગુરૂ હાથિં રે,
સંયમરમણી પરણિ કુંઅરૂ નિજ જનનીનિં સાથઇં રે. ૮

વયરસ્વામિતણી પરિં વિદ્યાવિજય સોભાગી રે;
સકલશાસ્ત્ર પુરાં ભણ્યાં લહુઅપણિં વિરાગી રે. ૯

લાડોલિં ષટ્ માસ લગઇં સૂરમંત્ર આરાધિં રે;
શ્રીવિજયસેન સૂરીસતણો જગમાં મહિમા વાધિં રે. ૧૦

પ્રકટ થઈ સુર ઇમ કહઇ જિનશાસન સોભાકારી રે;
વિદ્યાવિજયનઇં આપયો આપણી પદવી સારી રે. ૧૧

ષંભનયર ઉચ્છવ ઘણા શ્રીવિજયસેન ભલું કીધું રે;
સંઘ સહિત શ્રીવિજયદેવનઇં ગછનાયક પદ દીધું રે. ૧૨

શ્રીશ્રીતપગચ્છ ઊદયાચલિં ભાણતણી પરિ સોહિ રે;
રાય રાણા સબ ઉંવરા જે દેષઇ તે મોહિ રે. ૧૩

લબ્ધિ ગૌતમ સારીષો શ્રીજિનશાસનનો રાજા રે;
જિહાં જિહાં પૂજ્ય પગલાં ઠવઇં તિહાં તિહાં બહુત દવાજા રે. ૧૪

જે વાદી કુમતિ નવા જસ ભડવાઇં લાજઇ રે;
શ્રીવિજયદેવસૂરીસતણો જસપડહો જગિ વાજઇ રે. ૧૫

થૂલભદ્ર સીલઇં જિસ્યો સમતારસનો દરીઓ રે;
સ્વામિસુધર્મ જંબુપરિં ગુણગણરયણે ભરીઓ રે. ૧૬

પંડિત રતનકુશલતણો 'દાનકુશલ' કર જોડી રે;
દિઇ આસીસ સદા ગુરૂનઇં એ જીવો વરસની કોડી રે. ૧૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૭

# વિજયધર્મસૂરિ સજ્ઝાય.

મારા પરમ સુગ્યાંની દેવ. એ દેસી.

સારદ પ્રણમી પાયા હું તો ગાઉ જગતગુરૂ રાયા રે;
મ્હારાં પરમ સુગ્યાની ગુરૂજી તપગચ્છપતી મહારાજા.
તપ તેજેં ચઢત દિવાજા રે. મ્હા૦ ૧

પ્રતિરૂપાદિક ચૌદ જે પાલે ખંત્યાદિક દશવિધ અજુઆલે રે; મા૦
ભલી ભાવના દ્વાદશ ભાવે સૂરીમંત્ર ધરે શુદ્ધસ્વભાવે રે. મા૦ ૨

ગુરૂ પંચ મહાવ્રત પૂરા પંચાચારિં સહુજ સનૂરા રે; મા૦
સૂમતિ પંચ પ્રપંચ સેવેં શુદ્ધ અતુલ અપંચ રે. મા૦ ૩

ગુપતિ ત્રિ એહ વિશેષે આરાધે ગુપ્તિ અનિમેષ રે; મા૦
પંચઇંદ્રી નિત જીપેં નવવિધિ બ્રહ્મગુણથી દીપેં રે. મા૦ ૪

વિરૂઆ કખાય વિકાર વારેં વિપરીત જે ચ્યાર રે; મા૦
ઇમ છત્રીસ સૂરીગુણ સોહે અતિશય લબ્ધિ ભરી મોહે રે. મા૦ ૫

ગુરૂ જંગમ યુગપરધાંન ગુરૂ નામેં નવઇ નિધાંન રે; મા૦
ગુરૂ પાવન પર્મ કૃપાલા ગુરૂ ભક્તિવચ્છલ પ્રતિપાલા રે. મા૦ ૬

ગુરૂ દર્શન પરમાનંદા ગુરૂ દર્શન દુરિતનિકંદા રે; મા૦
ગુરૂ દર્શનની લાલસા ગુરૂ દર્શન પ્રકાશા રે. મા૦ ૭

શ્રીવિજયદયાસૂરિંદા તસ પટ્ટ પ્રકાશ દિનંદા રે; મા૦
શ્રીવિજયધર્મસૂરી રાયા શ્રીસોહમવંશ સૂહાયા રે. મા૦ ૮

ગુરૂ ગુણ ગંગતરંગા પ્રગટે શુચિ હર્ષ ઉમંગા રે; મા૦
ગુરૂચરણ કમલકા બંદા કવી 'જ્ઞાનવિજય' પભણંદા રે. મા૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫૮

# વિજયરત્નસૂરિ સજઝાય.

અમિરસ પાઉં થાંને દાડિમ ચષાઉં વલિ મોતિડે વધાવૂં રૂડા સૂડલા,
પંષી મારાં દેશમેવાડમેં જાય હો શ્રીવિજયરત્નસૂરિસરૂ પંષી માંરા;
જિહાં છે ગચ્છપતિરાય હો. અમી૦ ૧

ગચ્છ સકલ શિર સેહરો પંષી માંરા મુખ સારદ કો ચંદ હો;
સાહા હીરા કુલ દનમણિ પંષી માંરા માત હીરાદેનો નંદ હો. અ૦ ૨

રૂપે રથપતિ હારવ્યો પંષી માંરા તપતેજે ધનો અણગાર હો;
લબ્ધે ગોતમ આગલો પંષી માંરા વિદ્યાઇં વયરકુમાર હો. અ૦ ૩

રાજનગરનો સંઘ તે ગુરૂજી માંરા અરજ કરે કર જોડ હો;
શ્રીમુખપંકજ નિરષવા ગુરૂજી માંરા નરનારિને ઘણા કોડ હો. અ૦ ૪

ઉમાહો વંદન ઘણો ગુરૂજી માંરા નામ જપૂં દિનરાત હો;
પાવન કરવા શ્રીપૂજ્યજી ગુરૂજી માંહરા કદમ કરો ગુજરાત હો. અ૦ ૫

વેગેં વધામણી લાવજ્યે પંષી માંહરા ગુરૂજી આવે તિવાર હો;
પાડ સહિસ હુ તાહરો પંષી માંહરા હું માંનુ ઘણી મનુહાર હો. અ૦ ૬

'દીપ' સેવક ઇણિ પરે ભણઇ પંષી માંહરા આવે ગુણગેહ હો;
મુહ માંગ્યા પાસા ઢલ્યા પંષી માંરા દુધે વૂઠા મેહ હો. અ૦ ૭

## ૫૯

# વિજયરત્નસૂરિ સજઝાય.

બન્યો રે સુગુરૂજીનો કલપડો. એ દેશી.

વરદાઇના વરથકી અમે થૂણસ્યૂં તપગણધાર રે;
સૂરિંદ શ્રીવિજયરત્નસૂરીસરૂ જિમ હોવે નિત કાર રે. સૂ૦
માનીઇ સદગુરૂ વીનતી. ૧

જગજીવન અહો જગનાથ રે સૂ૦ સંઘ સયલ પાટણતણો;
ઘણું વીનવે જોડી હાથ રે સૂ૦ મા૦ આંકણી. ૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરૂણાનિધિ કરૂણા કરો પૂર પાવન કીજે એહ રે; સૂ૦
હરિત કરો અમ મનહરી હસી વરસી વાણી મેહ રે. સૂ૦ મા૦ ૩

ઉન્નત કરી કરી કંધરા અમે જોઉં છું નિશદિન પંથ રે; સૂ૦
આવો સુધાનિધિ અંગણે લેઇ તારક સંગ નિગ્રંથ રે. સૂ૦ મા૦ ૪

સવિ પૂર તુમમન સારિષા જિહાં નિવસૈં કિંકર તુમ્મ રે; સૂ૦
તો કાં ઉવેષા અમભણી એહવો ગુન હોસ્યે અમ્મ રે સૂ૦ મા૦ ૫

અમે તુમ પદપંકજતણા છું અવધારો પરાગ રે; સૂ૦
હવૈં તુમ દરિશણ વિરહનો કહિઇ પમાડસ્યો થાગ રે સૂ૦ મા૦ ૬

નયન ચકોરી અમ તણી ચાહૈં તુમ મૂખ ચંદ રે; સૂ૦
ઇચ્છે ઉલ્લસવા ભણી હીઅડૂં અમ અરવિંદ રે. સૂ૦ મા૦ ૭

તુમ આવ્યે અમનેં ઇહાં ઘણું ઉપજસ્યૈં અમ હેજ રે; સૂ૦
કુમતી મુખ ઝાષા થાસ્યૈં નિરષીનઇ અતિશય તેજ રે. સૂ૦ મા૦ ૮

ટાલણ ષલ અંધ કારડો તુમે ઉદયા સમ દિનકાર રે; સૂ૦
તો કાં ઇહાં તસ ટાલવા કિમ ન કરો કિરણ પસાર રે. સૂ૦ મા૦ ૯

ઇહાં જનમન પારદ પરઇ વિષરાણાં અતિહૈં વિશેશ રે; સૂ૦
આવી કરો ગુરૂ એકઠા રસપાઈ વર ઉપદેસ રે. સૂ૦ મા૦ ૧૦

ગુરૂ તુમે રયણાયર સમા એ તો કુમતીનર કિણ નૂર રે; સૂ૦
લીલા લોલ કલ્લોલથી તસ નાંષો ત્રિણ પરિ દૂર રે. સૂ૦ મા૦ ૧૧

પન્નગ પાષંડી જિકે તે રહસ્યે અયસ બિલમાંહિ રે; સૂ૦
તુમ ગુરૂડતણે ભયેં ષમી નહિં સકે તે પંથ વાહિ રે. સૂ૦ મા૦ ૧૨

કાં કરો વિલંબ મહામૂની હવે મેટણ કપટી કાજ રે; સૂ૦
તો કિમ ઢીલ કરી રહૈં ગજભંજણને મૃગરાજ રે. સૂ૦ મા૦ ૧૩

યોતિષ જોસી જોય તૂં ઇહાં આવસ્યૈં કહીઇ સૂરીશ રે; સૂ૦
તાહરો જો જોસ હોસ્યૈં ષરો તો પૂરીસ્યૂં તાહરી જનીશ રે. સૂ૦ મા૦ ૧૪

બોલો સૂકન તુમે પંષીઓ જો આવતા હૂંઈ ગુરૂ એહ રે; સૂ૦
મૂહ માંગ્યૂં અમે આપસ્યૈં વલી રાષસ્યૈં સોવનગેહ રે. સૂ૦ મા૦ ૧૫

દક્ષિણ ભૂજ ફૂરકી ઇસ્યૈં સહી ગુરૂજી આવણહાર રે; સૂ૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માંનસ્યૈ સહિતો એ વીનતી ઇણ સૂકનતણે સૂવિચાર રે. સૂ૦ મા૦ ૧૬

તરણ તારણ જગબંધૂજી એહ સાંભલવી અરદાસ રે; સૂ૦
નિશ્ચય જિનયાત્રા ભણી ઇહાં આવવૂં ધરીને ઉલ્લાસ રે. સૂ૦ મા૦ ૧૭

છોરૂ હોઇ કુછોરૂઆ પિણ તાત ન ચોરઇ ચીંટ રે; સૂ૦
જિમ ન મિટે થઈ કાપડૈ ભલૈ રંગ કરારી છીંટ રે. સૂ૦ મા૦ ૧૮

વીનવીયે સ્યૂં ઘણૂં ઘણૂં પય ભેટવા ચિત ધરે હીસ રે; સૂ૦
સંઘ સકલના કહણેથી ભણે 'મોહન' રૂપનો શીશ રે. સૂ૦ મા૦ ૧૯

૬૦

# વિજયરત્નસૂરિ સજ્ઝાય.

શ્રીવિદ્યાગુરૂ ચરણ નમીને ગાસ્યૂં તપગછ રાય રે. માહરો ગુરૂજી નગીનો;
પરમ પૂરૂષ પ્રભુજી ઉપગારી નામે વંછિત થાય રે. માહરો૦ આંકણી. ૧

શ્રીવિજયપ્રભસૂરિ પટ્ટપ્રભાકર શ્રીવિજયરત્નસૂરિંદ રે; મા૦
હીરાદે સુત હીરા સરિષો મૂષ સારદનો ચંદ રે. મા૦ ૨

મનમોહન ગુરૂજી મન વસીઓ જ્યૂં મધૂકર મકરંદ રે; મા૦
રાજેમતિ નેમિજિણેસર જેમ ચકોરા ચંદ રે. મા૦ ૩

મૂઝ મન મંદિરમાંહે તિમ ગુરૂ વસીઓ ગુણનો ગેહ રે; મા૦
તિમ સાહિબનો દરિસન ચાહૂં જ્યૂં મોરા મન મેહ રે. મા૦ ૪

સવિ વયણી સૂંદર સુકમાલી વચન વદે ટંકસાલી રે; મા૦
ઓઢણ નવરંગ દખ્યણી ફાલી ગુરૂમુખ જોઇ નિહાલી રે. મા૦ ૫

દેસ સયલ સિરમૂગટ વિરાજે ગુજ્જરધર મનમોહ રે; મા૦
તેહ દેસમાંહે સહિર અનોપમ પાટણપૂરવર સોહે રે. મા૦ ૬

તિણિ નગરે ગુરૂજી અવતરીયા જગજન આનંદકારી રે; મા૦
દોલતિ દાયક સાહિબ ભેટ્યા તપગચ્છ આંણ તુમારી રે. મા૦ ૭

રાજનગર ચોમાસ્યૂં રહીને ગાયા ગુરૂગુણ ગેલિં રે; મા૦
સતરસતાવને આસો માસે વિજયદશમિં રંગરેલિં રે. મા૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીવિજયરત્નસૂરીસર સાહિબ જીવો વરસ બહું કોડિ રે; મા૦
શ્રીવિજયદેવસૂરીસર સેવક જિન પ્રણમેં કર જોડિ રે. મા૦ ૯

પં૦ શ્રી ૫ સુંદરવિજયગણિ સીસૂં પં૦ લક્ષ્મીવિજય લપિકૃતં ॥ શ્રીપત્તનનગરે ॥

૬૧

## વિજયક્ષમાસૂરિ સજ્ઝાય.

ઉંબરીઓ ને ગાજે હો ભટીઆણિ રાંણી વડચૂઇ. એ દેશી.

શ્રીવિજયરત્નસૂરિંદના હો પટધારી પટણીસંઘની અવધારો અરદાસ;
સાહ ચતુરાંના નંદા હો મુણિચંદા પરમાનંદસું
ઈહાં કરીઇ ચઉમાસ. શ્રી૦ ૧
ભૂ ભલીઇ કિમ ડુંગરીઇ હો મોહ્યા મોટા મેવાડમેં જિહાં લાગે જલવાત;
તે માટે કર કરૂણા હો માંનિ જે કીંધી વીનતી
પાવન કરો ગુજરાત. શ્રી૦ ૨
પૂરવદિસથી ઉગેં હો પિણ વિચરે સઘલીએ દિશે એહિ ગગનેં સૂર;
તિમ તુમેં સૂરી કહાવો હો પિણ અમ દીસેં વિચરો
કાં નહીં ગછપતિ પૂણ્ય પડૂર. શ્રી૦ ૩
તુમે છો જલધર સરીષા હો સહૂને સારીષા લેષવો મોટા મોટી બુધ્ય;
તુમ દરિશન ઉતકંઠા હો સહૂકોંને હોવે સારષી
તુમ આણો અવિરૂધ્ય. શ્રી૦ ૪
લગ્ન તથા પંચ વંકી હો વન પંષી સુકન સોહામણા
જોતાં થયા બહુ માસ;
હવે પધારો સદગુરૂ હો ઈહાં સંઘ ભણી વંદવાવીઇ
એ અમ પૂરો આસ. શ્રી૦ ૫
આવીનેં ચાતુક નેહો આપે છે ઘનજલ બિંદૂઓ એ ગુરૂજનનો ભાર;
તિમ તુમેં આવી વંદાવો હો ગછ લાયક નાયક
અમનેં એ તુમ પૂર્વાચાર. શ્રી૦ ૬
ઘણુઅ ઘણુ વીનવતાં હો લાગેં છે ગછપતિ કારમું ઓસવંશ સિણગાર;
શ્રીવિજયક્ષેમાસૂરીરાયા હો મન ભાયા સયલ મહિઅલે
'મોહનવિજય' જયજયકાર. શ્રી૦ ૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૨
# વિજયદેવસૂરિ લેખ.

---

સુગુણ સવાઈ શ્રીગુરૂ સેવીઇ શ્રીવિજયદેવસૂરિંદ સોભાગી;
વયણ સુધારસ જલધર વરસતો મુખ જિસ્યો પૂનિમચંદ વડરાગી. ૧
તપ જપ કિરિયા દુઃકર આચરઇ ગુરૂ ગૌતમ અવતાર પટોધર;
નામ જપંતાં અહનિસિ જેહનું લહીઇ ભવજલ પાર મુનીસર. ૨
પાટ ધુરંધર ગુરૂ જેસંગનો જિનશાસન સિણગાર સંવેગી;
દેસ વિદેસઇં વિચરઇ વીરચું એ મોટો અણગાર દયાલૂ. ૩
જંગમતીરથ જગમાંહિં જાણીઇ જૈન સકલ સિર છત્ર છબીલો;
દરસિણ કરતાં દુખ દૂરઇં ટલઇં થાઇ જમ પવિત્ર રંગીલો. ૪
આણ આરાહઇ વીરજિંણદની હેજઇ જિમ ગુરૂ હીર વદીતો;
સીલ સજાઈ સપરેં સાચવઇ નિરમલ ગંગાનું નીર પનોતો. સુ૦ ૫
રૂપ અનોપમ સુત રૂપાંતણો ન્યાય ગુણઇં જિસ્યો રામ રસીલો;
તપ કરિ તપગછ તેજ વધારતો નવનિધિ હુઇ જસ નામિ નરેસર. સુ૦
વીર પરંપર થિર થોભણ જયો સાહ થિરાતણો પુત્ર સલૂણો;
દૂરિ કર્યા જેણઇ કુમત કદાગ્રહી રાખ્યું સાસન સૂત્ર સૂરીસર. સુ૦ ૭
મહિલ મોટો મહિમા જેહનો મેરૂ મહીધર માન મનોહર;
મંગલમાલા સવિ અહનિસિ મિલઇ ધરંતા જેહનું ધ્યાન ધુરંધર. સુ૦ ૮
કોડિ દીવાલી પ્રતિપો ગછપતી કોડિમદે સુત પદિ સનૂરો;
વાચકકીર્ત્તિવિજય સેવક ભણઇ તપગછ નિત ગહગટ્ટ સુહાકર. સુ૦

---

સ્વસ્તિ શ્રી પ્રણમું સદા રે પાસ જિણેસર પાય;
લેખ લિખું ગુરૂરાયનિં પામી તુહ્મ પસાય;
સુગુરૂજી પધારો રે. ૧
થંભનયરનો આજ સોભાગ વધારો રે વિનતી એ મહારાજ,
કે મનિ અવધારો રે. આંકણી૦ સુ૦

ખંભનયરથી વીનવઇં રે સંઘ ધરી મનિરંગ;
ષેમકુશલ વર્ત્તઇ ઇહાં તુમ નામઇ ઉછરંગ. સુ૦ ૨

ઈહાં વષાણુ પ્રભાવના રે નંદિમહોત્સવ સાર;
ઉપધાનાદિક તપ હોઇ બાર વ્રત ઉચ્ચાર. સુ૦ ૩

સત્તરભેદ જિનમંદિરઇં રે પૂજા સબલ મંડાણ;
ભાવઇ પાવન ભાવના શ્રાવક સવ વિધિ જાણ. સુ૦ ૪

પરવ પજૂસણ પણિ હુવાં રે વિવિધ મહોત્સવ ધામ;
સાહમી ભગતિ પ્રભાવના પ્રમુખ હુવાં હુવાં શુભ કામ. સુ૦ ૫

ચતુર ચતુરવિધ સંઘની રે નતિ અવધારો નિત્ત;
શ્રીઆચરજ પ્રમુખનિં કહિયો કોમલ ચિત્ત. સુ૦ ૬

ઉત્કંઠા અહ્મનિં ઘણી રે દેષણ તુમ દીદાર;
વેગિ પૂજ પાઉધારીઇં કરવા અહ્મ ઉપગાર. સુ૦ ૭

॥ ઢાલ ॥

રાગ કેદારો.

દેસ વિદેસિ ઇણી પરિં રે કીધ વિહાર અનેક,
દેઇ ઉપદેસ અબૂઝનિં રે કીધા સબલ વિવેક સુગુરૂજી;
વેગિ પધારો આંહિ, થંભતીરથ પુરમાહિં. સુગુરૂજી. આંકણી. ૮
હવઇ અહ્મનિં વંદાવવા રે મ કરો પૂજ્ય વિલંબ;
જલધરનિં મનિ વરસતાં જી સરિષા અંબ કદંબ. સુ૦ ૯
રાજનગરિ કિમ રાચીઇ રે જિહાં દુષ્કર વિવહાર;
મુનિવર અલગી ગોચરી રે કાદમ કીટ અપાર. સુ૦ ૧૦
તેરગુણે ત્રંભાવતી રે ષેત્રતણા છઇ જેહ;
તેણઇ કારણિ ઇહાં આવવું રે ચોમાસઇ ધરિ નેહ. સુ૦ ૧૧
જિનમંદિર જિહાં ઢૂંકડાં રે પરિસર ભૂમિ પવિત્ર,
અતિ અલગી નહીં ગોચરી રે ભગત લોક મુનિ મિત્ર. સુ૦ ૧૨
શ્રીસુખસાગર પાસજી રે જિહાં કંસારી પાસ;
જગતારણ જીરાઉલો રે ચિંતામણિ સુખવાસ. સુ૦ ૧૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇત્યાદિક તીરથ ઘણાં રે થૂભ હીર જેસિંગ;
મંદિર અનિં ઉપાસિરા રે સુરઘર જિમ અતિચંગ. સુ૦ ૧૪

તે કિમ મનથી મુકીઇ રે થંભતીર્થ ગુણ થાટ;
જિહાં ગુરૂ હીર પટોધરઇ જી દીધો તુહ્મનિં પાટ. સુ૦ ૧૫

ઇહાં હોસઇં બહુ લોકનિં રે બોધિબીજ આરોપ;
તુહ્મ આવઇ અરિહંતનઇં રે સાસન ચઢસઇ ઓપ. સુ૦ ૧૬

પિસુન ઘૂક ઘૂઘૂ કરી રે કલહ ઉપાયે કોપ;
તે તુહ્મ દિનકર ઊગતાં રે કયાંહિં થાસઇ અલોપ. સુ૦ ૧૭

મીણતણી પરિ કારિમા રે અવરતણા આટોપ;
તુહ્મ પ્રતાપ રવિતાપથી રે ગલતો લહસઇ લોપ. સુ૦ ૧૮

લાભ ઘણા તુહ્મનિં હુસઇ જી વિવહારી વડચિત્ત;
સાતઇં ષેત્રઇં વાવરી જી સફલ કરેસઇં વિત્ત. સુ૦ ૧૯

॥ ઢાલ ॥

રાગ ધન્યાસી.

ઘણું ઘણું લિખિઇં કસ્યું તુહ્મે સહુજાઇ સઘલું જાણો રે,
થંભનયરના સંઘની એ વીનતી કરો પ્રમાણ રે; ૨૦

જય જેસિંગ પટોધર શ્રીવિજયદેવસૂરિ રાયો રે,
સુરનર રાણા રાજીઆ જસ પ્રેમઇં પ્રણમઇ પાય રે. જય૦૨૧

ઇણિ કલિ તુહ્મ સમો કો નહી તે તો જગ સહૂ જાણઇં રે;
કર્મઇં નડીઆ બાપડા પણિ મતિઆ નિજમત તાણઇ રે. જય૦૨૨

નિસિદિન સૂતાં જાગતાં અહ્મ ચરણ તુહ્મારા ત્રાણ રે;
ખિણ ખિણ તુહ્મ ગુણ ગાઇઇં તુહ્મ નામઇ કોડિ કલ્યાણો રે. જય૦૨૩

વલતા સુખ સંયમતણા પૂજ મોકલયો અહ્મ લેખજી;
સેવકનિં સંભારયો જિમ હોઇ હર્ષ વિશેષ રે. જય૦૨૪

સંવત સતર પંચોત્તરે એ તો ધનતેરસિં સુવિશેષ રે;
કીર્ત્તિવિજયવાચક શિષ્યે લિખિઓ 'વિનયે' લેષ રે. જય૦૨૫

---

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૩

# વિજયરત્નસૂરિનિર્વાણ સજ્ઝાય.

દુહા.

સુપ્રસન્ન આલ્હાદકર સદા જાસ મુખચંદ;
વંછિત પૂરણ કલપતરૂ સેવક જાસ ફણિંદ. ૧

શ્રીવામારાણીતણો નંદન નિરૂપમ રૂપ;
સૂરતિમંડણ પાસજી ત્રિભુવન કેરો ભૂપ. ૨

દોલતિ દાઈ તેહના પ્રણમી પય અરવિંદ;
ગાસ્યું ગિરૂયા ગચ્છપતિ શ્રીવિજયરત્નસૂરિંદ. ૩

॥ ઢાલ ॥

મરૂદેવી માતા ઇમ ભણેં ઉઠો ભૂપ મન રંગેંજી. એ દેશી.

ગુજ્જર દેશ સોહામણો જિહાં નિવસેં લચ્છિ અગારો જી;
પાલ્હણપુર પુર રૂઅડૂં જાણે ભૂવનિતાનો હારો જી. ગુ૦ ૪

ભાર અઢાર વનસ્પતિ જિહાં વાગ વગીચેં ફૂલે જી;
રાજભુવન રલિઆમણા જિહાં હયવર હાથિઆ ઝૂલેં જી. ગુ૦ ૫

સુંદર મંદિર શોભતા જિહાં લોક વસેં રૂપાલા જી;
દિનદિન દોલતિ દીપતી જિહાં ઘરિ ઘરિ સુંદરિ બાલા જી. ગુ૦ ૬

સોભા જાસ વષાણતાં ગુરૂને પણિ વરસ વિહાયે જી;
જૈન કાંતીપુર એહવું જેહનું વિરૂદ સદા કહવાયે જી. ગુ૦ ૭

સાહ હીરો સંપદ ઘણી તિહાં નિવસેં પુન્ય પવિત્રો જી;
હીરાદે વનિતા સતી જેહનાં જગિ પુન્ય ચરિત્રો જી. ગુ૦ ૮

અમર કુમર જિમ દીપતા સુત છેં તસ દોય સુકમાલ જી;
ન્યાનજી નેં વલી વીરજી નામેં તે ભાગ્ય વિશાલ જી. ગુ૦ ૯

સુપન લહેં તે અન્યદા માતા હીરાદે સુષ સેજેં જી,
ગયવર એક ઘરિં આવીયો કરેં રયણ લેઈ બહુ હેજેં જી. ગુ૦ ૧૦



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પંડિત કહે સુત ભૂપતી કૈં સૂરિશિરોમણિ થાસ્યેં જી;
પુત્રરતન તિણેં જનમીઓ વલી તદનંતર નવ માસેં જી. ગુ૦ ૧૧
નામ ગુણે જેઠો હૂઓ તે અંગજ પુન્યેં પૂરો જી;
દીન દીન વાધૈ દીપતો જાણે સુરતરૂ અંકૂરો જી. ગુ૦ ૧૨
માત હીરાદે હરષતિ રૂડે હાલરૂઇં હુલરાવે જી;
સુંદર અંગ સોહામણે રૂડાં ભૂષણડાં પહિરાવેં જી. ગુ૦ ૧૩
આંષડલી અણિઆલીઇં આંજે અંજન રેષા કાલી જી;
સરસ જિમાડેં સૂષડી મુષ બીડી દે રઢિયાલી જી. ગુ૦ ૧૪
ચાલૈ રમઝમ ઠમકતો ઘર આંગણડું સોહાવૈં જી,
રૂપેં રતિપતિ સારિષો તે તો તેજેં તરણિ હરાવૈં જી. ગુ૦ ૧૫
અમિય ઝરેં મુષ બોલતાં માય તાયનાં મન રંઝાવૈં જી;
વિણ આયાસેં સહુ ભણ્યો જબ પાંચ વરસનો થાવેં જી. ગુ૦ ૧૬

દૂહા.

એહવૈ સ્વર્ગ સિદ્ધાવીયા હીરોસા મહાભાગ;
હીરાદે તે દિનથકી મન આણે વયરાગ. ૧૭
શ્રીસિદ્ધાચલ આવિને લિષમી લાહો લીદ્ધ;
તિમ વલી રૈવતગિરિ જઈ કાયા નિરમલ કીધ. ૧૮
જૂનેંગઢ ગુરૂ ગચ્છપતિ શ્રીવિજૈપ્રભસૂરીસ;
સુપરિં વંદે વલી વલી હીરાદે સુજગીસ. ૧૯

॥ ઢાલ ॥

પંથડો નિહાલું રે બીજા જિનતણો રે, એ દેશી.

તથા,

ધારણી મનાવે રે મેઘકુમારને રે, એ દેશી.

મુષડું નિહાલી રે તપગચ્છરાયનું રે, હરષૈ હીરાદે હો નારિ;
અમીય સમાણી રે વાણી સાંભલી રે, સફલ ગણેં અવતાર. મુ૦ ૨૦
નવ અંગ પૂજા રે કરૈં ગુરૂરાયની રે, સુત સુંદર સુકમાલ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તેહમાં જેઠા સૂરયની પરે રે, પ્રતપે ભાગ્ય વિશાલ. મુ૦ ૨૧

શ્રીગુરૂજીના દિલમાં તું વસ્યો રે, કહે એ પુત્રરતન્ન;
બત્રીસ લક્ષણ પુરીત અંગ છે રે, કરયો ઘણા રે યતન્ન. મુ૦ ૨૨

હરખી હીરાદે ગુરૂ વયણડે રે, વંદી થાનિક જાય;
તિણહી જ રયણી રે સુપનેં ઇમ કહે રે, શાસનદેવી હો આય. મુ૦ ૨૩

પુત્ર તમારા રે હીરાદે આપજયો રે, શ્રીવિજેપ્રભસૂરી હાથ;
સંયમ લેસ્યે રે એ સુત તુમતણા રે, તુમે પણિ લેયો રે સાથિ. મુ૦ ૨૪

શાસનદીપક જેઠા સુત હોસ્યે રે, પ્રબલ પ્રતાપી હો સૂરિ;
રાયરાણા તે બહુ પડિબોહસ્યે રે, જીપસ્યે વાદી હો સૂરિ. મુ૦ ૨૫

શાસન ભાસન લાભ ઘણા કહ્યા રે, તે તુહ્ય હોસ્યે હો માય;
એ સંસાર અસાર પદારથે રે, મત રહયો લલચાય. મુ૦ ૨૬

દૂહા.

માતા સુતને નેહસ્યું પૂછે વાત પ્રભાત,
તેહ સુજાત હુઆ ઘણું સાંભલતાં રલિયાત. ૨૭

તવ હીરાદે ગુરૂ કને માંગે દીખ્યા દાન;
કહે સુત મેં તુમને દીયા જે મુઝ પરમ નિધાન. ૨૮

શ્રીગુરૂ તે સુપ્રસન્ન થઈ સફલ મનોરથ કીધ;
જ્ઞાનવિજૈ ને વિમલવિજૈ જીતવિજય નામ દીદ્ધ. ૨૯

॥ ઢાલ ॥

વાલેસર મુઝ વીનતી ગોડીચારાય. એ દેશી.

જીતવિજયને જઇઇ ભામણે હું વારીલાલ
કોણ કરે તસ હોડિ રે; હું૦
રૂપકલા ગુણ આગલો હું૦ એ તો વયરકુમરની જોડિ રે. હું૦ ૩૦

બુદ્ધ પરીક્ષા કારણે હું૦ એકદિન ગુરૂ ગચ્છરાય રે; હું૦
સીસ સહૂને તેડિને હું૦ ભાખે કરીઅ પસાય રે. હું૦ ૩૧

આ પાઠું ઓતીતણું હું૦ લેસ્યે તે સિરતાજ રે; હું૦
જે શિષ્ય સો ગાથા ભણે હું૦ સાંઝ પેહલાં આજ રે. હું૦ ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચ્યાર ઘડી દિન પાછિલેં હું૦ ગાથા ત્રિણસેં આઠ રે; હું૦
જીતવિજય ચિત ઉલ્લસ્યા હું૦ સુપરે આપેં પાઠ રે. હું૦ ૩૩

શ્રીવિજેંપ્રભસૂરી હરષિયા હું૦ ઉદ્યમ કરેં વિશેષ રે; હું૦
ષટદર્શનના શાસ્ત્રના હું૦ પામ્યા પાર અશેષ રે. હું૦ ૩૪

સંવત્ સતર બત્રીસમેં હું૦ નયર નાગોર મઝારિ રે; હું૦
મોંહણોત મોહનદાસ વાવરેં હું૦ રૂપીઆ બારહ હજાર રે. હું૦ ૩૫

કીધા ગુરૂ જનિ પાટવી હું૦ શ્રીવિજૈરત્નસૂરિંદ રે; હું૦
સંઘ સકલ હરષેં ઘણું હું૦ ધન્ય હીરાદેનો નંદ રે. હું૦ ૩૬

દૂહા.

સોમગુણેં ગુરૂ સોમ સમ તેજે અભિનવ ભાણ;
શ્રીવિજેપ્રભસૂરી પાટવી જગ માનેં જસ આણ. ૩૭

શ્રીગુરૂજીના ગુણ ઘણા કહતાં નાવેં પાર;
શાસન ઉન્નતિ હેતુ જિણેં કીધા બહુ ઉપગાર. ૩૮

॥ ઢાલ ॥

જવેરી સાચો રે જગમાં જાણીઇ રે,

તથા

ભલેં રે પધાર્યા તુમે સાધુજી રે, એ દેશી;

વારી રે સોભાગી ગુરૂના નામની રે એ તો તપગછનો સિંગાર રે;
અમીયસમાણી જેહની દેશના રે ગુરૂજી તાર્યાં બહુ નરનારિ રે. વા૦

પાઉધારી પાવન કિયા રે ગુરૂજી માલવ નેં મેવાડ રે;
મરૂધર નેં ગુજ્જરધરા રે વલી વાગડ નેં ગોઢવાડ રે. વા૦ ૪૦

સતરસેં વાગડનો ધણી રે એ તો રાઉલ ષુમાણસિંહ રે;
તેહની સભાઇં ગુરૂજી જીતીઉ રે વાદી કાવ્ય નેં વાદેં મુનીસીહ રે. વા૦

અષ્ટાભિધાન વલી સાધીઆ રે મોહ્યો રાઉલ ગુરૂ ગુણરાસિ રે;
પૂરેં મોતીડે રૂડઉ સાથિઆ રે તેહની રાણી મન ઉલ્લાસ રે. વા૦ ૪૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાજનગરમાંહિ દીઇં રે ગુરૂનેં આજિમસાહ બહુમાન રે;
એક સંન્યાસી બાલક લેઈ ગયો રે તિણેં તિહાં પ્રગટ્યું તોફાન રે
વા૦ ૪૩

પહુર હુકમ રહ્યો સ્યાહનો રે કોઇ રહણ ન પાવેં ફકીર રે;
ઉપદ્રવ ષટદર્શનતણો રે તે તો વાર્યો ગુરૂ વડવીર રે. વા૦ ૪૪

વિમલવિજય બાંધવ કર્યા રે તિહાં આગ્રહ કરી ઉવઝાય રે;
વડા રે વજીર ગુરૂરાયના રે જેહના મહિયલેં સુજસ ગવાય રે.વા૦ ૪૫

દૂહા.

શ્રીગુરૂજી ગુજરાતમેં ચઊદ કરી ચઉમાસ;
ઉદયપુરે પઉધારીયા આણી અધિક ઉલ્લાસ. ૪૬

રાગ મારૂ

સોભાગીનો કલપડો રે. એ દેશી.

જગત હીરજી રે દેશ મેવાડતણો ધણી રે છત્રપતી અમરેશ;
ચીત્રોડો રાણો તિહાં પ્રતિબોધ્યો ગુરૂ ગચ્છેશ;
જગત ગુરૂ તુ જયો રે. આંચલી. ૪૭

વાદ કરંતા જીતિયા રે જે જે પંડિત લીહ;
જૈન ધરમ થાપી કરી જય વરિયા શ્રીગુરૂ સીહ. જ૦ ૪૮

રિઝ્યો રાણો ઇમ ભણેં રે પુન્ય પ્રબલ જો હોય;
તો તુમ દરિસણ પામીઇં રે જગિં તુઝ સમ અવર ન કોય. જ૦ ૪૯

દુમ્માલો કર મુંકિયો રે સરોવર વારી જાલ;
ચિડીમાર દૂરેં કીયા રે ગુરૂનેં વયણે તતકાલ. જ૦ ૫૦

ગરભિણિ ગરભ વિદારીયા રે મનુષ્ય હણેં જે આપ;
રાણેં શ્રીગુરૂ આગલેં રે આલોયાં સહુ પાપ. જ૦ ૫૧

મરૂધર દેશતણો ધણી રે અજિતસિંહ મહારાજ;
જોધપુરેં પધરાવિયા તિણેં ચોમાસું ગચ્છરાજ. જ૦ ૫૨

મેડતા કેરો ઉપાસિરો રે કીધો હુતો મસીત;
તે ગુરૂ વયણેં ઉપાસિરો રે ફિરી કીધો જગત વદીત. જ૦ ૫૩

સંઘ સહિત નિજ મહોલમાં રે સંગ્રામસિંહ મહીરાણ;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીગુરૂને મુખ સાંભલ્યું રે મહાવીર જનમનું વષાણ. જ૦ ૫૪

હેમ હીર ગુરૂ પરે કરી રે શાસન સોહ સવાય;
તીરથ સયલ જુહારિયા ગુરૂ કીધી નિરમલ કાય. જ૦ ૫૫

દૂહા.

પહિલાં ચોમાસાં કર્યાં ઉદયપુરે ગુરૂ ચ્યાર;
તિણે ઉદેપુરના સંઘસ્યું ધરમસનેહ અપાર. ૫૬

વલી ગુરૂજી પઉધારીયા ઉદયપુરે ચોમાસ;
ગયવર આવે મલપતા સામહિઇ પંચાસ. ૫૭

ચપલ તુરંગમ તીનસે નર નારી નહીં પાર;
વાજંતે વાજિત્ર વિવીધ પધરાવ્યા ગણધાર; ૫૮

ધન ધન ઉદયાપુરતણો સંઘ સદા પુન્યવંત;
શ્રીગુરૂની સેવા કરે કરે ધરમ મનખંતી. ૫૯

રામ ભણે હરી ઉઠીઇ. એ દેશી.

ગચ્છપતી ગુણરયણારૂ શ્રીવિજયરત્નસૂરિંદ રે,
શ્રીજિનસાસનનો ધણી પરગજગંધ ગયંદ રે;
સકલસૂરિસનો ઇંદ રે તાર્યાં સવિજનવૃંદ રે,
ધન્ય હીરાદેનો નંદ રે તે ગુરૂજી કિમ વીસરે. ૬૦

સુંદર રૂપ સોહામણો હસિતવદન ગુરૂરાય રે,
અમિય સરિસા બોલડા વીસાર્યા નવિ જાય રે;
જે ગુરૂ અમમ અમાય રે સમરે રાણા ને રાય રે,
નરનારી ગુણ ગાય રે. તે૦ ૬૧

સંવત્ સતર ત્રિહોત્તરે જાંણી નિજ નિરવાંણ રે.
ભાદ્રવા ઉજ્જલ આઠમિં શ્રીવિજયક્ષમાસૂરિ ભાણ રે,
આચારીજ ગુણષાંણ રે ગુરૂજી ઉલટ આણી રે;
થાપ્યા તે નિજ ઠાણ રે. તે૦ ૬૨

બીજે દિન ગુરૂ ગછપતી અણસણ કરે ચોવીહાર રે,
શ્રાવક શ્રાવિકા ગુરૂમુખે ઉચરે તપ જપ સાર રે;

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છઠ્ઠ ને અઠ્ઠમ અપાર રે સંખ્યાઇં દોઢ હજાર;
તેડં નિજ પરિવાર રે સીષ દીઇં મનોહાર રે;
કરયો ધરમ ઉદ્ધાર રે. તે૦ ૬૩

ભાદ્રવા વદિ બીજને દિનેં શ્રીગુરૂ વાધંતે વાન રે,
પદમાસન વર પૂરિનેં ધરતા અરિહંત ધ્યાન રે;
પહુતા સ્વર્ગ વિમાન રે અંગપૂજા અસમાન રે,
કરેં શ્રાવક તિણ થાન રે રૂપૈં સાતસેં માન રે. તે૦ ૬૪

સંઘ કરેં રૂડી માંડવી ઇકવીસ ષંડનું માન રે,
પંચ રતન ગુરૂમુખ ઠવેં વાજેં ઢોલ નીસાણ રે;
ગોરી કરેં બહુ ગાન રે હાથી ઝરતા તે દાન રે,
આગેં હય અસમાન રે જાંણે દેવવિમાન રે;
માંડવી આવૈં સુવાન રે રાણેં દીધું જિહાં થાન રે. ૬૫

નવ મણ સૂકડ રૂઅડી બે મણ અગર:સુસાર રે,
કેસર કસ્તુરી અરગજા કપૂર મલી સેર ચ્યાર રે;
અબીર ચૂઉ સેર બાર રે પરિમલ જાસ અપાર રે,
અગનિ કર્યો સંસકાર રે. ૬૬

તે રયણી સુપન લહેં વિમલવિજય ઉવઝાય રે,
દેવવિમાન એક આવિઉ તેજે જલહલ થાય રે;
તિણ બેંઠા ગુરૂરાય રે સૂરભિફૂલેં વધાય રે,
સુરકુમરી ગુણ ગાય રે વાજીંત્ર નાદ ન માય રે,
સ્વર્ગેં વિમાન તે જાય રે. ૬૭

દૂહા.

આચારિજપદ ઉચ્છવેં રૂપૈયા વીસ હજાર;
ઉદેંપુરનો સંઘ વાવરેં વરત્યો જય જયકાર. ૬૮

સંપ્રતિ વિચરેં ગુરૂતણા પટધારિ ગુણમણિખાંણિ;
શ્રીવિજયક્ષમાસૂરીસરૂ તે કરો સદા કલ્યાણ. ૬૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

રાગ ધન્યાસી.

શ્રીવિજયપ્રભસૂરી સીસ પુરંદર સુંદર વાચક રાજા રે;
વિમલવિજય નિરમલ ગુણ આગર જેહના ચઢત દિવાજા રે. શ્રી૦ ૭૦
મુદ્રા જેહની મોહનગારી શાસન સોહ વધારી રે;
કીરતિ જેહની જગમાં સારી ગુણ ગાવેં નરનારિ રે. શ્રી૦ ૭૧
પરંપરા વાચકપદ ધારી જેહનેં શિષ્ય ગુણગેહા રે;
શુભવિજય ભવિયણ પડિબોહેં સુવિહિત મુનિમાં રેહા રે. શ્રી૦ ૭૨

કળશ.

વિજયરત્નસૂરિંદ સુંદર ગચ્છગયણ દિવાયરો,
જગ ચિત્તરંજન કુમતિભંજન કુલપયોજ કલાધરો;
સંપતિ દાત્તા વિધાતા કુશલવલ્લિ પયોહરો;
તસ ચરણ સેવક 'રામવિજયે' ગાયો ગુરૂ જય જય કરો. ૭૩

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૬૪
# હીરવિજયસૂરિ સજ્ઝાય.

॥ ઢાલ ॥

ડૂંગરડાનિ.

સરસત સાંમન મન ધરી પ્રણમીય શ્રીગોર પાય રે,
તપગછનાયક ગુંણ થુંણું શ્રીહીરવિજયસૂરીરાય રે;
સરસત સાંમન મન ધરી. આંચલી ૧

જંબૂઅદીપ વષાંણીયે જોઅણુ લાખ સો ચંગ રે;
ખંડ ભરત તેહાં જાંણીયે જોઅણ સત પંચ સુરંગ રે. સરસત૦ ૨

છવિસ જોઅણ રે છકલા ભલૂં અનોપમ જાસ વિસ્તાર રે;
તેહ માંહિ એક પરગડૂં પાલણપોર સુવિસાલ રે. સરસત૦ ૩

બહુ વવહારીયા તેહાં વસે ન લહૂં તસ રધનો પાર રે;
સાત ખેત્રે વત વાવરે કરે નીજ સફલ અવતાર રે. સરસત૦ ૪

શ્રાવક ગુંણે સંપૂરીયો સાહ કૂઅરા તેણે ગાંમ રે;
વસે નિજ સયનસું પરવરો નાથી તસ ઘરણી અભિરાંમ રે. સ૦ ૫

॥ ઢાલ ॥

દેવતણા સુખ ભોગવિ જી પુંન્ય તણે અનુભાવ;
તાસ ઉયર સર અવતરા જી હંસસમાંન સુભાવ.
ગુણાકર ધન ધન તુંમ અવતાર.
જે નરનારી તમ નમે જી તે પાંમે ભવપાર, ગુણાકર૦ આંચલી. ૬

સાત દિવસ સાઢા જસેં જી વલી વોલ્યા નવ માસ;
તસ કૂંઅરજી જનમીયા જી તવ પૂગી સબ આસ. ગુણાકર૦ ૭

ધવલ મંગલ તવ ઉચરે જી એહવા કરે સણગાર;
માત પિતા હરખે ઠવે જી નાંમે હીરકૂંમાર. ગુણાકર૦ ૮

દન દન વાધે દીપતો જી બીયતણો જમ ચંદ;
ચંદવદન મનમોહતો જી દીઠે પરમાનંદ. ગુણાકર૦ ૯



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાટણ પૂજ્ય પધારીયા જી શ્રીવજેહાંનસૂરીરાય;
નાંમેં નવનિધ સંપજે જી દીઠે દાલિદ્ર જાય. ગુણાકર૦ ૧૦

પૂજ્ય પધારા સાંભલી જી આવે વંદન કાજ;
સુંણી ઉપદેસ વેરાગીયા જી સારૂં ઉતમ કાજ. ગુણાકર૦ ૧૧

---

ઘર આવિ ભગનિસુ વિનવે અનુમત દીયો તુમે આજૂ એ;
એ સંસાર અસાર મે જાણો ગુરૂમુખ આજૂ એ.

શ્રીજિનસાસંન ધન ધન ધન ધન શ્રીહીરકૂમારૂ એ,
જે ચિતમાહે વેરાગીયા જાંણી અથિર સંસારૂ એ. શ્રીજન૦ આં૦
બેહેની ભણેં બંધવ સુણો તુમચી કૂંઅલી વેસુ એ;
ચારિત્ર છે વછ દોહલૂ જમ અસિધાર પ્રવેસુ એ. શ્રીજન૦ ૧૩

બાવીસ પરીસહ દોહલા સોહલી કરતાં વાતૂ એ;
ઘર ઘર ભીખ્યા માગવી ભોંમેં દોહલૂ રાતૂ એ. શ્રીજન૦ ૧૪

બેહેની સુંણો બંધવ ભણે એ દુખની કોણ માતૂ એ;
નરગતણા દુખ ભોગવાં સૂંણતાં ધ્રૂજે ગાતૂ એ. શ્રીજન. ૧૫
આઉ સાગરતેત્રીસનૂં પંચ ધનૂખ તસ કાય રે;
ભોગવતાં દુખ દોહલા કેંમ એક જીભે કેવાય રે. શ્રીજન. ૧૬
બેહેની ભણે સુણ હીરજી આંણી રીદઅ વિચાર રે;
જોવન ભર અત દોહલૂં દોહલા મયણ વિકારૂ એ. શ્રીજન. ૧૭
મયણ મહીપત પરગડેં જેણે મોડ્યા બહુ વીરૂ એ;
શ્રીનંદષેણ મુનીસ્વરૂ રહેનેંમાદીક ધીરૂ એ. શ્રીજન. ૧૮
પાંણીગ્રહણ તમે કરો ભોગવો બોહોલા ભોગૂ એ;
જોગતણો અવસર નહીં પછે લેજો જોગૂ એ. શ્રીજન. ૧૯
બેહેનિ સુણો બંધવ ભણે એ સુખનું કોણ માનૂં એ;
દેવતણાં સુખ ભોગવ્યાં પાંમી અમર વિમાંનૂ એ. શ્રીજન. ૨૦
માંનવ ભવ અત દોહલો દોહલો આરજ દેસૂ એ;
કુલ ઉતમ સુંણો દોહલૂં દોહલો ગોર ઉપદેસૂ એ. શ્રીજન. ૨૧
મનમથનો મદભંજસૂ કરસૂં ઉતમ કાજૂ એ;
શ્રીગોરરાજ પધારીઆ અનમત દીયો તમે આજૂ એ. શ્રીજન. ૨૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ ઢાલ ॥

એમ સહુ સજ્જન પ્રમુખ સમઝાવિય પાટણનયર મઝાર;
શ્રીવિજયદાંનસૂરીસર પાસેં લીધો સંજમ ભાર.
કૂઅરજી જાણો અથીર સંસાર. આંચલી૦ ૨૩

ગ્રહણાદિક સીખ્યા અભ્યાસે શ્રીગોરવચને ચાલે;
જોગાદિક તપ રંગે સાધે કુમતી અધોગત ઘાલે. કૂં૦ ૨૪

સૂરમંત્ર સૂરીસર સાધે અધિષ્ઠાયત તસ બોલે;
હીરહરખ તૂંમચે પદ થાપો અવર નહી એહ તોલે. કૂં૦ ૨૫

શુભવેલા શુભ લગન જોઈ ગોર આચારજ પદ થાપે;
સંઘ પ્રમુખ સહુએ ગછ હરખો નત જન સવ સુખ આપે. કૂ૦ ૨૬

પંચ મહાવય પંચ સુમત તિમ ત્રંણ ગુપત મન પાલે;
પંચાચાર ક્રમે નવ ચૂકે કુગતિતણા ભય ટાલે. કૂં૦ ૨૭

॥ ઢાલ ॥

એમ તપગછનાયક ગાયો ધરી આણંદ;
આણંદવિમલસૂર તસપદ ઉદયો ચંદ. ૨૮

શ્રીયવિજયદાંનસૂર ગુણવંતો ગણધાર;
તસ પટ ધોરંધર શ્રીહીરવિજયસૂરી સાર. ૨૯

જાંહાં મેરૂ મહીધર જાંહાં દીપે સસી ભાણ;
તાંહાં પ્રતિપો એહ ગોર જાસ વહે સંઘ આંણ. ૩૦

તસ પદપંકજવર સેવક ભ્રંગસમાન;
કર જોડી પયંપે હરી નાંમે બહૂ માંન. ૩૧

કલસ.

કલકાલમાંહે એહ મુનિવર પ્રબલ ગુણ મહિમાનલો,
વર સંજમ કમલા જગત વિમલા તાસ મૂહ અણવમીતલો;
બહુ ભગત ભાવે થુણે મુનિવર બત્રીસી અનોપમે રચી,
જે ભવિય ભણસે અને સુણસે તાસ બહુ મંગલ કરી. ૩૨

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૬૫

## હીરવિજયસૂરિ સજ્ઝાય.

ગજ ચોરાસી લખ સબલ ઘરઅંગણ ગેહેંવર,
કોડ અઢાર તુરંગ ચપલ ત્યાહા દીસે હેંવર;
નવનિધિ ચૌદહ રયણ સેહેસ ચોસઠ અંતેઉર,
અલંબધજા દસકોડ સેહેસ બોહોતરે પરવર;
છંનૂએ કોડ પાયક નમો સેહેસ બત્રીસા મુગટધર,
પાંચમો ચક્રી સોલમો જિન શ્રીસાંતિનાથ શ્રીસાંતિકર. ૧

સવૈયા.

જિને હીરબીજેસૂરિ ગોર કીયો ઉને ઓરસુ ગોર કીયો ન કીયો,
જિને હીરબીજેસૂરિ નાંમ લીઉ ઉને ઓરકો નાંમ લીઉ ન લીઉ;
જિને હીરબીજેસૂરિ ચિત્ત ધરો ઉને ઓરકું ચિત્ત ધરો ન ધરો,
જિને હીરબીજેસૂરિ પાઓ પરો ઉને ઓરકે પાઓ પરો ન પરો. ૨

હીર જગગોર સાહી અકબર દો ઉદયે ધ્રમ ધારનકૂં,
મનમોહન મૂરત સુંદર સૂરત તિમિર પાપ બીડારનકૂં;
નિજ દેસ સુબેસમેં ગૌ બછકૂં જીઉદાન દીયો પ્રથી તારનકૂં,
સુકવિ કહે સાધે સંગત કરો ભવદુર્ગત દૂર નિવારનકૂં. ૩

ઉતર ઉભે દેસ આંણ સેહે ગોરનિં જંપે,
પૂરવ પ્રસિધ પ્રમાણ સકલ વાદી નર કંપે;
દખણ ધર્મસુધ્યાન ચિત નવકારસુ રખે,
પચ્છમ કરૂ વખાંણ હુરમજ આદન સેહેર બખે;
ગણદાસ કહે ગોર નરમલો શ્રીવિજેદાંન પટે ભણો,
શ્રીહીરવિજેસૂર વંદતાં ધર્મલાભ હોએ અતિઘણો. ૪

સૂતન અત્ર આકાસ ગોવિંદ સૂત તપગછ સૂણી એ,
ઓ કલા સોલ સંપૂન્ય આ કલા બોહોતેર ભણી એ;
ઓહ હીણ ખીણ આ કલા દન દન ચઢંતે,
ઓહ રાહ જો ઓરડે આહ ભોએ અનંગ ભડંતે;

આને અમી કોઉ ન વદીયે આ વચન અમ્રતરસ વરસે બહૂ,
પ્રાગવાટ સસી ઉવઝાયજે શ્રીસકલચંદ વંદો સહૂ. ૫

૬૬

## વિજયાણંદસૂરિ સજ્ઝાય.

રાગ રામગિરિ

દૂહા.

સરસતિ સામિણી મનિ ધરી પ્રણમી નિજ ગુરૂપાય;
નિર્વાણ ગુરૂનૂ ગાયતાં પાતક દૂરિ પલાય. ૧

શ્રીહીરવિજયસૂરિ પટોધરૂ શ્રીવિજયસેન સૂરિંદ;
શ્રીવિજયતિલક પાટિં જયો શ્રીવિજયાણંદ મૂણિંદ. ૨

સાહ શ્રીવંત કુલિ દિનકરૂ સેણગારદે માત મલ્હાર;
પ્રાગવંશ દીપાવીઉ સકલ સૂરિ સિણગાર. ૩

ગામ નયર પુર પટ્ટણિં કીધા વિવિધ વિહાર;
ચોમાસું પશ્ચિમ કરઇ ષંભાયતિ ગણધાર. ૪

॥ ઢાલ ॥

રાગ રામગિરિ.

તપનો રાય સંવેગિઉ, એ દેસી.

સહુનઇ વાલ્હો સૂરીસરૂ શ્રીવિજયાણંદસૂરીરાય રે,
દરિસણિ પાતક જાય રે નામિં નવનિધિ થાય રે;
સુરનારી ગુણ ગાય રે સહુનઇ વાલ્હો સૂરીસરૂ. આંચલી. ૫

જે જે શ્રીપૂજ્યઇં તપ કર્યો કીધાં ધર્મનાં કામ રે;
આતમસાધન જે કર્યું તે સુણો મન કરી ઠામ રે. સ૦ ૬

આચારયપદ એક ભલું બુધ પદ (૮૧) એકાસી જાણ્ય રે;
દસ વાચકપદ થાપીઆં ચ્યાર કોડિ સજ્ઝાય વષાણ્ય રે. સ૦ ૭

તેર માસનો રે તપ કર્યો ઉલ્લી સિદ્ધચક્ર હોય રે;
વિસ થાનક રે આરાધિઆં ત્રણ્ય માસ ધ્યાન તપ જોય રે. સ૦ ૮

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

યાતરા સાત આબુતણી પાંચ સંષેસર કીધ રે;
તારિંગાની રે દોય ભલી અંતરીકપાસની પ્રસિધ રે. સ૦ ૯

સિદ્ધાચલ દોય યાતરા કરી ગિરિનારિની એક રે;
જિનબિંબ લાષ જુહારીઆં તિમ વલી તીર્થ અનેક રે. સ૦ ૧૦

શ્રીપુજ્યઇ અપ્રમત્તપણઇ સોધ્યાં ઉપાંગ નઇ અંગ રે;
તિમ વલી ગ્રંથ બીજા ઘણા સમતા રમણીસ્યું સંગ રે. સ૦ ૧૧

પ્રતિષ્ઠા નિજ કરિં દોય કરી નિજ રાજિં નવ હોય રે;
છઠ્ઠ અઠ્ઠમાદિક તપ ઘણા વિવિધ અભિગ્રહ જોય રે. સ૦ ૧૨

પુણ્યભંડાર ભરી કરી જાણી આયુ પ્રમાણ રે;
અણસણ કરઇ ગુરૂરાજીઉ મનિ ધરઇ અરિહંત ધ્યાન રે. સ૦ ૧૩

સંઘ વિવેકી ષંભાતિનો અણસણ જાણી ઉદાર રે;
શ્રીપુજ્યનઇ હીતદાયકો પૂણ્યષજીનો ભરઇ સાર રે. સ૦ ૧૪

---

પુણ્ય ષજીનો રે પુજ્યનો ભરીઓ સુકૃત અપાર રે,
ઉતરવા ભવપાર રે પામવા શિવપુરદ્વાર રે;
પરભવિ એહ આધાર રે. પુણ્ય. આંચલી. ૧૫

સાત સહેસ આંબિલ ભલાં એકવીસ સહેસ ઉપવાસ રે;
વલી દોય સહેસ એકાસણાં પાંચ કોડિ સજ્ઝાય પાસ રે. પુ૦ ૧૬

છઠ્ઠ નીવિ નઇ બિઆસણાં એકાધિક શત દોય રે;
અઠ્ઠમ એકસોનઇ એક વલી માસષમણ એક હોય રે. પુ૦ ૧૭

પાસષમણ એક માનિઉં અઠ્ઠઇ તિમ વલી એક રે;
ચ્યાર સહેસ સામાયક ઉપરિં સાત્રીસં આઠસઇં સુવિવેક રે. પુ૦ ૧૮

એકાવન અન્ય પક્ષના રૂપઇઆ સાતઈ ષેત રે;
અનેક વલી નિજ પક્ષના સંઘ દીઈ પુન્ય હેત રે. પુ૦ ૧૯

પુણ્ય ષજીનો રે સજ કરી કહઈ શ્રીપુજ્ય તામ રે;
વિજયરાજ સૂરીસરૂ કરયો શાસન કામ રે. પુ૦ ૨૦

ધોરી થઈનઇ રે ગછતણી ધુર ધરયો વડધીર રે;
ઇત્યાદિક સીષ દેઈ કરી ગ્રહઇ નોકરવાલી થઇ વીર રે, પુ૦ ૨૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શ્રીદશવૈકાલિક સાંભલઇ વલી સિદ્ધાંત અનેક રે;
સમતારસ પાથોનિધિં ઝીલઇ ધરીય વિવેક રે. પુ૦ ૨૨

કરિ નોકરવાલી રે તિહાં લગઇ જિહાં લગઇ અણસણ સીદ્ધ રે;
અણસણ ત્રિણિ દિન પાલીઉં પામ્યા સ્વર્ગની ઋદ્ધિ રે. પુ૦ ૨૩

સંવત સતર એકાદસંઇ આસાઢ વદિ ભોમવાર રે;
પડવે પ્રભાતિં રે પૂજ્યજી પોહતા સ્વર્ગ મઝારિ રે. પુ૦ ૨૪

દૂહા.

જે હોય ભવિતવ્યતા ટાલી ન સકઇ કોય;
ઇંદ્રઇ વીરનઇ વીનવ્યું સાંધી ન સક્યા સોય. ૨૫

તિલ પલ પણિ વાધઇ નહી કરઇ ઉપાય અનેક;
ઇમ જાણી નિર્વાણનો, ઓચ્છવ રચઇ સુવિવેક. ૨૬

॥ ઢાલ ॥

રાગ મેવાડો.

તે સસનેહી રે મુગધા ગોરડી

અથવા

મયગલ માતો રે વનમાંહિં વસઇ એ દેસી.

ગુણવંત ગછપતિ કિમહી ન વીસરઇ જસ ગુણનો નહી પાર;
જગનઇ વાહલો જગગુરૂ શોભતો પામ્યો સુર અવતાર. ગુરૂ. ૨૭
આંચલી.

સુઢિ કેસર ઘનસારઇ ભેલી વિલેપન કીધું રે સાર;
નવ પુજણું સંઘ તિહાં કરઇ મહેમુંદી દોઢ હજાર. ગુ૦ ૨૮

સતર ખંડી રે માંડવી તિહાં રચી સમોસરણિ આકારિ;
કરઇ કથીપો રે વસ્તુ વિવિધ વલી ધજના અનેક પ્રકાર. ગુ૦ ૨૯

ઇંદ્રધ્વજ સમ મોટી ધજ સોહઇ રજત સોનાની રે ચ્યાર;
ચ્યાલીસ નઇ એક ઊપરિ શત વલી પોઢઇ તિહાં ગણધાર. ગુ૦ ૩૦

ઢોલ દમામાં રે ભેરી ઝલ્લરિ વાજઇ વાજિત્ર કોડિ;
રૂપઇઆ મહિમુદી ઉછાલતા તિહાં મલિ મનુષ્યની કોડિ. ગુ૦ ૩૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઇણિપરિ ઉચ્છવ સંઘ સહુ મિલી કરતા આવઇ રે સાર;
સુંદર શુભ પરિ ઉત્તમ ભૂમિકા કરઇ તનુનો સંસ્કાર. ગુ૦ ૩૨
સોનઈઆ રૂપઈઇ મુખ ભર્યું પૂજણું કરઇ નવ અંગિ;
તેરમણ સૂકડિ શ્રીષંડ સારષી સવાસેર કેસર સંગિ. ગુ૦ ૩૩
અગરતણો ખંડ એક સેર સાતનો આપ્યો પરિષ જયદાસ;
સર્વ મેલીનઇં રે બઇ મણ જાણીઇ કૃષ્ણાગરની સુવાસ. ગુ૦ ૩૪
કસ્તુરી પાસેર સવા તિહાં અંબર તેતલઇ માનિ;
ચુઓ સેર સાત કૃષ્ણાગરતણો સવાસેર કપૂર સમાનિ. ગુ૦ ૩૫
ઇત્યાદિક વિધિં ગુરૂતનુ સંસ્કર્યું પ્રેમલ પોહોચ્ય ન માય;
તેહ સુવાસના સુરલોકિં ગઈ આવ્યા સુર તેણઇ ઠાય. ગુ૦ ૩૬
વૃષ્ટિ કરઇ મેઘમાલી સુર તિહાં ચહઇ સીતલનઇં રે કાજિ;
સંઘઇં સીચી રે દૂધ ધારા કરી પુજય કરઇ સુરરાજ. ગુ૦ ૩૭
શ્રીપૂજ્યપાટિં રે વિજયિ જણાઇ શ્રી વિજયરાજસૂરિંદ;
'ભાણ' કહઇ ગુરૂ પ્રતિપો તિહાં લગઇ જિહાં ભૂ ગગન દિણંદ. ગુ૦ ૩૮

## ॥ ઢાલ ॥

રાગ ધન્યાસી.

જયો જયો સૂરિ શિરોમણી શ્રીવિજયાણંદ સૂરિંદ રે;
કામિતપૂરણ સુરતરૂ ભવિજન કમલ દિણંદ રે. જયો. ૩૯
ધન ધન સંઘ ખંભાતિનો કીધું ઉત્તમ કામ રે;
બહુ વિધ ધન જેણઇં વાવરી રાખ્યું ત્રિભુવન નામ રે. જ૦ ૪૦
શ્રીવિજયાણંદસૂરિ પટધરૂ શ્રીવિજયરાજ મુણિંદ રે;
શ્રીવિજયપક્ષ મંગલ કરૂ સેવઇ ભવિજન વૃંદ રે. જ૦ ૪૧
સંવત શશિ સસિ મુનિસસિ ભાદ્રવા વદિ ભૌમવાર રે;
તેરસઇં રાસ રચ્યો ભલો બારેજય જયકાર રે. જ૦ ૪૨
એહ રાસ નિત જે ભણઇ તસ ઘરિ મંગલમાલ રે;
સાંભલતાં સુખ સંપદા આપઇ ઋદ્ધિ વિશાલ રે. જ૦ ૪૩
વાચક શિર ચૂડામણી શ્રીમેઘવિજય ઉવઝાય રે;
શ્રીલબ્ધિવિજય બુધ રાજીઉં સીસ 'ભાણવિજય' ગુણ ગાય રે. જ૦ ૪૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પાશ્ચાત્ય વિદ્વાનોએ લખી મોકલેલા હિન્દી, ગુજરાતી અને અંગ્રેજી ભાષાના ૧૯ નિબંધો પણ આ પુસ્તકમાં આપવામાં આવ્યા છે. ' બૉમ્બે ક્રોનીકલ ', ' સરસ્વતી ' અને એવાં બીજાં ઘણાં પત્રોથી પ્રશંસા પામેલ આ પુસ્તકની કિંમત માત્ર ૧ રૂપિયોજ છે.

## ૪. અભિધાનચિંતામણિ કોશ. ( સટીક )

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યના નામથી કોણ અજાણ્યું છે ? તેમનો જ બનાવેલો ' **અભિધાનચિંતામણિ** ' નામનો કોશ ટીકા સહિત બહાર પાડવામાં આવ્યો છે. હજુ સુધી સંસ્કૃત સાહિત્યમાં ટીકા સહિત જૈનાચાર્યકૃત કોઇ પણ કોશ બહાર પાડેલો હોય, તો તે આ એકજ છે. કોપિયો થોડીજ છપાવવામાં આવી છે. માટે જલદી મંગાવી લ્યો, કિંમત માત્ર ૪ રૂપિયા છે. આ કોશનો બીજો ભાગ પણ હવે થોડાજ વખતમાં બહાર પડશે, કે જેમાં કોશની અનુક્રમણિકા અને શેષનામમાલાની અનુક્રમણિકા વિગેરે આપવામાં આવશે.

## ૫. દેવકુલપાટક.

ઉદેપુરથી ૧૭ માઇલ દૂર આવેલ દેલવાડા, કે જે એક વખતે મ્હોટું નગર હતું, અને જ્યાં ત્રણસો ઘંટોનો નાદ થતો હતો, તે ગામનું ઐતિહાસિક વૃત્તાન્ત, ત્યાંથી મળેલા શિલાલેખો અને પ્રાચીન પુસ્તકોના આધારે આ પુસ્તકમાં આલેખવામાં આવ્યું છે. કિં. ૦-૪-૦

ઉપરનાં દરેક પુસ્તકોનું પોસ્ટ ખર્ચ અલગ સમજવું. આ સિવાય, અમારે ત્યાંથી મળતાં તમામ પુસ્તકોનું મ્હોટું લિસ્ટ મંગાવી જોવાની પણ ખાસ ભલામણ છે.

લખો—

**શ્રીયશોવિજય જૈન ગ્રન્થમાળા.**

હેરીસ રોડ—**ભાવનગર.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org